


18 વર્ષીય બંદુકધારીએ 18 બાળકો સહિત 21ની હત્યા કરી

PAGE NO. 18

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FOR BUYING, SELLING & LEASING
Investment In Real Estate Can Make Your Future Better...
FOR SELLERS
Free Home Staging Consultation
Professional Photography & Virtual Tour
Attractive Advertising
Social Media Marketing
Customized Feature Sheet
Weekly Open House
Assist in Mortgage & Legal Services
FOR BUYERS
Team of Strong Mortgage Brokers
Team of Lawyers
Professional Home Inspectors
Step by Step Guidance Through out Buying Process
AMIT SHAH Sales Representative Dir: 647-995-5640 amit4gtahomes@gmail.com
KOMAL SHAH Sales Representative Dir: 647-624-5640 komal4gtahomes@gmail.com
Homekey236@gmail.com
Web: www.amitshah.ca

FRIDAY, 27 MAY, 2022 Vol. 19, No. 21 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# ઈમરાનની આઝાદી માર્ચ દરમિયાન વ્યાપક હિંસા

## પ્રદર્શનકારીઓએ પોલીસ વેન ફૂંકી મારી, પોલીસે ટીયર ગેસના સેલ છોડ્યા, એક પોલીસ અધિકારી ઘાયલ

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનમાં સત્તા પરિવર્તન થયા બાદ હાલત સુધરવાની જગ્યાએ બદથી બદતર થઈ રહ્યા છે. ગુરુવારે પૂર્વ પીએમ ઈમરાન ખાન પોતાના સમર્થકો સાથે ચૂંટણી કરાવવાની માંગણીને લઈ ઈસ્લામાબાદ આવ્યા હતા. પૂર્વ પીએમની આ આઝાદી માર્ચને રોકવા માટે પાકિસ્તાનની સરકારે આકાશ પાતાળ એક કરી નાખ્યા હતા. જોકે તેમ છતાં ઈમરાન અને તેના સમર્થકો રેલી યોજવા પર અડગ રહેતાં મોટેપાયે હિંસા થઈ હતી.



પીટીઆઈની માર્ચ રોકવાની કોશિશ થયા બાદ ઈમરાન ખાને પણ પ્રણ લઈ લીધા હતા  કે જ્યાં સુધી ચૂંટણીની છેલ્લી તારીખ જાહેર નહીં કરાય ત્યાં સુધી તેઓ સમર્થકો સાથે ડી-ચોક ખાલી કરશે નહીં. રિપોર્ટ મુજબ પૂર્વ પીએમ ઈમરાન ખાને આ ટિપ્પણી હસન અબ્દાલમાં કરી. આ જગ્યા રાજધાની ઈસ્લામાબાદથી ૫૦ કિમી જેટલું દૂર છે. તેમણે સાથે સાથે એમ પણ કહ્યું કે તેમનો કાફલો જ્યારે આખરી પડાવ પર પહોંચશે ત્યારે પોલીસ તેમના જે મિશનને જેહાદ કહે છે તે પણ તેઓ સમજી લેશે. આ દરમિયાન પ્રદર્શનકારીઓ અને સુરક્ષાકર્મીઓ વચ્ચે ઘર્ષણના પણ અહેવાલ છે. પૂર્વ પીએમ ઈમરાન ખાનના સમર્થકોએ એક મેટ્રો સ્ટેશનમાં આગચંપી હોવાના પણ અહેવાલ છે. પીટીઆઈ પાર્ટીના નેતા ફવાદ ચૌધરીનું કહેવું છે કે ઈમરાન ખાન સેન્ટેરિયલ બ્રિજ પર પોતાના સમર્થકોને સંબોધન કરશે. બુધવારે ઈમરાનનો કાફલો સ્વાબી વેલીથી શરૂ થયો હતો. જે શ્રીનગર હાઈવે પર થઈને ડી-ચોક પહોંચશે. જોકે ડી ચોક પર ઈમરાનના સમર્થકોએ પહેલાથી જ અડિગો જમાવતાં ત્યાંથી તેમને હટાવવા માટે પોલીસ દ્વારા સતત ટીયર ગેસના સેલ છોડવામાં આવ્યા હતા.

બીજી તરફ ઈમરાન ખાનની પાર્ટી પીટીઆઈના કરાચી ચેપ્ટરે નુમાઈશ વિસ્તારમાં વિરોધ પ્રદર્શન સાથે ધરણા કર્યા હતા. અહીં બુધવારે સાંજે હિંસક પરિસ્થિતિ સર્જાઈ હતી. પ્રદર્શનકારીઓએ એક પોલીસ વેન ફૂંકી પથ્થરમારો પણ કર્યો હતો. જેમાં એક પોલીસ અધિકારી ઘાયલ થયા હતા. બીજી તરફ ઈસ્લામાબાદ પોલીસે રેડ ઝોનમાં ઘૂસવા મામલે પીટીઆઈ કાર્યકરોને ચેતવણી પણ આપી હતી. પોલીસે ટ્વીટ કરીને કહ્યું છે કે રેડ ઝોનમાં પ્રવેશ સહન નહીં કરાય.

જો કે ઈસ્લામાબાદ પોલીસ આઈજી ડો.અકબર નાસિર ખાને નિવેદનમાં કહ્યું છે કે પ્રદર્શનકારીઓ વિરુદ્ધ કારણ વગર કાર્યવાહી નહીં થાય. આ સાથે તેમણે એ પણ કહ્યું કે પોલીસ હથિયારો વગર છે. પરંતુ અનેક દેખાવકારો હથિયારો સાથે છે. આથી કિંમતી જીવ ન જાય તે માટે થઈને તેઓ શાંત રહે.

# યૂક્રેન યુદ્ધને કારણે વૈશ્વિક મંદી સર્જાવાનો ખતરો : વર્લ્ડ બેન્ક

## વર્લ્ડ બેન્કે ભારત માટે એપ્રિલમાં ગ્રોથનો અંદાજ 8.7 ટકાથી ઘટાડીને 8 ટકા કર્યો

**લંડન**

રશિયાએ યૂક્રેન પર આક્રમણ કરીને છેડેલા યુદ્ધને કારણે વૈશ્વિક મંદી સર્જાવાનો ખતરો ઊભો થયો છે તેવી ચેતવણી વર્લ્ડ બેન્કના પ્રેસિડેન્ટ ડેવિડ માલ્પાસ દ્વારા ઉચ્ચારવામાં આવી છે. વર્લ્ડ બેન્કે 2022 માટે ગ્લોબલ ગ્રોથનો અંદાજ 4.1 ટકાથી ઘટાડીને 3.2 ટકા કર્યો છે. ભારત માટે વર્લ્ડ બેન્કે એપ્રિલમાં ગ્રોથનો અંદાજ 8.7 ટકાથી ઘટાડીને 8 ટકા કર્યો છે. ફુગાવામાં વધારો અને સપ્લાય ચેનમાં અવરોધોને કારણે ભારતનો ગ્રોથ ઘટશે.



અનાજની અછત નિવારવા વર્લ્ડ બેન્કે 30 અબજ ડૉલરની સહાય જાહેર કરી છે. યૂક્રેન યુદ્ધને કારણે આખા વિશ્વમાં ફૂડ, એનર્જી તેમજ ખાતરના ભાવ આસમાને પહોંચ્યા છે જેની સૌથી ખરાબ અસર વિકાસશીલ દેશોને થઈ છે. યુરોપ અને અમેરિકાનો ગ્રોથ ધીમો પડશે. ચીનનો ગ્રોથ પણ ઘેરી મંદી વચ્ચે સપડાશે. વર્લ્ડ બેન્કના વડાએ કહ્યું કે વિશ્વ સ્તરે મંદી કેવી રીતે નિવારવી તે મહત્ત્વનું છે. ગ્લોબલ GDPને મંદીમાં ઘેરાતી રોકવા અત્યારથી જ પગલાં લેવા પડશે. એનર્જી એટલે કે ક્રૂડ ઓઈલના ભાવ બમણા થઈ ગયા છે જે મંદીને ઊભી કરવા માટે પૂરતા છે. જો કે મંદી ક્યારે શરૂ થશે તે તેમણે કહ્યું ન હતું. કોરોનાને લગતા પ્રતિબંધો પણ મંદીને નોતરી શકે છે.



ટેરર ફંડિંગ કેસ: યાસીન મલિકને આજીવન કેદની સજા

PAGE NO. 14

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Need mortgage financing? Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

ABOWATH REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

CIBC
Mortgage advice that comes to you
For expert advice contact me today
Dhiresh Shah
Mobile Mortgage Advisor
Tel : 647-248-0246
dhiresh.shah@cibc.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

S&S LAWYERS LLP
Real Estate
Litigation
Wills and Estates
Affidavit and Power of Attorney
Notarization
Family Law
Corporation / Commercial Transactions
Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# પ્રતિબંધો હળવા થતાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓમાં વધારો

## ટેસ્ટ કે વેકસીનેશનના પુરાવા ફરજિયાત ન હોવાથી યાત્રા સરળ બની, માર્ચમાં 1,48,900 આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ કેનેડા આવ્યા

**ઓન્ટેરિયો**

સ્ટેટેસ્ટીકસ કેનેડાએ મંગળવારે કરેલી જાહેરાત મુજબ કોવિડ-૧૯ને કારણે લગાડાયેલા પ્રતિબંધો હળવા થયા હોવાથી કેનેડામાં આવનારા આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. માર્ચ ૨૦૨૨માં ૧,૪૮,૯૦૦ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ કેનેડા આવ્યા હતા. આ પ્રમાણ માર્ચ ૨૦૨૧ની સરખામણીમાં વધુ છે. જયારે માર્ચ ૨૦૧૯ની સરખામણીમાં તેનું પ્રમાણ ૪૩ ટકા ઓછું હતું.

માર્ચ ૨૦૨૨માં અમેરીકન રહેવાસીઓએ ૪૬૫૨૦૦ ટ્રીપ થઈ હતી. જે માર્ચ ૨૦૨૧ની સરખામણીમાં પાંચ ગણા વધુ હતી. જો કે, માર્ચ ૨૦૧૯ની ૧.૫ મિલિયન ટ્રીપની સરખામણીમાં ૩૧.૯ ટકા ઓછી હતી. માર્ચ ૨૦૨૨માં કેનેડા આવનારા અમેરીકનો પૈકી ૩૧૦૩૦૦ ટ્રીપ પોતાના વાહનથી હતી અને જેના ૪૨ ટકા ટ્રીપ એ જ દિવસે પાછા ફરવાની હતી.

કેનેડા આવનારા યુરોપિયન પ્રવાસીઓની સંખ્યામાં વધારો થઈને માર્ચ ૨૦૨૨માં તે આંકડો ૬૮૮૦૦ સુધી પહોંચ્યો છે, જે ૨૦૨૧ના માર્ચના ૫૬૦૦ની સરખામણીમાં ઘણો વધુ હતો.

જયારે એશિયાથી આવનારા પ્રવાસીઓમાં પણ વધારો જોવા મળ્યો છે. જે માર્ચ ૨૦૧૯ના ૧૨,૧૦૦ આંકથી વધીને માર્ચ ૨૦૨૨માં ૩૩૭૦૦ જેટલો થયો છે.


ફેડરલ સરકારે ફેબ્રુઆરીમાં કોવિડ-૧૯ના પ્રતિબંધો હળવા કરીને ફુલ વેકસીનેટેડ પ્રવાસીઓ માટેની છૂટછાટ જાહેર કરી હોવાથી અને પ્રવાસ શરૂ થવા પહેલા તથા આગમન બાદ ટેસ્ટ કરાવી કવોરન્ટાઈનમાંથી મુકિતની જાહેરાત કરી હોવાથી આ પ્રમાણ વધ્યું હોવાનું માનવામાં આવે છે.

એપ્રિલમાં કેનેડા-અમેરીકા સરહદ પરના પ્રવાસ પ્રતિબંધો હળવા કરાયા હોવાથી સરહદ પાર કરીને આવનારા વિદેશી પ્રવાસીઓમાં વધારો થયો છે. વળી કોવિડ ટેસ્ટના કે વેકસીનેશન પુરાવાઓ ફરજિયાત ન હોવાથી પણ આ પ્રમાણ વધ્યું છે. કેનેડાથી પરત ફરવાની ટ્રીપમાં પણ વધારો આ સમયગાળામાં જોવા મળ્યો છે. જે ગયા વર્ષના આ જ સમયગાળાની સરખામણીમાં વધુ હતો.

# ટોરન્ટોમાં પહેલાં શંકાસ્પદ મન્કીપોક્ષા કેસની પૃષ્ટિ, જનતાને નહિવત જોખમ

**ઓન્ટેરિયો**

ટોરન્ટોના આરોગ્ય ખાતાના અધિકારીઓ શહેરના પહેલા શંકાસ્પદ મન્કીપોક્ષા કેસની તપાસ કરી રહ્યા છે. આ કેસ ચાલીસ વર્ષીય પુરુષનો છે. જે મોન્ટ્રીયલ પ્રવાસ દરમિયાન એવા કોઈના સંપર્કમાં આવ્યો હતો. જો કે હવે એ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને ઝડપથી સાજો થઈ રહ્યો છે એમ ટોરન્ટો પબ્લિક હેલ્થ વિભાગે જણાવ્યું હતું. શનિવારે જાહેર કરાયેલી યાદીમાં જણાવાયું હતું કે, આરોગ્ય એજન્સીના મતે આ કેસથી જાહેર આરોગ્યને કોઈ ખાસ ખતરો નથી. આમ તો એનો ચેપ માત્ર શારીરિક નજદીકી અને



મન્કીપોક્ષાના પ્રવાહીથી જ વધુ લાગતો હોય છે. જેમાં ડ્રોપલેટસની ભુમિકા મહત્વની હોય છે એમ આરોગ્ય વિભાગે જણાવ્યું હતું. આરોગ્ય વિભાગે લોકોને સલાહ આપી હતી કે, જો કોઈએ ૧૪મી મેના રોજ એકિસસ કલબ કે વુડીઝ બારની મુલાકાત લીધી હોય તેમનામાં આ રોગના લક્ષણો હોવાની શકયતા છે.

# TDSB હવે પ્રવેશ નીતિને બદલવાની ફિરાકમાં

**ઓન્ટેરિયો**

ટોરોન્ટો ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડે બુધવારે વિશિષ્ટ ઉચ્ચ શાળાઓ અને કાર્યક્રમો માટે તેની પ્રવેશ નીતિમાં ફેરફાર કરવા માટે મતદાન કર્યું હતું, જેથી તે તમામ વિદ્યાર્થીઓ માટે વધુ સુલભ બને.

આ નિર્ણય પહેલા કેટલાંક વિદ્યાર્થીઓ અને વાલીઓએ આ પગલાનો વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, કળા, ગણિત, વિજ્ઞાન, ટેક્નોલોજી અને એથ્લેટિક્સ જેવા ચોક્કસ વિષયો ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા કાર્યક્રમોની ગુણવત્તાને નવી એડમિશન પોલિસી નબળી બનાવશે.

પરંતુ કોલિન રસેલરોલિન્સ, TDSBના શિક્ષણ નિર્દેશકે જણાવ્યું હતું કે, બોર્ડે સમાનતા અને શ્રેષ્ઠતા બંને માટે પ્રયત્ન કરવાની જરૂર છે અને નીતિનો ઉદ્દેશ તમામ વિદ્યાર્થીઓને ઉચિત તક પ્રદાન કરવાનો છે.

વોટિંગ દરમિયાન એને 17માંથી 3 મત મળ્યા હતા. રસેલ-રોલિન્સે મીટિંગમાં કહ્યું કે, "આપણે યાદ રાખવું જોઈએ કે, જાહેર શિક્ષણ દરેક માટે છે. વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવામાં આડે આવતા અવરોધોને દૂર કરવાની અને તેમના સપનાઓને પૂરા કરવાની માટે અમારી સંપૂર્ણ ક્ષમતાને સાકાર કરવા માટેના માર્ગો ખોલી આપવાની અમારી જવાબદારી છે."

અગાઉ, ટીડીએસબીના જણાવ્યા મુજબ, પ્રવેશની કોઈ સુસંગત પ્રક્રિયા ન હતી. કેટલીક વિશિષ્ટ શાળાઓ અને કાર્યક્રમો માટે વિદ્યાર્થીઓએ પ્રવેશ પરીક્ષાઓ આપવી પડતી હતી. ઓડિશનમાં ભાગ લેવો પડતો હતો અને સમીક્ષા માટે રિપોર્ટ કાર્ડનાં માર્ક્સ સબમિટ કરવા પડતા હતા.

અન્ય લોકો માટે, તેઓએ ફક્ત રસ દર્શાવવો પડ્યો છે. નવી પ્રવેશ પ્રક્રિયા ફક્ત પસંદ કરેલા ક્ષેત્રમાં વિદ્યાર્થીએ પ્રદર્શિત કરેલા રસ ઉપર જ આધારિત હશે.

રસેલ-રોલિન્સે જણાવ્યું હતું કે, નવી નીતિ અમલમાં આવ્યા પછી બોર્ડ વિશિષ્ટ શાળાઓ અને કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓની સફળતા પર ઝીણવટભરી નજર રાખશે. વિશિષ્ટ શાળાઓમાં જગ્યા કરતાં માંગ વધી જાય, તો TDSB એ કહ્યું કે તેઓ અરજદારોને રેન્ડમલી પસંદ કરશે.






# વિઝા મુદ્દે કોર્ટે દરમિયાનગીરી કરવા ઈનકાર કરતાં 500 ભારતીય વિદ્યાર્થીનું ભવિષ્ય અદ્ધર

## ક્યૂબેકમાં એડમિશન પ્રક્રિયામાં ઠગાઈ થતાં ફી પેટે ભરાયેલા કરોડો રૂપિયા ફસાયા

**ક્યુબેક**

કેનેડાની ક્યુબેકની સુપિરિયર કોર્ટે ફેડરલ અને પ્રાદેશિક ઈમિગ્રેશન બાબતના અધિકારીઓએ અભ્યાસ માટે મંજૂરી માટે અગાઉ કરવામાં આવેલા ઈનકાર અંગે પુનર્વિચાર કરવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં 500 ભારતીય વિદ્યાર્થીઓના ભવિષ્ય પર સંકટ સર્જાયું છે.

કેનેડાના મીડિયામાં પ્રસિદ્ધ અહેવાલ મુજબ કેનેડાની શૈક્ષણિક સંસ્થામાં 500 ભારતીય વિદ્યાર્થીની શૈક્ષણિક કારકિર્દી સંકટમાં આવી ગઈ છે. સાથે જ તેમની કરોડો રૂપિયાની ફી પણ કેનેડામાં ફસાઈ ગઈ છે. આ તમામ ભારતીય વિદ્યાર્થી ખાનગી કોલેજોમાં રજીસ્ટર્ડ છે ત્યારે ક્યુબેકમાં એડમિશનને લગતું જે ફ્રોડ થયું છે તેની તપાસ કરવામાં આવી રહી છે. વિદેશી વિદ્યાર્થીઓએ કેનેડામાં આવતા પહેલા તેમની પ્રથમ વર્ષની ટ્યુશન ફીની આગોતરી-ચુકવણી કરવી જરૂરી હતી અને કોલેજોને ક્રેડિટર પ્રોટેક્શનની માગણી કર્યાં બાદ આશરે 15,000 ડોલરની દરેક વિદ્યાર્થી દ્વારા ચુકવણી કરવામાં આવી હતી. રાઈઝિંગ ફોનિક્સ ઈન્ટરનેશનલની વડપણ હેઠળ માસ્ટાનાટુઓની માલિકીની ત્રણ સંસ્થાએ જાન્યુઆરીમાં ક્રેડિટર પ્રોટેક્શન માટે અરજી કરી હતી. આ સંજોગોમાં મોન્ટ્રીયલમાં એમ કોલેજ, શેરબ્રુકમાં CDE કોલેજ અને લોંગ્યુઈલની CCSQ કોલેજે RSIની પુનઃરચના (રિસ્ટ્રક્ચરિંગ)માટેના તેમના દરવાજા બંધ થઈ ગયા છે અને હવે કોર્ટે પણ આ મુદ્દે હાથ અધ્ધર કરી દીધા છે. આ સંજોગોમાં અંદાજે 500 વિદ્યાર્થી અત્યારે ભારતમાં રહે છે અને દરેક વિદ્યાર્થીએ એક વર્ષની 15,000 ડોલર લેખે તેમની ટ્યુશન ફી ચૂકવી દીધી છે અને તેમ છતા કેનેડામાં અભ્યાસ કરવા માટે વિઝા નકારવામાં આવ્યા છે. શરૂઆતમાં 2,000 કરતાં વધારે વિદ્યાર્થીઓને અસર થઈ હતી, પરંતુ મોટાભાગના વિદ્યાર્થીઓને ઈમિગ્રેશન રેફ્યુજી અને સિટીઝનશિપ કેનેડા દ્વારા તેમની રેસિડન્સી પરમિટમાં એક્સટેન્શન આપવામાં આવ્યું હતું. અલબત 500 વિદ્યાર્થીઓના આશરે 7,50,000 કેનેડીયન ડોલર એટલે કે રૂપિયા 45 કરોડ રૂપિયા ફસાઈ ગયા છે.

# ઈએફ-૨ ટોર્નેડો ઓન્ટેરિયોમાં ત્રાટકેલા વંટોળનો ભાગ : એન્વાર્યમેન્ટ કેનેડા

### અકસબ્રિજ ખાતે આવેલા વંટોળને કારણે કેનેડામાં મોટાપાયે નુકસાન થયું હતુ

**ઓન્ટેરિયો**

એન્વાર્યમેન્ટ કેનેડાએ એ વાતને સમર્થન આપ્યું છે કે, શનિવારે અકસબ્રિજ ઉપર ત્રાટકેલા વાવાઝોડાનો એક ભાગ ઈએફ -૨ ટોર્નેડો હતો. જેને કારણે ઓન્ટેરિયોના અનેક ઘરોને નુકસાન પહોંચ્યું હતું અને હજારો લોકોએ વીજળી વિના રહેવું પડયું હતું. વેસ્ટર્ન યુનિવર્સિટીના નોર્ધન ટોર્નેડોસ પ્રોજેક્ટે ૨૧મી મેના રોજ એક ટવીટમાં જણાવ્યું હતું કે, અકસબ્રિજ ખાતે આવેલા વંટોળ જેણે કેનેડામાં ભારે નુકસાની વેરી હતી એ ટોર્નેડો ઈએફ-૨નો જ ભાગ હતો.

મંગળવારે સાંજે એન્વાયરમેન્ટ કેનેડાએ એક પોસ્ટ મુકીને જણાવ્યું હતું કે, ગૃપનો ડેટા સત્તાવાર સમર્થન આપે છે કે, ઈએફ-૨ ટોર્નેડો જ સૌથી મોટા નુકસાનનું કારણ હતું. જે સૌથી લાંબો સમય ચાલેલો વંટોળ હતો. જેમાં ભારે પવન સાથે વરસાદ પણ પડયો હતો. આ વંટોળ સાર્નિયા નજીક શનિવારની સવારે સર્જાયો હતો જે કેનેડાના ઓન્ટેરિયોમાં બપોર બાદ દક્ષિણ તરફથી ઉત્તર તરફ આગળ વધ્યું હતું. દક્ષિણ ઓન્ટેરિયોમાં તેજ પવન સાથે વરસાદ શરૂ થયો અને ભારે નુકસાન થયું હતું. એન્વાયરમેન્ટ કેનેડાએ કહ્યું હતું કે, પ્રાથમિક વિશ્લેષણ બાદ એવું જાણવા મળ્યું છે કે ઓન્ટેરિયોના અકસબ્રિજ ખાતે થયેલા નુકસાન પાછળ ટોર્નેડો ઈએફ -૨ જ કારણરૂપ હતું એમ યુનિવર્સિટીના ટોર્નેડોસ પ્રોજેકટના અહેવાલમાં જાણવા મળ્યું છે. એજન્સીએ જણાવ્યું હતું કે, શનિવારે બપોરે ૧.૧૫ કલાકે અકસબ્રિજથી વંટોળની શરૂઆત થઈ હતી. જેની ઝડપ ૧૯૫ કિ.મી. પ્રતિ કલાક હતી.

# ટોરોન્ટો બીચ ખાતે હિંસક બનાવો બાદ ૧૦ સગીર સહિત ૧૯ની ધરપકડ

### હિંસક ઘટનામાં સાત પોલીસ અધિકારીઓને ઇજા થઇ હતી

**ટોરોન્ટો**

પોલીસે જણાવ્યું હતું કે, રવિવારે સાંજે ટોરોન્ટોના વુડબાઈન બીચ ખાતે રવિવારે હિંસક બનાવમાં બે વ્યક્તિ ઉપર ગોળીબાર થયો હતો અને એક વ્યક્તિને છૂરો ભોંકવામાં આવ્યો હતો.

જ્યારે અન્ય બે જણને બંદુક બતાવી લૂંટવા માટે શેરીમાં ગોળીબાર કરી ધાંધલ મચાવવાના બનાવો બન્યા હતા. આ ઘટના બાદ ૧૯ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આ હિંસક ઘટનામાં સાત પોલીસ અધિકારીઓને ઈજા થઈ હતી. સોશિયલ મિડિયા ઉપર વાયરલ વીડિયોમાં લોકોનાં જુથો એકબીજા ઉપર રોમન કેન્ડલથી ફાયરિંગ કરી રહ્યા છે. સામસામા મારામારી કરી એકબીજાને ઘસડી રહ્યા છે. રવિવારે રાત્રે બનેલા હિંસક બનાવો દરમિયાન બીચ ઉપર હાજર એસીપી ૨૪ની નજર સામે જ લોકો કારમાંથી ધનાધન ગોળીઓ વરસાવી રહ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે શેરીમાં એટલી અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી કે તેઓ પ્રસારણ માટે વ્યવસ્થા કરી શક્યા ન હતા. પોલીસ ઈન્સ્પેક્ટર જેફ બાસિંગે કહ્યું હતું કે, આ બનાવમાં સાત અધિકારી ઘાયલ થયા છે અને એક અધિકારીનો પગ ભાંગ્યો છે. બે લોકો ફટાકડાથી ઘાયલ થયા હતા અને અન્ય અધિકારીના ચહેરા પર ફટાકડો ફોડવામાં આવ્યો હતો. જેને કારણે તેના કાન અને આંખોમાં ગંભીર ઈજા થઈ હતી. તેમણે કહ્યું હતું કે, આ વર્તન અમાનવીય છે અને અમે આ તમામ ઘટનાઓની તપાસ કરવાનું ચાલુ રાખીશું. તમામ સાત અધિકારીઓને હવે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

# ઓન્ટેરિયોમાં ચૂંટણી: ડગ ફોર્ડનું પલડું ભારે રહેવાનું અનુમાન, લિબરલ પાર્ટી બીજાક્રમે

### પોલસ્ટારના અહેવાલ મુજબ 37.3 ટકા મતદારો ફોર્ડના પક્ષની તરફેણમાં

**ટોરોન્ટો**

આવનારી ઓન્ટેરિયોની ચૂંટણીને પગલે રાજકીય પાર્ટીઓનો પ્રચાર છેલ્લા તબક્કામાં પહોંચ્યો છે. ત્યારે ડગ ફોર્ડની પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવ પાર્ટી પોતાની સરસાઈ વધારી શકશે એવું અનુમાન ચૂંટણી પહેલાના સર્વેક્ષણોથી કરી શકાય છે. મીડિયા તરફથી ગયા અઠવાડિયે હાથ ધરાયેલા સર્વેક્ષણમાં જાણવા મળ્યું હતું કે, અત્યારના સંજોગોમાં ટોરી પાર્ટી પોતાની સ્થિતિ જાળવી શકશે. જયારે એનડીપી અને લિબરલ પાર્ટીઓ બીજા સ્થાને રહેશે.




પોલસ્ટારના અહેવાલ મુજબ ૩૭.૩ ટકા મતદારો ફોર્ડના પક્ષની તરફેણમાં છે. જે ગત અઠવાડિયાના ૩૬.૧ ટકાથી વધુ છે અને એક અઠવાડિયા પહેલાના ૩૫.૪ ટકાથી વધુ છે. જયારે લિબરલ્સની ટકાવારી બીજા ક્રમે ૨૮ ટકા જેટલી રહેવાનું અનુમાન છે. પરંતુ એમને માટે એન્ડ્રીયા હોવાર્થ અને એનડીપી પડકાર બની શકે છે. જેઓ ગયા અઠવાડિયે વધારાના ત્રણ પોઈન્ટ મેળવીને ૨૩.૨ ટકા સુધી પહોંચ્યા હતા.

ગ્રીન પાર્ટી ચોથા સ્થાને ૬.૩ ટકા સાથે જોવા મળે છે. જયારે ન્યુ બ્લુ પાર્ટી ૩ ટકા અને ઓન્ટેરિયો પાર્ટી ૧.૭ ટકા સાથે પાંચમા સ્થાને છે. એ જોતા મુખ્ય સ્પર્ધા જીટીએમાં ફોર્ડ અને ટોરીઝ વચ્ચે ચાર પોઈન્ટની જ સરસાઈ સાથે થવાની શકયતા છે. જો કે, ઓન્ટેરિયોની બાકીની પાર્ટીઓ પાસે કુલ ૧૫ પોઈન્ટની સરસાઈ લિબરલ્સ ઉપર જોવા મળી રહી છે. ફોર્ડની લોકપ્રિયતા આ પ્રચાર યુધ્ધ દરમિયાન વધી રહી હોવાનું જોવા મળે છે. જાહેરસભાઓમાં કેટલીક ટીપ્પણીઓ અને ટીકાઓને બાદ કરીએ તો બીજા નેતાઓની સરખામણીમાં એ વધારે લાગે છે. તાજેતરનો સરવે દર્શાવે છે કે ૩૩.૮ ટકા લોકોએ ફોર્ડની પાર્ટીની તરફેણ કરી છે. આવનારા પ્રમુખ તરીકે પણ એમની પસંદગી વધુ લોકો કરી રહ્યા છે.

# ઓન્ટેરિયો પંથકમાં વાવાઝોડાથી ઘરોને થયેલી નુકસાનીનું વળતર ચુકવવામાં વિલંબના સંકેત

## નુકસાની અંગે કયાસ કાઢવામાં વીમા કંપનીને 6 અઠવાડિયા નીકળી જશે

**ઓન્ટેરિયો**

વીમા ઉદ્યોગ કહે છે કે, ઓન્ટેરિયો અને ક્યૂબેકમાં મૃત્યુ અને વિનાશ લાવનાર સપ્તાહાંતે આવેલાં તોફાનથી કેટલા કરોડ ડોલરની ચૂકવણીની જરૂર પડશે, તેનો ખ્યાલ મેળવવા માટે છ અઠવાડિયા જેટલો સમય લાગી શકે છે. પરંતુ તે પ્રારંભિક અંદાજ હોઈ શકે છે. કેનેડાના વીમા બ્યુરો (IBC) સાથે ગ્રાહક અને ઉદ્યોગ સંબંધોના ડિરેક્ટર એન મેરી થોમસે આ અંગે બુધવારે જણાવ્યું હતું કે, “અમારી પાસે હજી સુધી નુકસાનનો અંદાજ નથી. પરંતુ માત્ર છેલ્લા કલાકમાં તેને વીમાના પરિપ્રેક્ષ્યમાં આપત્તિ જાહેર કરવામાં આવી છે.



ભારે પવનોને કારણે વૃક્ષો અને પાવર લાઈનો ધરાશાયી કરનારાં આ તોફાનને કારણે ગ્રાહકો તરફથી મોટા મોટા ક્લેઈમ થશે. વીમા કંપનીઓ કહે છે કે તેઓ શક્ય તેટલી ઝડપથી પ્રક્રિયા કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. પરંતુ ન દેખાય તેવા નુકસાન માટેના નાના દાવાઓ પણ અપેક્ષિત છે. જે કેટલાક મકાન માલિકો આવનારા સમયમાં કંપની સમક્ષ કરશે. ઓટ્ટાવામાં અલ રોડ્સે કહ્યું કે, તેનાં ઘરની છત ઉપર ઝાડ તૂટી પડ્યા હતા અને તે તાજેતરમાં જ તેની વીમા કંપનીમાં ગયો હતો. તેણે કહ્યું કે, “મને ખબર નથી કે બધું ક્યારે થશે. હું એડજસ્ટર, ક્રેન અને રિસ્ટોરેશન કંપનીની રાહ જોઈ રહ્યો છું.” આઈબીસીએ જણાવ્યું હતું કે વાવાઝોડાથી પ્રભાવિત લોકો માટે શું મહત્વનું છે તે જાણવું જરૂરી છે. તેઓ વાવાઝોડાથી થયેલાં નુકસાનને ક્લેઈમમાં આવરી લેવા માટે પ્રયાસ કરી રહ્યાં છે. થોમસે કહ્યું હતું કે, “વિન્ડ ડેમેજને સામાન્ય હોમ ઈન્સ્યોરન્સ પોલિસી હેઠળ આવરી લેવામાં આવે છે. અમે જાણીએ છીએ કે તે એક તોફાન હતું. જે ડાઉન અકસબ્રિજમાં આવ્યું હતું અને તે પવનનાં જોખમમાં આવરી લેવામાં આવશે.” વીમા ઉદ્યોગ માને છે કે, ક્લેઈમમાં બધું મિક્સ હશે. ઘરો અને મિલકતને મોટા નુકસાનથી લઈને બગડેલા ખોરાક, ગુમ થયેલી ઘરવખરી અથવા ક્ષતિગ્રસ્ત ફર્નિચર સુધી બધા માટે લોકો ક્લેઈમ કરશે.

# અર્થતંત્ર સુધારવા કેનેડા એક્સપ્રેસ એન્ટ્રીની પ્રક્રિયામાં ફેરફાર કરાશે

### વેપાર ધંધા અને ઉધોગોમાં કામદારોની તંગીની સમસ્યા પણ ઉકેલાઇ જશે

**ટોરોન્ટો**

કેનેડાની સરકારે પોતાની એકસપ્રેસ એન્ટ્રીની પ્રક્રિયામાં ફેરફારો કરવાની યોજના બનાવી છે. નવા ફેરફારોને કારણે ઈમિગ્રેશન મિનીસ્ટરને કેનેડાના અથતંત્રને મદદરૂપ થઈ શકે એવા સંભવિત ઉમેદવારોને નિમંત્રિત કરવાની સુવિધા મળી શકશે. ઈમિગ્રેશન મંત્રાલયના પ્રવકતા એઈડન સ્ટ્રીકલેન્ડે જણાવ્યું હતું કે, કેનેડા એકસપ્રેસ એન્ટ્રી પ્રક્રિયામાં કેટલાક ફેરફારો કરવા માંગે છે. જેનાથી કેનેડાના અર્થતંત્રને મદદરૂપ બની શકે એવા ઉમેદવારોને બોલાવી શકાશે.

જે રીતે કેનેડામાં પ્રવેશ માટેની અરજીઓ વધી રહી છે એ જોતા ઈમિગ્રેશન વિભાગ માટે યોગ્ય ઉમેદવારો પસંદ કરવામાં મુશ્કેલી વધી રહી છે અને પ્રક્રિયા પણ લાંબી થઈ જાય છે. એટલે એકસપ્રેસ અન્ટ્રીની પ્રક્રિયામાં સુધારો કરવામાં આવશે. કેનેડામાં વિવિધ ક્ષેત્રોમાં કામદારોની તંગી છે. જો યોગ્ય ઉમેદવારોને એકસપ્રેસ એન્ટ્રીનો લાભ આપવામાં આવે તો કેનેડાના અર્થતંત્રના વિકાસમાં મદદરૂપ થનારા ઉમેદવારોને એનો લાભ આપી શકાશે. આ સુધારાઓ વિશે કેનેડાની સંસદમાં ૧૯મી મેના રોજ વિસ્તૃત ચર્ચા થઈ હતી. જેમાં ઈમિગ્રેશન, રેફયુજિસ એન્ડ સીટીઝનશીપ કેનેડાના ફીલીપ સોમોગ્યારીએ પ્રેઝન્ટેશન રજુ કર્યું હતુ અને એના અભ્યાસ માટે વિભાગની સ્ટેન્ડીંગ કમિટીએ એક ટીમની રચના પણ કરી હતી. તેમણે ભલામણ કરી હતી કે, જો ઈમિગ્રેશન મિનીસ્ટરને એવી સત્તા આપવામાં આવે કે, એકસપ્રેસ એન્ટ્રી માટેના ઉમેદવારોની પસંદગી સમયે એવા ઉમેદવારોને પ્રાથમિકતા આપવી, જે કામના પ્રકાર અને જરૂરીયાતને ધ્યાનમાં રાખીને ઉપયોગી બની શકે એવા લોકોની પસંદગી કરવી. જો એમ થશે તો એકસપ્રેસ એન્ટ્રીની જોગવાઈ મુજબ દેશના વિકાસ માટે અને આર્થિક વિકાસમાં ઉપયોગી વ્યકિતઓને તક આપી શકાશે.

તંત્રી સ્થાનેથી

# ભ્રષ્ટાચાર મુદ્દે બાંધછોડ નહીં, મંત્રી સિંગલાને CM માને હાંકી કાઢ્યા

પંજાબમાં આમ આદમી પાર્ટીના ભગવંત માન મુખ્યમંત્રી બન્યા ત્યારથી એક અલગ અંદાજમાં કામ કરી રહ્યા છે. પંજાબમાં કોઈ પણ પ્રકારની લાલિયાવાડી નહીં ચલાવાય અને સ્વચ્છ તેમજ પારદર્શી વહિવટ થશે તેવો સ્પષ્ટ સંકેત તેઓ આપી રહ્યા છે.


તંત્રી - પ્રકાશક
સ્વદેશ

દિલ્હીમાં મુખ્યમંત્રી તરીકે અરવિંદ કેજરીવાલે જે રીતે લોકપ્રિયતા મેળવી છે તે જ રસ્તે ભગવત માન પણ ચાલી રહ્યા છે. આપના સિદ્ધાંતોમાં સૌપ્રથમ ભ્રષ્ટાચાર નાબૂદીની વાત આવે છે. જેને કારણે આજે પણ તે ભાજપ જેવા મોટાગજાના રાષ્ટ્રીય પક્ષને ટકકર આપી રહ્યો છે. પંજાબમાં ભ્રષ્ટાચાર વિરોધી સેલની રચના બાદ મંગળવારે ભગવતમાને પોતાની સરકારના આરોગ્ય મંત્રી ડૉ. વિજય સિંગલાની કેબિનેટમાંથી હકાલપટ્ટી કરી દીધી. આ પગલા પાછળ ભગવંત માને પોતે કારણ આપ્યું કે, વિજય સિંગલા આરોગ્ય વિભાગમાં થતી કામગીરીમાં 1 ટકા કમિશન માગતા હતા.

સિંગલા પાસે આરોગ્ય ઉપરાંત મેડિકલ શિક્ષણ અને સંશોધનનું ખાતું પણ હતું. સિંગલાએ આ બંને ખાતાંની દરેક ખરીદીમાં કે ચુકવણીમાં એક ટકા કમિશન પોતાને આપવાની સૂચના આપીને પોતાનો ધંધો ચાલુ કરી દીધેલો. આ બાબતની ફરિયાદ ભગવંત માન સુધી પહોંચી હતી. માને પોતાની રીતે આ મામલે ગુપ્ત રીતે તપાસ કરાવી તો વાતમાં તથ્ય જણાયું. આ બધા પાસેથી પુરાવા ભેગા કરીને માને મંત્રી સિંગલાને બોલાવ્યા તેમાં પહેલા તો તેમણે આનાકાની કરી પણ પછી માને પુરાવા બતાવતાં સિંગલા ગેંગેંફેંફેં થઈ ગયા અને પોતાની ભૂલ સ્વીકારી લીધી. જો કે, માને તેને મંત્રીમંડળમાંથી હાંકી કાઢી દેશના રાજકીય પક્ષો અને પ્રજા સમક્ષ અનોખુ ઉદાહરણ આપ્યુ. જે પછી માને એ પછી વીડિયો મેસેજ મૂકીને એલાન પણ કર્યું કે, મારા ધ્યાન ઉપર એક કેસ આવ્યો છે કે જેમાં મારી જ સરકારના એક મંત્રી દરેક ટેન્ડર કે પોતાના વિભાગમાં થતાં ખરીદ-વેચાણમાં એક ટકા કમિશન માગી રહ્યા હતા. આ કેસ વિશે માત્ર હું જ જાણું છું. આ કેસ અંગે વિરોધ પક્ષો અને મીડિયાને કશી ખબર નથી. હું આ કેસને કેસ દબાવી શક્યો હોત પણ એવું કરવાથી લોકોનો વિશ્રવાસ તૂટી જશે, તેથી હું તે મંત્રી સામે કડક કાર્યવાહી કરી રહ્યો છું.

માને લીધેલા આ નિર્ણયથી આમ આદમી પાર્ટીના નેતા પણ ગેલમાં આવી ગયા છે. માન ઉપર આપના નેતાઓ દ્વારા પ્રસંશાનાં ફૂલોની વર્ષા થઈ રહી છે. હકીકતમાં પંજાબના સીએમ માને લીધેલું પગલું મોટું અને આશ્ચર્યજનક છે, તેનો ઈનકાર થાય તેમ નથી. કારણ કે, કોંગ્રેસ કે ભાજપના અનેક દિગ્ગજ નેતાઓ કે મંત્રીઓ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો થયા છે. ભાજપ ભલે સિદ્ધાંતોની વાતો કરે છે. પરંતુ અમલીકરણમાં તેનો દેખાવ સાવ કંગાળ છે. ભ્રષ્ટાચાર મામલે તો ભાજપની કરણી અને કથનીમાં મોટો ફરક છે તે બાબત જનતા સમક્ષ આવી ગઈ છે. એક તબક્કે કોંગ્રેસી નેતાઓ પર ભ્રષ્યાચારના આરોપો મુકી સમગ્ર દેશમાં હલ્લાબોલ કરતો ભાજપ આજે તેના જ નેતાઓના કારભાર સામે અનેકવખત ચુપ થઈ ગયો છે.

કર્ણાટકના યેદુરપ્પા અને પંચાયત રાજ મંત્રી કે. એસ. ઈશ્રવરપ્પા જેવા નેતા તેનું ઉત્તમ ઉદાહરણ છે. ભારતમાં અત્યાર સુધી કોઈ પણ મુખ્યમંત્રી પોતાના મંત્રીને રવાના કરવાની હિંમત બતાવી શક્યો નથી. મોટાભાગના કિસ્સામાં જેની સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ થયો હોય તેનો બેશરમ બનીને બચાવ કરાય છે, સરકાર જ નહીં પણ પક્ષ પણ બચાવમાં કૂદી પડે છે. માને તેનાથી બિલકુલ વિપરિત વલણ લઈને સિંગલાની માત્ર હકાલપટ્ટી જ નથી કરી પણ તેમને જેલભેગા પણ કર્યા છે. માને પોતાની સ્વચ્છ અને પ્રામણિક નેતા તરીકેની ઈમેજ ઊભી કરવા આ પગલું ભર્યું છે એ સ્પષ્ટ છે. ભારતમાં બીજા મુખ્યમંત્રીઓ પણ આ રસ્તે ચાલે તો દેશમાં સ્વચ્છ અને પારદર્શી વહિવટ વધે તેમાં બેમત નથી.

# સિબ્બલના કોંગ્રેસને રામ રામ અને G-23 જૂથનું ભાવિ અદ્ધર

કોંગ્રેસમાં સોનિયા-રાહુલ ગાંધી સામે નેતૃત્વ મુદ્દે છાશવારે બાંયો ચડાવનારા કપિલ સિબ્બલે બુધવારે કોંગ્રેસને અલવિદા કહી દીધી. આ સાથે જ કોંગ્રેસને એક જોરદાર ઝટકો લાગ્યો છે. હકીકતમાં સિબ્બલ રાજ્યસભામાંથી નિવૃત્ત થઈ રહ્યા છે. તેથી કૉંગ્રેસ તેમને ફરી રાજ્યસભામાં મોકલશે કે કેમ તે અંગે સવાલો ઉઠતા હતા. આવા સમયે સિબ્બલે સમાજવાદી પાર્ટીના સમર્થનથી બુધવારે રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવીને સોપો પાડી દીધો. સિબ્બલે એલાન પણ કર્યું કે, પોતે ૧૬ મેના રોજ કૉંગ્રેસમાંથી રાજીનામું આપી ચૂક્યા છે. સિબ્બલે સમાજવાદી પાર્ટીની પંગતમાં બેસીને સાબિત કર્યું કે, પોતે નહેરૂ-ગાંધી ખાનદાનની મહેરબાનીના મોહતાજ નથી. સિબ્બલે ભૂતકાળમાં જેઠમલાણી કરતા હતા એ ખેલની યાદ અપાવી દીધી છે. રામ જેઠમલાણી ૨૦૧૦માં ભાજપના નેતાઓને પટાવીને રાજ્યસભામાં પહોંચી ગયા હતા. પછી તેમની આદત પ્રમાણે ભાજપને બેફામ ગાળો ભાંડવાનું શરૂ કરતાં ભાજપ સાથે તેમને મનમેળ નહોતો રહ્યો. તેના કારણે જેઠમલાણીને ભાજપ ટિકિટ આપે તેમ ન હતુ. પરંતુ જેઠમલાણીએ એવું ચક્કર ચલાવ્યું કે, લાલુ પ્રસાદ યાદવ તેમના પર વારી ગયા અને જેઠમલાણીને બિહારમાંથી રાજ્યસભામાં મોકલવાનો તખ્તો તૈયાર કરી આપ્યો. કપિલ સિબ્બલે પણ એ જ ખેલ કર્યો છે. સિબ્બલ પણ સુપ્રીમ કોર્ટના મોટા વકીલ છે અને આઝમખાનને બહાર લાવવા બદલ અખિલેશ તેમના પર રીઝયા છે.વાસ્તવમાં ૨૦૨૦માં બિહાર વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો ધબડકો થયો તે પછી તેનું કારણ જાણવા એક તપાસ સમિતિ રચાઈ હતી. જો કે, આ વેળા કોંગ્રેસના ધબડકા માટે ગાંધીપરિવાર જ જવાબદાર હતો. આ તપાસ સમિતિનો હેવાલ હજુ સુધી જાહેર કરવામાં આવ્યો નથી. રાહુલ ગાંધી કોંગ્રેસના ઉપાધ્યક્ષ બન્યા તે પછી તેમણે યુવાન અને કાર્યક્ષમ નવી પેઢીના નેતાઓની ટીમ બનાવી હતી, રાહુલની નીતિ સામે કોંગ્રેસની અંદર રહીને તેનું નવસર્જન કરવા માંગતા કેટલાક જૂના જોગીઓએ ૨૦૨૦ના ઓગસ્ટમાં જી-૨૩ નામના પ્રેશર જૂથની રચના કરી હતી. તાજેતરમાં ઉદયપુરમાં ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું તેમાં જી-૨૩ના મોટાભાગના નેતાઓ ગેરહાજર રહ્યા હતા. કપિલ સિબ્બલે કોંગ્રેસનો ત્યાગ કર્યો હોવાથી હવે જી-૨૩ના જૂથમાં પણ કટોકટી પેદા થઈ ગઈ છે.

manoj1968@yahoo. ca






# ડ્રોનની મદદથી પ્રોપર્ટી કાર્ડ બનાવવા સ્વામિત્વ પાયલોટ પ્રોજેક્ટની શરૂઆત

## દિલ્હીથી આવેલી ડ્રોન ફ્લાઇટ ટીમ દ્વારા 18 ગામડામાં કામ સંપન્ન હવે તારીખ 25મી બાદ દરેક ગામે ગામમાં સર્વે હાથ ધરવામાં આવશે

**ગાંધીનગર**

કેન્દ્ર સરકારની સ્વામિત્વ યોજનાની પાયલોટ પ્રોજેક્ટ તરીકે ગાંધીનગરથી શરૂઆત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેના અંતર્ગત શહેરી વિસ્તારની જેમ ગ્રામ્ય વિસ્તારના મિલકતધારકોને પણ પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવશે. તેના માટે દરેક મિલકતનું ચુનાથી માકગ કર્યા બાદ દિલ્હીથી આવેલી ટીમ દ્વારા ડ્રોન ઉડાડીને સર્વે કરવામાં આવશે. જિલ્લામાં ગાંધીનગર તાલુકાના ૧૮ ગામમાં તેનું કામ પૂર્ણ કરી દેવાયું છે.

રાજ્યના પંચાયત અને મહેસૂલ વિભાગના સુત્રમાંથી જાણવા મળ્યા પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં મિલકતધારકોને પણ શહેર વિસ્તારની જેમ પ્રોપર્ટી કાર્ડ આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા સ્વામિત્વ નામથી યોજના અમલમાં મુકવામાં આવી છે. તેના અંતર્ગત દરેક ગામમાં રહેણાંકની મિલકતોના ક્ષેત્રફળનો સર્વે કરીને તેના પરથી પ્રોપર્ટ કાર્ડ તૈયાર કરવાના થાય છે. આ માટે ડ્રોન ફ્લાટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેના કારણે મિલકતના માપમાં ખુબ ચોક્સાઈ લાવી શકાય છે. ગુજરાત રાજ્યમાં ગાંધીનગર જિલ્લાથી પાયલોટ પ્રોજેક્ટ તરીકે આ કામની શરૂઆત કરાઈ છે. બાદમાં તમામ જિલ્લામાં જિલ્લા પંચાયતના સહયોગમાં આ કામગીરી કરાવાશે.

# પાણી મુદ્દે બનાસકાંઠાના 125 ગામનું આંદોલનઃ હજારો ધરતીપુત્રોની રેલી

**વડગામ**

બનાસકાંઠા જિલ્લાના વડગામમાં આવેલું કર્માવદ તળાવ ભરવાની માંગ સાથે ખેડૂતોએ જળ આંદોલન છેડ્યું છે. જળઆંદોલનને લઈને આજે વડગામ અને પાલનપુરના 125 જેટલા ગામોના હજારો ખેડૂતો એકઠા થઈ પાલનપુરમાં મહારેલી યોજી જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી તળાવમાં પાણી નાખવાની રજુઆત કરી છે. આ સાથે જ ચીમકી ઉચ્ચારી હતી કે જો પાણી નહિ નંખાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરશે. બનાસકાંઠાના વડગામ અને પાલનપુર પંથકમાં ભૂગર્ભ જળ ઉડા ગયા છે જેને લઈને ખેડૂતોને સિંચાઈ માટેનું પાણી ન મળતા ખેડૂતોની હાલત કાફોડી બની છે. જેને લઈને વડગામ અને પાલનપુરના ખેડૂતોએ અનેકવાર કરમાવત તળાવ ભરવાની માંગો કરી હતી, પરંતુ તેમની માંગ ન સ્વીકારતાં ખેડૂતોમાં આક્રોશ ભભૂકી ઉઠતાં વડગામ અને પાલનપુરના 125 ગામોના ખેડૂતોએ ગુરુવારે પાલનપુરના આદર્શ સંકુલમાં એકઠા થઈ સભા યોજી હતી. ત્યાર બાદ આદર્શ સંકુલ ખાતેથી કલેક્ટર કચેરી સુધી ખેડૂતોએ મહારેલી યોજી હતી. જેમાં 20 હજારથી વધુ ખેડૂતો, પશુપાલકો અને લોકો જોડાયા હતા. ખેડૂતો હાથમાં પાણી આપવા સહિતના વિવિધ બેનરો લઈને રેલી સ્વરૂપે કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને ત્યાં જઈને કલેક્ટરને કરમાવત તળાવ ભરવાની રજુઆત કરીને આવેદનપત્ર આપ્યું હતું. સાથે જ ચીમકી ઉચ્ચારી હતી કે જો ટૂંક સમયમાં તેમની માંગ નહિ સ્વીકારાય તો ઉગ્ર આંદોલન કરશે.

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week

Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન
Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ
Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax
CATERING SPECIAL
$14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA
રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.
Call us for details
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# ખેડામાં કરોડોના ડેટા એન્ટ્રી કૌભાંડના મુખ્ય સૂત્રધારની મિલકત જપ્ત કરાશે

## નડિયાદના ચકચારી કૌભાંડના સૂત્રધાર દંપતીની ધરપકડ, તપાસમાં વધુ રહસ્ય ખુલશે

**નડિયાદ**

ખેડા જિલ્લામાં ચકચાર મચાવનાર ડેટા એન્ટ્રી કૌભાંડના મુખ્ય સૂત્રધાર તથા તેની પત્નીની નડિયાદ રૂરલ પોલીસે બનાસકાંઠાથી અટકાયત કરી હતી. પોલીસે આ કૌભાંડી દંપતિની અટકાયત કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હોવાનું રૂરલ પી.આઇ. વી. પી. ચૌહાણે જણાવ્યું હતું. દરમિયાન આરોપી અને મુખ્ય સૂત્રધારની મિલકત-સંપત્તિ પણ ટાંચમાં લેવા પોલીસે એફઆરઆઈમાં કલમ ઉમેરી છે. જેથી કબજે લેવાયેલી મિલ્કતોનું વેચાણ કરીને રોકાણકારોના ફસાયેલા નાણાં પરત કરી શકાય.

નડિયાદ તાલુકાના યોગી નગર ખાતે રાહુલ નારણભાઈ વાઘેલા (ઉ.વ.૨૯) પોતાના પરિવાર સાથે રહે છે. રાહુલે માસ્ટર્સ ડિજિટલ ટેકનોલોજી પ્રા. લી નામની કંપની બનાવી હતી. જેમાં તેણે પત્ની ગૌરીબેનને ડિરેક્ટર બનાવી હતી. દરમિયાન રાહુલે આઈડી સ્કીમ બહાર પાડી હતી. જેમાં ગ્રાહક રૂ. ૩ હજારથી ૧ લાખ સુધીની થાપણ કંપની માં મૂકી ડેટા એન્ટ્રી પેટે આઈડી વેચતો હતો. ગ્રાહક જેટલી ડિપોઝિટ મૂકે તે પ્રમાણે તેને ડેટા એન્ટ્રીનું કામ મળતું હતું. આની જાણ વાતો વાતથી એકબીજાને થતા લોકોએ ઘરે બેઠા ડેટા એન્ટ્રી કરી નાણાં રળવાનું શરૂ કર્યું હતું. કંપનીના સંચાલક દ્વારા ગ્રાહકોને ડેટા એન્ટ્રી નિયત રકમ નિયમિત ચૂકવતો હતો જેથી લોકોનો ધસારો વધ્યો હતો. કોરોનો કાળમાં લોકોએ ઘરે બેઠા કામ કરવાને લઈને પોતાની થાપણો મૂકી આઇ ડી ખરીદી હતી.

# વડોદરામાં મંદિર, દરગાહ હટાવવા મુદ્દે હોબાળો કરતા 20ની ધરપકડ

**વડોદરા**

છેલ્લા કેટલાક દિવસોથી તંત્ર દ્વારા શહેરમાં રસ્તામાં આવતા ધાર્મિક સ્થાનો દૂર કરવાની કામગીરી ચાલી રહી છે. જેના પગલે ધાર્મિક સંગઠનો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. સોમવારે વહેલી સવારે રેલવે તંત્ર દ્વારા રેલવેની જગ્યા ઉપર સયાજગંજ, પરશુરામ ભઠ્ઠા પાસે નટરાજ ટાઉનશિપ સામે બનાવવામાં આવેલ માતાજીની ડેરી અને એક દરગાહ ઉપર જીસીબી ફેરવી દેવામાં આવતા ભારે વિવાદ સર્જાયો હતો. જોકે એકઠા થયેલા લોકો ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તે પહેલા પોલીસ તંત્ર દ્વારા 20 ઉપરાંત વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી હતી. બે મહિના અગાઉ રેલવે વિભાગ દ્વારા રેલવે લાઈનને અડીને પરશુરામ ભઠ્ઠા, નટરાજ ટાઉનશિપ પાસે રેલવેની જગ્યામાં વર્ષોથી બનેલા ગેરકાયદેસર કાચા-પાકા મકાનો દૂર કરી દેવામાં આવ્યા હતા. પરંતુ રેલવે તંત્ર દ્વારા આ જગ્યા ઉપર બનાવેલ ખોડિયાર માતાના મંદિરની ડેરી અને દરગાહ દૂર કરવામાં આવી ન હતી. અને સ્થાનિકોને નોટિસ દ્વારા દેરી અને દરગાહ દૂર કરી દેવા માટે જાણ કરવામાં આવી હતી. પરંતુ સ્થાનિક લોકો દ્વારા આસ્થાના મુદ્દાને આગળ ધરી મંદિર અને દરગાહ દૂર કરવામાં આવી ન હતી.

# વડોદરામાં કોરોનાના બી.એ. 5 વેરિઅન્ટનો પ્રથમ કેસ નોંધાયો

**વડોદરા**

કોરોનાના સબ વેરિઅન્ટ એબી ફાઈવનો પ્રથમ કિસ્સો વડોદરામાં નોંધાયો છે. સાઉથ આફ્રિકાથી આવેલા ૨૯ વર્ષના યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જોકે, યુવકના સંપર્કમાં આવેલા અન્ય કોઈ વ્યક્તિઓ સંક્રમિત થયા નથી. અને આ યુવક પરત સાઉથ આફ્રિકા પણ જતો રહ્યો છે.

ગત તા.૧ લી મે ના રોજ સાઉથ આફ્રિકામાં રહેતો મૂળ વડોદરાનો ૨૯ વર્ષનો યુવક માતા પિતાને મળવા માટે વડોદરા આવ્યો હતો. સયાજીગંજ વિસ્તારમાં રહેતા યુવકને આવ્યા પછી શરદી અને ખાંસી જણાતા તેણે કોરોનાનો ટેસ્ટ કરાવ્યો હતો. કોરોનાના શંકાસ્પદ લક્ષણો હોઈ તેના સેમ્પલ જિનોમ સિક્વન્સિંગ માટે મોકલી અપાયા હતા. ત્યારબાદ તા.૯ મી મે ના રોજ તેનો કોરોનાનો રિપોર્ટ નેગેટિવ આવતા તે પરત સાઉથ આફ્રિકા જતો રહ્યો હતો. જિનોમ સિક્વન્સિંગ માટે મોકલવામાં આવેલા સેમ્પલનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.યુવક કોરોનાના ઓમિક્રોનના બી. એ. ફાઈવ વેરિઅન્ટથી સંક્રમિત હોવાનું જણાયું હતું. તેના સેમ્પલ વધુ ચકાસણી માટે હૈદ્રાબાદ મોકલી આપવામાં આવ્યા છે.

# UKની કોલેજમાં પ્રવેશના નામે વિદ્યાર્થીઓને ઠગનાર વડોદરાના સાગર પટેલની ધરપકડ

**વડોદરા**

ગોરવા ગેંડા સર્કલ પાસે આવેલા એટલાન્ટિસ બિલ્ડિંગમાં સિક્યોર ફ્યૂચર કન્સલ્ટન્ટના નામે ફૂલેકું ફેરવી 10થી વધુ વિદ્યાર્થીઓના રૂ.પોણો કરોડ જેટલી રકમ પડાવી લેવાના કિસ્સામાં ગોરવા પોલીસે સંચાલક સાગર પટેલની અટકાયત કરી છે.જ્યારે તેની પત્ની ઝીલની શોધખોળ જારી છે. વિદેશ જવા માંગતા વિદ્યાર્થીને આંજી નાંખવા માટે સાગર પટેલે ભાડેથી લીધેલી ઓફિસમાં વૈભવી ઠાઠ ઉભો કર્યો હતો. વિદેશ જવા માંગતા વિદ્યાર્થીઓને વિઝા અને કોલેજ તેમજ યુનિવર્સિટીમાં એડમિશન અપાવવાના નામે સાગર પટેલ અને તેની પત્ની ઝીલે બે વર્ષ પહેલાં જ સિક્યોર ફ્યુચર કન્સલ્ટન્ટ નામની ઓફિસ શરૂ કરી હતી. ઓફિસ માટે માસિક રૂ.૪૫ હજાર ભાડું નક્કી કરાયું હતું.જ્યારે, ઓફિસમાં ફર્નિચર, એસી જેવી સવલતો ઉપરાંત ટીવી સ્ક્રીન પર વિદેશની યુનિ.ના દ્રશ્યો ચાલુ રહેતા હતા. યુવતીઓને પણ અંગ્રેજીમાં વાતચીત કરવાની સૂચના હતી.

વિઝા કન્સલ્ટન્સીના નામે ઉઠમણું કરવાના બનાવમાં ગોરવા પોલીસે ગુનો નોંધવાની તજવીજ કરતાં હાલોલના ભાજપના મહિલા કાઉન્સિલર દીકરીનું ઉપરાણું લઈ આવી પહોંચ્યા હતા. વિઝાના નામે થયેલી ઠગાઈના કિસ્સામાં જેની સામે ગુનો નોંધાયો છે તે સાગર પટેલના સાસુ દિપ્તી બેન હાલોલમાં નગર સેવિકા છે. વિદેશ મોકલવાના નામે છેતરપિંડી કરવાના બનાવમાં ફસાયેલા એક વિદ્યાર્થીની આંખમાં આંસુ આવી ગયા હતા.આ વિદ્યાર્થીએ તેના ઘરવાળાને જાણ ના થાય તેની ખાસ તકેદારી રાખવા માટે પોલીસને ભલામણ કરી હતી.



# દમણગંગા-પાર-તાપી-નર્મદા રિવર લિંક પ્રોજેક્ટ રદ

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સત્તાવાર રીતે જાહેરાત કરી : કેન્દ્રીય બજેટમાં જાહેરાત બાદ આદિવાસી સમાજ દ્વારા વિરોધ પ્રદર્શન થયું

**સુરત**

દમણગંગા-પાર-તાપી-નર્મદ રિવર લિંક પ્રોજેકટ સામે દક્ષિણ ગુજરાતમાંથી ખાસ કરીને આદિવાસી સમાજ દ્વારા પ્રચંડ વિરોધ ઉઠયો હતો. આ અંગે રેલી, ધરણાં અને દેખાવો પણ કરાયા હતા. ચૂંટણી ટાણે આદિવાસી સમાજમાં રોષની લાગણીને પગલે આ યોજના ગુજરાત સરકારે રદ કરી છે.

સુરતમાં સર્કિટ હાઉસ ખાતે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આ યોજના આદિવાસી ભાઇ બહેનો માટે લાભદાયી હતી. પરંતુ કેટલાક લોકોએ ગેરસમજ ફેલાવી હતી. જેના કારણે આ યોજના પ્રત્યે નારાજગી જોવા મળી હતી. આ કેન્દ્ર સરકારે યોજના અમલમાં મુકયા બાદ રાજય સરકારની મંજુરી પછી જ આગળ વધતી હોય છે. આ યોજનામાં ગુજરાત સરકાર દ્વારા કોઈ પણ પ્રકારની મંજુરી આપવામાં આવી નથી.

ગુજરાત સરકારે એવો નિર્ણય કર્યો છે કે સદરહુ યોજના કોઇ પણ સંજોગોમાં આગળ નહીં વધારવામાં આવશે. આ ઉપરાંત કેન્દ્રીય મંત્રીઓ તેમજ રાજયના મંત્રી, આગેવાનોની બેઠકમાં પણ આ યોજના રદ કરવા માટે સર્વ સમિતિ સધાઇ છે. આથી આદિવાસી ભાઈ બહેનોની લાગણીને માન આપીને આ યોજના રદ કરવાનો નિર્ણય લેવાયો છે. તેમણે કહ્યું કે, યોજના જ રદ કરી દેવાઇ હોવાથી શ્વેતપત્ર જારી કરવાનો પ્રશ્ન રહેતો નથી. મુખ્યમંત્રીએ તેમને સંબોધતા જણાવ્યું હતું કે, નદી આસપાસ રહેતી આદિજાતિ અસરગ્રસ્ત થશે એવી આદિવાસી સમાજની રજુઆત અને લાગણીને કેન્દ્ર સરકાર સુધી પહોંચાડી આ યોજના રદ કરવામાં સફળતા મેળવી છે. આદિવાસી બાંધવાનું વિશાળ હિત રાજય સરકાર માટે સર્વોપરિ છે.

## સરકાર શ્વેત પત્ર બહાર ન પાડે ત્યાં સુધી રિવર લિંક પ્રોજેક્ટ સામે આંદોલન કરાશે

**સુરત**

ગુજરાતના મુખ્યમંત્રીએ રિવર લિંક પ્રોજેક્ટને રદ થયાની જાહેરાત પછી કોંગ્રેસના આદિવાસી નેતાઓએ પત્રકાર પરિષદ યોજીને જ્યાં સુધી સરકાર આ અંગે શ્વેત પત્ર જાહેર ન કરે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે તેવી ચીમકી ઉચ્ચારી છે. આ યોજના કોંગ્રેસમાં સમય માં બની હતી પરંતુ તે યોગ્ય ન લાગતાં તેને બજેટમાં સમાવેશ કરાયો નહોતો. ભાજપ સરકારે ચૂંટણી આવતા આદિવાસીઓને લોલીપોપ આપવાની કામગીરી કરી છે તેથી તેનો વિરોધ કરવામાં આવશે. આટલું જ નહીં આગામી દિવસોમાં આદિવાસીઓ દ્વારા આ માટે આંદોલન અને રેલી પણ કરવામાં આવશે. સુરતમાં કોંગ્રેસના આદિવાસી નેતાઓ ભેગા થયા હતા અને સરકારની આ જાહેરાતને જુઠી ગણાવી હતી.

## સુરતમાં જીવતા શ્વાનને પ્લાસ્ટિકની ગુણમાં બાંધીને કચરાપેટીમાં ફેંકી દેવાયું

**સુરત**

સુરતમાં ન્યૂ બોમ્બે માર્કેટ પાસે મહાનગરપાલિકાની કચરાપેટીમાં જીવીત શ્વાનને પ્લાસ્ટીકની ગુણમાં બાંધી ફેંકી દેવાની ઘટના સામે આવી છે. જો કે રાહદારીઓને જાણ થતાં તેઓ કચરાપેટીમાં ઉતર્યા હતા અને શ્વાનને બચાવી લીધું હતું. કોઈક અજાણ્યા ઈસમ બાઈક ઉપર આવીને ન્યુ બોમ્બે માર્કેટ માર્કેટની નજીકના કચરાપેટીમાં શંકાસ્પદ ગુણ ફેંકી ગયા હતા. જેથી રાહદારીઓ એકત્રિત થઈ ગયા હતા. રાહદારીને આશંકા થતાં તેઓ પોતે કચરાપેટીમાં ઉતર્યા હતા અને તેમાં જીવિત શ્વાનને બાંધીને કચરાપેટીમાં ફેંકી દેવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું. જેથી શ્વાનને બહાર કાઢ્યા બાદ રાહદારીઓએ એનિમલ ડોક્ટરને બોલાવીને શ્વાનને સારવાર અપાવી હતી.

## સરથાણમાં નિવૃત્ત જમીન દલાલની બંદુકમાંથી ગોળી મારી આત્મહત્યા

### પૌત્ર કેનેડા જતો રહેતા બાલુભાઈ વધુ એકલતા અનુભવતા હતા

**સુરત**

રાજુલાના સાજણાવાવ ગામના વતની બાલુભાઈ સોડવડીયા પરિવાર સાથે સરથાણા જકાતનાકા પાસેની સનસ્ટાર સીટી સોસાયટીમાં રહેતા હતા. તેઓ અગાઉ જમીન દલાલીનો વ્યવસાય કરતા હતા. જોકે હાલ નિવૃત્ત જીવન જીવી રહ્યા હતા. દરમિયાન બુધવારે રાત્રીના સાડા દસેક વાગ્યાના અરસામાં તેમણે પોતાના ઘરે તેમની લાયસન્સવાળી રિવોલ્વરમાંથી છાતીના ભાગે ગોળી મારી આપઘાત કરી લીધો હતો.

સરથાણાના ઈન્ચાર્જ પીઆઇ ચૌધરીએ જણાવ્યું હતું કે, મૃતક બાલુભાઇ લાંબા સમયથી બિમાર હોય ડિપ્રેશનમાં હતા. દરમિયાન બુધવારે રાત્રે તેમણે અંતિમ પગલું ભરી લીધું હતું. પોલીસને તેમણે લખેલી સ્યુસાઈટ નોટ પણ મળી આવી છે.

બાલુભાઈના પુત્ર ચેતનભાઈએ જણાવ્યું હતું કે, પિતાની અણધારી વિદાયથી પરિવારજનો ઘેરા શોકમાં ડૂબી ગયા છે. ત્રણેક વર્ષ અગાઉ મારી માતાના મૃત્યુ બાદ પિતા એકલા પડી ગયા હતા. દરમિયાન પ્રોસ્ટેજની બીમારી થતા ડિપ્રેશન અનુભવતા હતા. ત્યારબાદ ૧લી મેના રોજ મારો પુત્ર વાસુ અભ્યાસ માટે કેનેડા જતા તેઓ વધુ એકલા પડી ગયા હતા.

## નર્મદા પર ડબલ ડેકર ગુડ્ઝ ટ્રેન માટે દેશનો સૌથી લાંબો બ્રિજ તૈયાર

**અંકલેશ્વર**

અંકલેશ્વરના સરફુદીન ગામ નજીક નર્મદા નદી ઉપર એક બાદ એક દેશના સૌથી લાંબા બ્રિજોનું નિર્માણ સાકાર થઈ રહ્યું છે. અગાઉ કેબલ સ્ટેઈડ બ્રિજ બાદ હવે 1400 મીટર લાંબો દેશનો સૌથી લાંબો ડબલ ડેકર ગુડ્ઝ ટ્રેનનો બ્રિજ પૂર્ણ થવા જઈ રહ્યો છે. અંગ્રેજોના સમયથી નર્મદા નદી ઉપર પૂર્વ-પશ્ચિમ ભારતને જોડતો 142 વર્ષ જૂનો ગોલ્ડન બ્રિજ હતો. થોડા સમય પહેલા જ એક્સપ્રેસ વે માટે નર્મદા નદી ઉપર તાજેતરમાં જ દેશનો પ્રથમ 8 લેન કેબલ બ્રિજનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું હતું. નર્મદા નદી ઉપર દેશનો સૌથી લાંબો ડબલ ડેકર ગુડ્ઝ ટ્રેનના બ્રિજનો 29મો ગડર સફળતાપૂર્વક ગોઠવી દેવાયો છે. કુલ 1396.35 મીટર લાંબા આ સ્ટીલ બ્રિજની એક લાઈનની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.


SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
CANADA IMMIGRATION
iccrc crcic

SPOUSAL SPONSORSHIP SPECIALIST (98 percent success ratio)

Last minute student admission
Please contact us on
416-745-2466 or 91-9428973911

- Conestoga
- Seneca
- Humber
- Lambton
- Fanshawe
- Georgian
- Algoma
- Canadore
- Algoma
- Saskatchewan polytechnic
- Mohawk

ONLINE IELTS SPOKEN ENGLISH CLASSES ON ZOOM

- LMIA/WORK PERMIT • EXPRESS ENTRY
- CANADIAN EXPERIENCE CLASS
- SUPER VISA & VISITOR VISA
- STUDY & WORK PERMIT
- Work / Study /Visitor Permit Extension
- PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
- REFUGEES/APPEALS / DETENTION REVIEWS / CRIMINAL PARDONS
- POST GRADUATION WORK PERMIT
- CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS

CANADA: 94- 499 Main Street South, Shoppers World Mall, Brampton, Ont. Ph : 416-745-2466, 905-230-7855
VADODARA: 101-102 Siddharth Complex, Beside Express Hotel, Alkapuri, Vadodara 390007. Ph : 91-94289 73911, 91-95121 57817
AHMEDABAD: 139 Iscon Emporio, Beside Star Bazaar Satellite Ahmedabad 380015. Ph : 91-94289 73911, 91-98256 79911

: Specialized in :
Job Offer & LMIA
Entrepreneur
Investor Business
Self Employed
Farm Investor

Email.: info@siis.ca / Website.: www.siis.ca

# સુરેન્દ્રનગરમાં ઘર કંકાસને કારણે માતાએ 9 માસની દીકરીને મોતને ઘાટ ઉતારી પોતે પણ ફાંસો ખાધો

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના થાન તાલુકાના નવાગામમાં હૃદય કંપાવી દે એવો કિસ્સો બન્યો છે. ઘર કંકાસથી કંટાળેલી માતાએ નવ મહિનાની માસુમ પુત્રીની હત્યા કરી હતી પોતે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.

ભાવુબેન વિઠ્ઠલભાઈ ડાભી નવાગામના બંધપરા વિસ્તારમાં પતિ, સાસુ-સસરા તથા નવ મહિનાની દીકરી નિહારીકા સાથે રહેતા હતા. ભાવુબેન સાસુ-સસરાથી અલગ રહી પોતાના પતિ અને દીકરી સાથે અલગ ઘરમાં રહેવા માંગતા હતા. આ મામલે ઘણા સમયથી ભાવુબેનનો પતિ અને સાસુ-સસરા સાથે ઝઘડા થતા રહેતા.

પતિએ અલગ રહેવા જવાની ના પડતા ભાવુબેને પોતાની નવ મહિનાની પુત્રીની પોતાના ઘરમાં જ સૂતરની દોરી સાથે લટકાવી હત્યા કરી નાખી હતી. આ મામલાની જાણકારી પરિવારજનોને થતાં પરિવારજનો બાળકીને આંચકી લઈ





તુરંત હોસ્પિટલમાં લઈ ગયાં હતાં, જ્યાં ડોક્ટરની ટીમે આ બાળકીને મૃત જાહેર કરી હતી. બીજી તરફ ઘરમાં એકલી માતાએ એ જ રૂમમાં ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. આ ઘટનાની જાણ થતા સુરેન્દ્રનગર જિલ્લા પોલીસવડા પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા. જિલ્લા પોલીસવડાએ પરિવારજનોની મુલાકાત લઈને આ મામલે સાંત્વના પાઠવી હતી. પોલીસ તંત્રએ આ મામલે પોલીસે ૩૦૨ની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. માતા અને પુત્રીના શવને પોસ્ટમોર્ટમ માટે થાનગઢ સરકારી હોસ્પિટલે લઈ જવામાં આવ્યા છે.

# રાજકોટના આજી ડેમ પોલીસ મથકમાં મહિલાએ ફાંસો ખાઈ આપઘાત કર્યો

**રાજકોટ**

રાજકોટના આજી ડેમ પોલીસ મથકના લેડીઝ વોશરૂમમાં આજે સવારે બે સંતાનના માતા નયનાબેન પ્રફુલભાઈ કુકડીયાએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા આજી ડેમના પોલીસ સ્ટાફ ઉપરાંત ઉચ્ચ પોલીસ અધિકારીઓમાં દોડધામ મચી ગઈ હતી. નયનાબેનને જેની સાથે સંબંધ હતો તેની ઉપર હિચકારો હુમલો થતા આજી ડેમ પોલીસ આ મહિલાને પુછપરછ માટે લઈ આવી હતી. આખી રાત પોલીસ સ્ટેશનમાં સુઈ ગયા બાદ સવારે ઉઠી આત્મઘાતી પગલું ભરી લીધું હતું. કસ્ટોડીયલ ડેથની આ ઘટના અંગે નિયમ મુજબ હવે મેજીસ્ટેરીયલ ઈન્કવાયરી થશે. પોલીસે જાહેર કર્યા પ્રમાણે ત્રંબા ગામમાં રહેતા મુકેશ માધવજીભાઈ અઘારા (ઉ.વ.૪૩) ઉપર ગઈકાલે ત્રંબા ગામની સીમમાં હિચકારો હુમલો થયો હતો.

# હળવદમાં દિવાલ પડવાની ઘટનામાં માલિકો સહિત 8 સામે ગુનો દાખલ

**હળવદ**

હળવદમાં દીવાલ ધસી પડતા કારખાનામાં કામ કરતા 12 શ્રમિકોના કરૂણ મોત થયા હતા. આ બનાવ મામલે કારખાનાના માલિક, સંચાલક અને સુપરવાઈઝર સહિતના આઠ વિરૂદ્ધ તેમજ તપાસમાં ખુલે તે ઈસમો સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ ચલાવી છે.

રાપર તાલુકાના વતની અને હાલ હળવદ જીઆઈડીસીના રહેવાસી રાજેશભાઈ ઉર્ફે લખું રમેશભાઈ કોળીએ આઠ આરોપીઓ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે જેમાં આરોપીઓ માલિક અફઝલ અલારખા ધોણીયા, માલિક રાજેશકુમાર મહેન્દ્રકુમાર જૈન (રહે જયપુર રાજસ્થાન), માલિક કિશનરામ લાલારામ ચૌધરી (રહે જયપુર રાજસ્થાન) તેમજ સંચાલક દેવો ઉર્ફે વારીસ અલારખા ધોણીયા (રહે હળવદ), સંચાલક આત્મારામ કિશનરામ ચૌધરી (રહે હળવદ મૂળ રાજસ્થાન), સુપરવાઈઝર સંજય ચુનીલાલ ખત્રી (રહે હળવદ), સુપરવાઈઝર મનોજ રેવાભાઈ સનુરા (રહે હળવદ) અને સુપરવાઈઝર આસિફ નુરાભાઈ (રહે હળવદ) એમ આઠ આરોપી તેમજ તપાસમાં ખુલે તે આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

આ ફરિયાદમાં તેણે નોંધાવ્યું છે કે આરોપીઓ જાણતા હોવા છતાં કારખાનામાં જુનો શેડ બનાવેલ હોય જેના ભોય તળિયા પર સીધી જ સિમેન્ટ બેલાની દીવાલ ચણેલ અને કોઈ બીમ, કોલમ કે પાયા વગરની દીવાલ ઉભી કરી હતી. દીવાલની ઉંચાઈ અને લંબાઈ વધુ હોવાથી દીવાલ નબળી હોવાનું જાણવા છતાં દિવાલના લગોલગ મીઠું ભરેલ પ્લાસ્ટિક બોરીઓ ઉપરા ઉપરી દીવાલની ઉંચાઈ કરતા વધુ ઉંચાઈ સુધી ગોઠવી હતી. જે જગ્યાએ વધુ પ્રમાણમાં બીજી મીઠાની બોરીઓ નાખવાનું કામ ચાલુ રાખ્યું હતું. જેથી બોરીઓનો એક બીજાને ધક્કા લાગવાથી દીવાલ પર દબાણ આવવાને કારણે દીવાલ પડતા અકસ્માતમાં ૧ પુખ્ત વયના શ્રમિકો અને તેની સાથેનું એક બાળક તેમજ તરૂણ શ્રમિક બેના મોત થયા હતા.

# કચ્છના અખાતમાં 'ડ્રોન'નો ઉપયોગ દુર્લભ દરિયાઈ ગાય જીવંત દેખાઈ

## ભારતમાં 200 ડુગોંગ હોવાની શકયતા, ગુજરાતના દરિયાકાંઠે ખૂબ દેખાય છે

**ભુજ**

ડુગોંગ એક માત્ર શાકાહારી દરિયાઈ સસ્તન પ્રાણી છે જે દરિયાઈ ઘાસ પર સંપૂર્ણપણે નિર્ભર છે. અતિશય માછીમારીના દબાણ અને અન્ય દરિયા કાંઠા વિકાસલક્ષી પ્રવૃતિઓના પરિણામે ભારતમાં દરિયાઈ ઘાસના રહેઠાણોનું અધઃપતન થઈ રહ્યુ છે અને છેવટે ડુગોંગની વસ્તી ઘટી રહી છે. ડુગોંગ અનુસુચિ યાદી વાઈલ્ડલાઈફ પ્રોટેકશન એક્ટ, ૧૯૭૨ હેઠળ સુરક્ષિત છે. દરિયાઈ વસવાટો, ખાસ કરીને દરિયાઈ ઘાસની જીવસૃષ્ટિ જાળવવામાં ડુગોંગ મૂળભુત ઈકોલોજીકલ ભુમિકા ભજવે છે. ૨૦૧૬થી વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા ભારતમાં CAMPA અને MOEFCC સંકલિત સહભાગી અભિગમ



દ્વારા આ દુર્લભ દરિયાઈ ગાય પ્રજાતિઓ અને તેના રહેઠાણને બચાવવા માટે ભારતીય દરિયાકાંઠે ત્રણ સૂથળોએ અંદામાન અને નિકોબાર ટાપુઓ, તામિલનાડુએને ગુજરાતમાં કામગીરી કરે છે. ભારતમાં ૨૦૦ જીવીત ડુગોંગ હોવાની શકયતા છે. ગુજરાતની દરિયાકાંઠે ડુગોંગની વસ્તી ખુબ ઓછી છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી 28મી મેએ રાજકોટના આટકોટમાં સભા સંબોધશે

રાજકોટ : આગામી તા. 28ના શનિવારે સવારે ૯ વાગ્યે રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના આટકોટમાં મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના ઉદ્ઘાટન માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવશે જેમના સ્વાગતની તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે. વડાપ્રધાન આટકોટ પાસે ઉભા કરાયેલા વિશાળ ડોમમાં સભાને સંબોધશે અને સૌરાષ્ટ્રમાં ભાજપને જીતાડવા ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરશે. વડાપ્રધાનની સલામતિને લઈને કલેક્ટર અને પોલીસ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરાઈ છે અને બેઠકનો ધમધમાટ શરુ થયો છે. આજે એસ.પી.જી.ના 43 જવાનો આવી પહોંચ્યા હતા અને જિલ્લા કલેક્ટર અરુણ મહેશ બાબુ સાથે બેઠક યોજી હતી.

# પ્રાકૃતિક ખેતીથી જળ, જમીન અને પર્યાવરણની રક્ષા : આચાર્ય દેવવ્રત

રાજકોટ : રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ રૈયારોડ પર પ્રાકૃતિક ખેતી બાબતે પરિસંવાદ યોજાયો હતો. જેમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે ખેતી અને ખેડૂતોની સમૃદ્ધિ માટે પ્રાકૃતિક ખેતી આવશ્યક છે, તેનાથી જળ,જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે. તેમણે ખેડૂતોને રાસાયણિક ખાતરો વગેરેનો ઉપયોગ બંધ કરી તેના દુષ્પરિણામોથી બચવા અપીલ કરીને કહ્યું કે પ્રાકૃતિક ખેતીથી ખેતીવાડીનો ખર્ચ ઘટે છે પરંતુ, ઉત્પાદન ઘટતું નથી. ગ્લોબલ વોર્મિંગની સમસ્યા માટે ૨૪ ટકા જવાબદાર રાસાયણિક કૃષિ છે. રાસાયણિક ખાતરના બેફામ ઉપયોગથી જળ,જમીન,પર્યાવરણને નુકસાન થાય છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2
Chandni Chowk Plaza, ATN Wireless Board Door
Open Last Unit Ours
Phone 647-761-1317, 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM

Scarborough
WE ARE RE-OPENING
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-761-1317 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM

Mississauga
WE MOVED TO
6800 REXWOOD ROAD, UNIT - D
: Phone : 905-673-9631 647-761-1317 647-657-9631
---: SAT-SUN :--- 11.00 AM to 5.00 PM
------: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM

૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.



## મેડોનાના લાઈવ થવા પર ઈન્સ્ટાગ્રામે પ્રતિબંધ મૂક્યો

પોપ સિંગર મેડોનાએ પોતાની આપત્તિજનક તસવીરો શેર કરતાં ઇન્સ્ટાગ્રામે તેના લાઈવ થવા પર પ્રતિબંધ મુકી દીધો છે. મેડોનાએ જણાવ્યું છે કે, તેને ફોટો-શેયરિંગ એપની તરફથી વોર્નિંગ મળી હોવાથી તે હવે લાઇવ આવી શકતી નથી. મારા પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે જાણીને મને આઘાત લાગ્યો હતો. ઇન્સ્ટાગ્રામે મેડોનાને વોર્નિંગ આપતાં લખ્યું છે કે, તેણે ફોટો શેરિંગ એપના દરેક નિયમોનું સમ્માન કરવું જરૂરી છે. આ ઉપરાંત લોકોને સ્પેમ ન કરવા અથવા ન્યૂડતસવીરો પોસ્ટ કરવી નહીં.



# ટેક્સાસમાં ગોળીબારની ઘટના બાદ ભાવુક થઈ પ્રિયંકા ચોપરા


યુએસમાં, ટેક્સાસ રાજ્યમાં એક 18 વર્ષીય બંદૂકધારીએ એક પ્રાથમિક શાળામાં ગોળીબાર કર્યો હતો, જેમાં 19 બાળકો સહિત 23 લોકોના મોત થયા હતા, જ્યારે આ ઘટનામાં ઘણા લોકો ઘાયલ થયા હતા. આ ઘટનાની ખૂબ જ નિંદા થઈ રહી છે. આ ઘટના પર અભિનેત્રી પ્રિયંકા ચોપરા અને અમેરિકન સિંગર અને એક્ટ્રેસ સેલેના ગોમેઝની પ્રતિક્રિયા પણ આવી છે. આ ઘટના પર પ્રિયંકા ચોપરા ભાવુક થઈ ગઈ હતી. પ્રિયંકા ચોપરાએ તેની ઈન્સ્ટા સ્ટોરી પર એક ન્યૂઝ આર્ટિકલ શેર કર્યો છે, જેની સાથે અભિનેત્રીએ લખ્યું છે કે, 'માત્ર શ્રદ્ધાંજલિ આપવાથી નહીં થાય.. બીજું કંઈક કરવાની જરૂર છે, આ ઘટના ખૂબ જ દુઃખદ છે.' પ્રિયંકાએ આ સાથે એક ટુટેલા દીલની ઈમોજી શેર કરી છે. અમેરિકન સિંગર અને એક્ટ્રેસ સેલેના ગોમેઝ પણ આ ઘટના પર ખૂબ જ ભાવુક થઈ ગઈ હતી. રાષ્ટ્રપતિ જો બિડેને આ ઘટના પર શોક વ્યક્ત કર્યો અને કહ્યું કે, દેશમાં શસ્ત્રોના વેચાણ પર નવા પ્રતિબંધો લાદવા માટે હવે પગલાં લેવા જ પડશે.



## બોલ્ડ તસવીરોથી અનુષ્કાએ વધાર્યો ઈન્ટરનેટનો પારો

અભિનેત્રી અનુષ્કા શર્મા અવારનવાર પોતાની સુંદર તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરતી રહે છે. તે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી તેના અંગત જીવન તેમજ કામ સંબંધિત અપડેટ્સ શેર કરતી રહે છે. અભિનેત્રી અનુષ્કા શર્મા જેણે મોટાભાગે સિમ્પલ લુકમાં પોતાની તસવીરો શેર કરી છે, તે હવે તાજેતરની તસવીરોમાં હોટ અને સિઝલિંગ અવતારમાં જોવા મળી રહી છે. તેની આ નવી તસવીરો ઈન્ટરનેટનો પારો વધારી રહી છે. લેટેસ્ટ તસવીરોમાં અનુષ્કા બ્લેક ફ્રન્ટ ઓપન ડ્રેસમાં જોવા મળી રહી છે. આ તસવીરો પર ચાહકો તેમના દિલ ગુમાવી રહ્યાં છે, બોલિવૂડ સેલિબ્રિટીઝ આ તસવીરો પરથી નજર હટાવવામાં અસમર્થ છે અને અર્જુન કપૂરથી લઈને રિયા કપૂર સુધીના ઘણા સેલેબ્સ અનુષ્કાના આ લેટેસ્ટ ફોટોઝ પર ઉગ્ર કોમેન્ટ કરી રહ્યાં છે.

## હંસલ મહેતાએ 17 વર્ષથી પાર્ટનર સફીના સાથે લગ્ન કર્યાં




મુંબઈ : ફિલ્મ સર્જક હંસલ મહેતાએ તેમનાં 17 વર્ષથી પાર્ટનર સફીના હુસૈન સાથે હવે લગ્ન કરી લીધાં છે. બુધવારે સવારે સાવ અચાનક કોઈ આયોજન વિના જ અંગત લોકોની હાજરીમાં તેમણે એક સાદો લગ્ન પ્રસંગ પાર પાડ્યો હતો. હંસલ મહેતાએ ખુદ સોશિયલ મીડિયા પર જાણકારી આપી હતી કે, 17 વર્ષની પાર્ટનરશીપ, બે સંતાનો અને અમારાં પોતપોતાનાં સપનાંઓને સાકાર કર્યા બાદ અમે હવે લગ્નગ્રંથિથી જોડાયાં છીએ. જિંદગીની જેમ જ આ પ્રસંગ પણ તદ્દન અનાયાસે અને કોઈ આયોજન વગર જ યોજાયો હતો. અમે એકબીજાને ખરા કોલ આપ્યા છે પરંતુ આમ તો આ પ્રસંગને બાદ કરતાં તે બોલવાની ક્યારેય જરૂર પડી નથી. આ નાનકડા સમારોહની તસવીરોમાં હંસલ બ્રાઉન બ્લેઝર અને ટી શર્ટમાં સજ્જ દેખાય છે.

## બંગાળમાં પલ્લવી ડે પછી બીજી અભિનેત્રી બિદિશાની આત્મહત્યા



બંગાળી ટીવી એક્ટ્રેસ પલ્લવી ડે પછી હવે બીજી અભિનેત્રી બિદિશા ડે મજુમદારે આત્મહત્યા કરી લેતાં મનોરંજન ઉદ્યોગે ભારે આંચકો અનુભવ્યો છે. 21 વર્ષીય બિદિશાનો મૃતદેહ તેના ઘરેથી શંકાસ્પદ હાલતમાં મળ્યો હતો. તેણે આપઘાત કર્યો હોવાની શક્યતા પ્રબળ છે પરંતુ પોલીસ હત્યાની થિયરીને પણ અત્યારે નકારી નથી રહી. બિદિશા ડમડમના નાગેરબાઝાર ખાતે તેના માતાપિતા સાથે ભાડાંના મકાનમાં રહેતી હતી. તે પોતાના ઘરે ફાંસો ખાધેલી હાલતમાં મળી હતી. પોલીસે તેના પરિવારજનો તથા મિત્રોની પૂછપરછ હાથ ધરી છે. મોતનું ખરું કારણ જાણવા માટે પોસ્ટમોર્ટમ રીપોર્ટની રાહ જોવાઈ રહી છે. બિદિશા થોડા સમય પહેલાં બહુ વખણાયેલી ભાર ધી ક્લાઉન શોર્ટ ફિલ્મથી ચર્ચામાં આવી હતી. હજુ ગઈ તા. 15મી મે એ બંગાળી ટીવી અભિનેત્રી પલ્લી ડે તેના ઘરે શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ પામેલી હાલતમાં મળી હતી. તેણે પણ આપઘાત કર્યો હોવાનું મનાય છે.

# કંગનાની 'ધાકડ'નુ ચોથા દિવસનુ કલેક્શન માત્ર 30 લાખ



પોતાના નિવેદનોના કારણે ચર્ચામાં રહેલી એક્ટ્રેસ કંગનાની ફિલ્મ ધાકડ બોક્સ ઓફિસ પર ઉંધા મોઢે પછડાઈ છે.

ફિલ્મનુ ચોથા દિવસનુ બોક્સ ઓફિસ કલેક્શન માત્ર 30 લાખ રૂપિયા રહ્યુ છે.55 થી 60 કરોડ રૂપિયામાં બનેલી ફિલ્મ આ સપ્તાહમાં જ થીયેટરોમાંથી ઉતરી જશે. ઓપિનિંગ ડેના દિવસથી ફિલ્મ નિરાશ કરી રહી છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે પહેલા દિવસે આ ફિલ્મે 1.2 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. શનિવારે 1.05 કરોડ અને રવિવારે મૂવીની કમાણી 98 લાખ રૂપિયા રહી હતી. જ્યારે સોમવારે તો આ ફિલ્મ માત્ર 30 લાખ રૂપિયા કમાઈ છે. આ વર્ષની અત્યાર સુધી રિલિઝ થયેલી ફિલ્મોમાં ધાકડને સૌથી મોટી ફ્લોપ ગણાવવામાં આવી રહી છે. ઘણા મલ્ટીપ્લેક્સ અને થિયેટરોમાં ફિલ્મ ઉતારી પણ લેવાઈ છે. મહત્વની વાત એ છે કે, આ ફિલ્મનુ જોરદાર પ્રમોશન થયુ હતુ. આમ છતા ફિલ્મ બોક્સ ઓફિસ પર ફસડાઈ પડી છે.

## રામ ગોપાલ વર્મા સામે 56 લાખની ઠગાઈનો કેસ નોંધાયો

છેલ્લાં કેટલાંય વર્ષોથી ફિલ્મોને લીધે નહીં પરંતુ ચિત્રવિચિત્ર નિવેદનોના કારણે વધુ વિવાદમાં રહેતા ફિલ્મ સર્જક રામ ગોપાલ વર્મા એક કાનૂની કેસમાં ફસાયા છે. તેમણે એક તેલુગુ ફિલ્મ કંપની સાથે 56 લાખની છેંતરપિંડી કરી હોવાની એફઆઈઆર દાખલ થઈ છે. રામ ગોપાલ વર્માએ પોતે જેના પ્રોડ્યૂસર જ ન હતા એવી ફિલ્મના નામે પૈસા લઈ લીધા હોવાનો આરોપ લાગ્યો છે.

# તાતા પરિવારની બિઝનેસ ગાથા અંગે વેબ સિરિઝ બનશે

મુંબઈ : ગુજરાતના એક ટાઉન નવસારીથી નૌસરવાનજી તાતાએ શરુ કરેલી અને પછી જમશેદજી તાતા અને હાલમાં છેક રતન તાતા સુધી વિસ્તરેલી તાતા પરિવારની ઉદ્યોગ ગાથા હવે સ્ક્રીન પર આવશે. તાતા જૂથની કોર્પોરેટ હિસ્ટ્રી પર ગિરીશ કુબેર દ્વારા લખાયેલાં પુસ્તક 'ધ ટાટાસઃ હાઉ અ ફેમિલી બિલ્ટ અ બિઝનેસ એન્ડ અ નેશન'ના ઓડિયો વિઝ્યુઅલ રાઈટ્સ ટી સિરીઝ તથા ઓલામાઈટી મોશન પિક્ચર્સ દ્વારા ખરીદી લેવામાં આવ્યા છે. જોકે, આ તબક્કે નિર્માતાઓએ આ ફિલ્મ હશે કે વેબ સિરીઝ તેની સ્પષ્ટ જાહેરાત કરી નથી. પરંતુ નિર્માણ કંપની સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે તાતા પરિવારની ગાથા એટલી વિશાળ છે કે તેને ત્રણ કલાકની ફિલ્મમાં



સમાવીશકવી બહુ જ અઘરી છે. નિર્માતાઓ માત્ર ઉદ્યોગ જૂથના બિઝનેસ નહીં પરંતુ આઝાદી પછીના ભારતમાં કેવી રીતે ઔદ્યોગિત વિકાસ થયો તેની પણ સમગ્ર વાત વણી લેવા માગે છે. આથી ઓછામાં ઓછી ત્રણ સિઝનમાં સમગ્ર સિરીઝ બનાવવાનું આયોજન ચાલે છે. હજુ સુધી સિરીઝના કલાકારો કે બીજી કોઈ વિગતો જાહેર કરવામાં આવી નથી. દને દુનિયા સામે` દેશના મહાન અને લોકપ્રિય બિઝનેસ પરિવારની વાતો સામે લાવી રહ્યા છે. સાથે હેશટેગમાં લખ્યું છે, ધ ટાટાસ આ ફિલ્મમાં ટાટા પરિવારનો ઈતિહાસ દેખાડવામાં આવશે. જોકે આ ફિલ્મ વિશે અન્ય કોઈ જાણકારી આપવામાં આવી નથી. ફિલ્મના શૂટિંગ તેમજ સ્ટાર્સ વિશે પણ કોઈ જાણકારી હજી મળી નથી. આ ફિલ્મની વાર્તા સીનિયર જર્નાલિસ્ટ અને રાઈટર ગિરીષ કુબેરના પુસ્તક પર આધારિત હશે. કંપનીએ થોડા સમય પહેલા જ આ પુસ્તકના હક્ક ખરીદ્યા હતા.






હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

## ટેકસાસમાં યુવાન દ્વારા સર્જાયેલા હત્યાકાંડે સમગ્ર અમેરિકાને હચમચાવી દીધું

# USમાં હત્યાકાંડઃ અસ્વસ્થ માનસિકતા જવાબદાર

જગત જમાદાર અમેરિકામાં દાયકાઓથી ગનકલ્ચરની પકડમાં ભેરવાયું છે. અહીં કોઈ પણ વ્યક્તિ માટે શસ્ત્રો હાથવગાં હોવાથી ગુસ્સો આવતાં જ બંદૂક હાથમાં લઈને ગોળીઓ છોડીને કોઈને પણ મોતને ઘાત ઉતારી દે છે. આ સમસ્યાથી આખુ અમેરિકા વાકેફ છે. છતાં આજપર્યન્તના શાસકોએ માત્ર તમાશો જ જોયો છે. 'ગન કલ્ચર'થી મોટી સમસ્યા યુવકોના મેન્ટલ હેલ્થ એટલે કે માનસિક સ્વાસ્થ્યની છે.

મંગળવારે ટેક્સાસ સ્ટેટના ઉવાલ્ડેની રોબ એલિમેન્ટરી સ્કૂલમાં ૧૮ વર્ષના સેલ્વાડોર રામોસે અંધાધૂંધ ફાયરિંગ કરીને ૨૨ લોકોને મોતને ઘાત ઉતારી દેતા આખા અમેરિકામાં હાહાકાર મચી ગયો છે. રામોસે પોતાની દાદીને ગોળી મારી દીધી અને પછી ગન લઈને કારમાં બેસીને ઉવાલ્ડેમાં રોબ એલિમેન્ટરી સ્કૂલમાં ઘૂસી ગયો. જ્યાં પણ રામોસે અંધાધૂંધ ગોળીબાર કરીને લાશોનો ઢગ ખડકી દીધો. આ સ્કૂલ એલિમેન્ટરી એટલે કે, પ્રાથમિક શાળા હોવાથી અહીં ફોર્થ ગ્રેડ સુધીનાં છોકરાં ભણે છે. આ બાળકોની ઉંમર સાતથી દસ વર્ષની વચ્ચે છે. રામોસે આવા 19 માસૂમ બાળકોને પણ કારણવિના મોતને ઘાત ઉતારી દીધા. રામોસ સ્કૂલમાં ઘૂસતો હતો ત્યારે તેને રોકવાનો પ્રયત્ન કરનારા સીક્યુરિટી ઓફિસરને પણ તેણે ગોળીઓથી છલ્લી કરી દીધો. ત્યારબાદ બાળકોને બચાવવા જતાં એક શિક્ષિકા પણ મોતને ભેટયાં. રામોસના દાદીને એર એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં લઈ જવાયાં હતાં પણ સારવાર મળે એ પહેલાં દાદી પણ મોતને ભેટયાં. ટેકસાસમાં બનેલી આ ઘટનાની જાણ થતાં જ પોલીસ પણ સ્કુલમાં પહોંચી પરંતુ રામોસે તેના પર પણ ગોળીઓ વરસાવી. જેને કારણે બે પોલીસ કર્મચારીઓને ઈજા થઈ. સદનસીબે એક પોલીસે વળતી ગોળી મારી તેમાં રામોસ ઢળી પડ્યો અને એક નરસંહારનો અંત આવ્યો. રામોસે આ નરસંહાર કેમ કર્યો તેના કારણ અંગે હજી અટકળો જ છે. પરંતુ તેણે માનસિક બિમારીના કારણે તેણે કાળો કેર વર્તાવ્યો હોવાનું મનાય છે. કેટલાક અધિકારી અંગત કારણ હોવાનું પણ માને છે. રોબ સ્કૂલમાં ૬૦૦ જ વિદ્યાર્થી ભણે છે. તેમાંથી મોટા ભાગે એસ્પિનિક એટલે કે સ્પેનિસભાષી લોકોનાં સંતાનો ભણે છે. સેલ્વાડોર રામોસ પણ સ્પેનિશ મૂળનો હોવાથી કોઈની સાથે બબાલ થઈ હશે તેની અદાવતમાં ભૂલકાંની હત્યા કરી નાંખી હોવાનો એક તર્ક પણ હાલ ચર્ચામાં છે. અલબત્ત સેલ્વાડોરને કોઈની સાથે મગજનારી કે ઝગડો થયાનું બહાર આવ્યું નથી. એ જોતાં માનસિક બિમારી વધારે કારણભૂત મનાય છે.



અમેરિકાના પ્રમુખ જો બાઈડને આ હત્યાકાંડને 'ગન કલ્ચર'ની દેન ગણાવ્યો છે. બાઈડન અમેરિકામાં 'ગન કલ્ચર' ખતમ કરીને ગન લોબી પર નિયંત્રણો મૂકવાની તરફેણમાં છે. આ હત્યાકાંડને કારણે તેમને પોતાનો પક્ષ મજબૂત રીતે મુકવાની તક મળી છે. ઘટના બાદ તરત જ બાઈડને અમેરિકાવાસીઓને સવાલ કર્યો હતો કે, આપણે શું કરવાની જરૂર છે એ વિચારવાનો સમય આવી ગયો છે. આપણે આ સમસ્યાને કયારે દૂર કરીશું. વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસે પણ બાઈડનની વાતમાં સૂર પૂરાવીને આકરાં પગલાં ભરવાની તરફેણ કરી છે.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

જીવ ગુમાવ્યા હોય. આવી ઘટનાથી અમેરિકાની છબી પણ ખરડાઈ રહી છે. તેથી 'ગન કલ્ચર'નો ખાતમો કરવા હથિયારો પર અંકુશ મૂકવાની તાતી જરૂરીયાત છે. આ ઉપરાંત યુવકોના મેન્ટલ હેલ્થ એટલે કે માનસિક સ્વાસ્થ્યની સમસ્યા પણ અમેરિકા માટે ગંભીર છે. ૨૦૨૧માં સ્કૂલમાં ગોળીબારની ૨૪૯ ઘટનાઓ બની હતી. જયારે ૨૦૨૨ના પાંચ મહિના પત્યા નથી ત્યાં સુધીમાં સ્કૂલોમાં ગોળીબારની ૧૩૭ ઘટનાઓ નોંધાઈ ચૂકી છે. અમેરિકાના સેન્ટર ફોર હોમલેન્ડ ડીફેન્સ એન્ડ સીક્યુરિટી દ્વારા સત્તાવાર રીતે આ આંકડા અપાયા છે. અમેરિકાની સ્કૂલોમાં સૌથી ભીષણ હત્યાકાંડ ૧૬ એપ્રિલ, ૨૦૦૭ના રોજ વર્જિનિયાના બ્લેક્સબર્ગમાં વર્જિનિયા ટેકમાં સર્જાયો હતો.

### હત્યાકાંડ સર્જનારો યુવાન માનસિક રીતે અસ્વસ્થ હોવાનો તર્ક રજૂ થયો, જો બાઈડને હત્યાકાંડને 'ગન કલ્ચર'ની દેન ગણાવી તો વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસે આકરાં પગલાં ભરવાની તરફેણ કરી

હકીકતમાં અમેરિકામાં 'ગન કલ્ચર' મોટી અને ગંભીર સમસ્યા બની રહી છે. અમેરિકામાં વસતી કરતાં ગન-મશીનગન્સની સંખ્યા વધારે હોવાથી કોઈ પણ વ્યક્તિ માટે શસ્ત્રો હાથવગાં છે. તેના કારણે થોડો ગુસ્સો આવે કે તરત જ માણસ બંદૂક હાથમાં લઈને ધાડ-ધાડ-ધાડ ગોળીઓ છોડતા અચકાતો નથી. ટેકસાનની ઘટના પહેલી ઘટના પણ નથી કે જેમાં નિર્દોષોએ

૨૩ વર્ષના સ્યુંગ-હ્યુઈ ચો નામના યુવકે પિસ્તોલથી ૩૩ વિદ્યાર્થી અને ૪ સ્ટાફ મેમ્બરની હત્યા કર્યા બાદ પોતે આપઘાત કરી લીધો હતો. ચોએ પહેલા રાઉન્ડમાં બે વિદ્યાર્થીની હત્યા પછી પોતાનો વીડિયો મૂકીને બીજા રાઉન્ડમાં હાહાકાર મચાવી દીધો હતો. ફ્લોરિડાના પાર્કલેન્ડમાં ૨૦૧૮માં ૧૪ ફેબ્રુઆરીએ નિકોલસ ક્રૂઝ નામના ૧૯ વર્ષના યુવકે પણ સ્કૂલમાં ઘૂસીને ૧૭ લોકોને યમસદને પહોંચાડ્યા હતા. તેના ત્રણ મહિના પછી ૧૮ મેએ સાન્તા ફે હાઈ સ્કૂલમાં ૧૭ વર્ષના દમિત્રિ પેગોર્તઝિસે ૧૦ લોકોની હત્યા કરી હતી. રામોસે ૨૦૧૨ના કનેક્ટિક હત્યાકાંડની યાદ અપાવી છે. ઉવાલ્ડે સિટીના હત્યાકાંડે કનેક્ટિકટના ન્યુટનમાં સેન્ડી હૂક એલીમેન્ટરી સ્કૂલમાં થયેલા હત્યાકાંડની યાદ અપાવી દીધી. ૧૪ ડીસેમ્બર, ૨૦૧૨ના રોજ ૨૦ વર્ષના આદમ લાંઝાએ સેલ્વાડોર રામોસની જેમ જ બેફામ ગોળીબાર કરીને ૨૭ની હત્યા કરી નાંખી હતી. મૃતકોમાં ૨૦ બાળકો હતા કે જેમની ઉંમર ૬-૭ વર્ષ હતી. બાકીના ૭ મૃતકો સ્કૂલના ટીચર્સ તથા અન્ય સ્ટાફ મેમ્બર્સ હતા.

સેલ્વાડોરે સ્કૂલમાં હત્યાકાંડ સર્જતાં પહેલાં ઘરે પોતાની દાદીને ગોળી મારી દીધી હતી. આદમ લાંઝાએ પણ સૌથી પહેલાં પોતાની માતાની ગોળી મારીને હત્યા કર્યા પછી સ્કૂલમાં પહોંચીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. સેલ્વાડોર પોલીસના ગોળીબારમા માર્યો ગયો, જ્યારે લાંઝાએ જાતે જ માથામાં ગોળી મારીને આપઘાત કરી લીધો હતો. ન્યુટન હત્યાકાંડ અમેરિકાની સ્કૂલોમાં થયેલો બીજો સૌથી મોટો હત્યાકાંડ મનાય છે. લાંઝાએ આપઘાત કરી લીધો હોવાથી તેણે હત્યાકાંડ કેમ કર્યો એ રહસ્ય તેની સાથે જ જતું રહ્યું પણ તપાસમાં બહાર આવેલું કે, લાંઝાને આસ્પેર્જર સીન્ડ્રોમ નામની માનસિક બિમારી હતી. અમેરિકાના સેન્ટર્સ ફોર ડીસિઝ કંટ્રોલ એન્ડ પ્રીવેન્શનના તાજેતરના સર્વેમાં તારણ નીકળ્યુ છે કે, અમેરિકામાં હાઈસ્કૂલના ૩૭ ટકા વિદ્યાર્થી માનિસક રોગોના શિકાર છે. ૧૮ વર્ષથી ૨૫ વર્ષના યુવાનોમાં તો આ પ્રમાણ ૪૯ ટકાની આસપાસ છે. કોલેજના વિદ્યાર્થીઓમાં માનસિક અસ્વસ્થતાનું પ્રમાણ બહુ ઉંચું છે. અમેરિકામાં યુવાનો અસલામતી-ભય, હતાશા અને અંગત સંબધોની સમસ્યાઓથી સૌથી વધારે પીડાય છે. અમેરિકામાં મુક્ત માહોલ છે તેથી નાની ઉંમરથી છોકરા-છોકરીઓ વચ્ચે સંબંધો બંધાય છે. અપરિપક્વતાના કારણે મોટાભાગના સંબંધો લાંબુ ટકતા નથી. તેથી સંબંધો ચાલુ હોય ત્યારે સંબંધ તૂટી તો નહીં જાયને એવી સતત અસાલમતીની લાગણી યુવાઓ અનુભવે છે. બ્રેક-અપ થાય ત્યારે હતાશા આવે છે. યુએસની સ્કૂલોમાં કાઉન્સેલિંગ સહિતના રસ્તા અપનાવાય છે, માનસિક રોગોના નિષ્ણાતો દ્વારા બાળકોને માનસિક સ્વાસ્થ્યના સામૂહિક પાઠ ભણાવાય છે. પણ તેનાથી બહુ ફરક પડતો નથી.

# મહિલાઓને પ્રેગ્નન્સી રહ્યા બાદ થતી સમસ્યાઃ વેરીકોઝ વેઈન્સ

આજકાલ મૉડર્ન લાઈફસ્ટાઈલ, વેસ્ટર્ન કલ્ચર ફૂડ, કસરત વિનાની સેકન્ડરી લાઈફસ્ટાઈલથી અનેક શારીરિક સમસ્યા ઊભી થાય છે. ખાસ કરીને મહિલાઓમાં પ્રેગ્નન્સી બાદ વેરીકોઝ વેઈન્સની સમસ્યા બહુ કોમન છે તો આવો જાણીએ વેરીકોઝ વેઈન્સનાં કારણો અને તેનાથી બચવાનાં સોનેરી સૂચનો.



## કેમ થાય છે વેરીકોઝ વેઈન્સ ?

● મેડિકલ ભાષામાં વેરીકોઝ એટલે શિથિલતા અને વેઈન્સ એટલે શિરા. વેરીકોઝ વેઈન્સની અંદર વાલ્વની સિસ્ટમ છે તે કોઈ કારણસર નબળી પડી જાય છે અને શિથિલતા આવતા રક્તપ્રવાહ રોકાઈને નસો ફૂલવા લાગે છે.

● ગર્ભાવસ્થા દરમિયાન ગર્ભના પ્રેશર તેમજ હોર્મોન્સના થતાં Drastic Changes તેમજ પ્રસૂતિ બાદ એમાય સિઝેરિયન ડિલિવરી થયા પછી આવતી મેદસ્વિતા વેરીકોઝ વેઈન્સનું કારણ બને છે.

● જે મહિલાઓનું વજન કોઈ કારણસર વધુ છે, જેમનો BMI 30 કે તેથી વધુ છે તેમને આ થવાનું જોખમ બમણું છે.

● વધતી જતી ઉંમર, બેઠાડુ જીવન, મેનોપોઝ અને વારસાગત વેરીકોઝ વેરીઈન્સનાં co-factor છે.

● જે મહિલાઓને સતત ઊભા રહેવાની જોબ છે, જેમ કે, સેલ્સ, નર્સિંગ, સુપરવાઈઝર વગેરે.

## વેરીકોઝ વેઈન્સનાં લક્ષણો

● વેરીકોઝ વેઈન્સ એ મહિલાઓ માટે એક cosmetic concern પણ છે. ● પગની નસોમાં સૂજી ગયેલી અથવા વળી ગયેલી, ભૂરા અથવા તો Purple કલરની દેખાતી અથવા પગની ચામડીની નીચે ઝીણી ઝીણી નસોનું જાડું દેખાવું. ● લાંબા સમય સુધી ઊભા અને બેસી રહેવાથી સોજો વધવો. ● પગમાં દુખાવો અથવા ભારેપણાનો અનુભવ થવો. ● જૂના કેસીસમાં વેઈન્સ તૂટવાને કારણે ચામડી ઉપર ચાંદાં પડવાં તેમજ અમુક ભાગોમાં જ્યાં ચામડી સૂકી થાય ત્યાં ખંજવાળ આવવી.

## વેરીકોઝ વેઈન્સથી આ રીતે બચો

● નિયમિત 30થી 45 મિનિટ શારીરિક કસરત જેમ કે, વોકિંગ, જોગિંગ, સ્વિમિંગ વગેરે ● વજન મૅન્ટેન રાખવું તેમજ BMI 25થી વધવા દેવો નહીં. ● સતત ઊભા રહેવાનું ટાળવું તેમજ દર અડધા કલાકે પગની મૂવમેન્ટ કરવી. ● હાઈ હિલ્સ ફૂટવેરનો ઉપયોગ ટાળવો. ● સૂતી વખતે પગની નીચે એક કે બે ઓશિકાં રાખવાથી સોજો અટકાવી શકાય છે. ● દિવસ દરમિયાન compression stockings મોજાનો ઉપયોગ કરવાથી આ સમસ્યા મહદઅંશે ઓછી થાય છે.



# આ રીતે કરો પરફેક્ટ સમકોણાસન

તમે જોયું હશે તો અમુકવાર મોટાભાગની સ્ત્રીને ટટ્ટાર બેસવાની આદત નથી હોતી. એટલા ફેલાઈને બેસવા ટેવાયેલા છીએ કે સમય જતાં કરોડરજ્જુ વળી જતી હોય છે, નોર્મલ બેઠેલી કોઇપણ સ્ત્રીને તમે જોશો તો તે તમને થોડી વાંકી વળી ગઇ હોય એમ બેસેલી જ નજરે ચડશે. કરોડરજ્જુ વળી ન જાય તે માટે રોજ સમકોણાસન કરો. આ આસન કરવાથી કરોડરજ્જુની સમસ્યા નહીં થાય.

## સમકોણાસનની રીત

● પહેલાં યોગમેટ પર સીધા કરો. ● હવે તમારા બંને હાથ ઉપર તરફ લઈ જાઓ. ● હવે શરીરને કમરના ભાગેથી વાળી 90 ડિગ્રી સુધી નમવું. ● ધ્યાન રાખો કે તમારા ઘૂંટણ વળવા ન જોઈએ અને બંને હાથ સામે, જ્યારે નજર જમીન તરફ રાખવી. ● આ દરમિયાન તમારે ઊંડા શ્વાસ લેતા રહેવું. ● લગભગ 30-40 સેકન્ડ સુધી આ પોઝિશનમાં રહેવાનું છે. ● ત્યારબાદ હાથને નીચે કરી સામાન્ય અવસ્થામાં ઊભા થઈ જાઓ.

## સમકોણાસનના ફાયદા

● આ આસન કરવાથી શરીરમાં ફ્લેક્સિબિલિટી આવવાની સાથે કરોડરજ્જુમાં પણ સુધારો થાય છે. ● આ આસન કરવાથી કમરની નીચેનો ભાગ મજબૂત બને છે અને ગળાનો દુખાવો દૂર થાય છે. ● આ આસન પગની સાથેસાથે આખા શરીરના સ્નાયુઓને તણાવમુક્ત કરવા માટેનો બેસ્ટ ઉપાય છે. ● શારીરિક તણાવને દૂર કરવા તથા શારીરિક સંતુલન બનાવવા માટે આ આસન ઘણું યોગ્ય માનવામાં આવે છે.

## શીર્ષક : સંવેદના
## કવયિત્રી : હિના મોદી

**સંવેદનાના ભોંકાય છે છાતીએ શૂળા**
**ત્યારે,**
**માણસ ગોતે છે શબ્દોનાં શહેરમાં સથવારા પણ...**
**બિચારો માણસ...!**
**સથવારાનાં સાથમાં એવડો ને એટલો**
**અથડાય કે,**
**તેની સંવેદનાઓ પરિણમતી જાય છે વેદનામાં ને,**
**બિચારો માણસ. ..!**
**ભૂલો પડતો જાય છે શબ્દોનાં શહેરમાં.**
**શબ્દોના સાથ**
**કે પછી...**
**સાથમાં શબ્દો**
**શબ્દોનાં શહેરમાં**
**કે પછી ...**
**શહેરમાં શબ્દો!!!**
**બિચારો માણસ...!**
**ભૂલો પડતો જાય છે.**
**ફૂલો શોધે સુગંધ,**
**સુગંધ શોધે ફૂલ**
**શું બિચારો માણસ...**
**શોધે સંવેદનાના સૂર એ જ એની ભૂલ !**
**સંવેદનાનાં સૂરમાં**
**વેદનાની વેદીમાં**
**શબ્દોનાં શહેરમાં**
**માણસ માણસને શોધે !**
**માણસ માણસને શોધે !**
**પણ... શું ...!**
**પોતે માણસ રહ્યો છે ખરો !**
**કે તે માણસમાં માણસ શોધે !**
**માણસનો ખાલીપો શૂન્યવત્**
**માણસની સંવેદના શૂન્યવત્**
**કે પછી...**
**પોતે શૂન્યવત્**
**કદાચ...**
**તેથી જ ...**
**શૂન્યવત માણસ ખોવાયો ખાલીપામાં**
**સંવેદનાઓ પરિણમી વેદનામાં**
**ને પછી...**
**આખેઆખું શબ્દોનું સમૃદ્ધ શહેર બન્યું**
**ખાલીખમ્**
**માણસ રહ્યો યથાવત્ ને,**
**માણસનું મૌન બન્યું ભારેખમ ...!**

# NAS ડિવાઈસ ઉપર રેન્સમવેર એટેક

નેટવર્ક-એટેચ્ડ સ્ટોરેજ (NAS) એ ફાઈલ-લેવલ સ્ટોરેજ આર્કિટેક્ચર છે. જે સંગ્રહિત ડેટાને નેટવર્કવાળા ડિવાઈસ માટે વધુ સુલભ બનાવે છે. NAS - નેટવર્ક-એટેચ્ડ સ્ટોરેજ, SAN - સ્ટોરેજ એરિયા નેટવર્ક અને DAS - ડાયરેક્ટ-એટેચ્ડ સ્ટોરેજ એમ ૩ મુખ્ય સ્ટોરેજ આર્કિટેક્ચર છે. NAS નેટવર્કને બિલ્ટ-ઈન સિક્યોરિટી, મેનેજમેન્ટ અને ફોલ્ટ ટોલરન્ટ ક્ષમતાઓ સાથે સ્ટોરેજ માટે સિંગલ એક્સેસ પોઈન્ટ આપે છે. ટૂંકમાં કંપની પોતાના ડેટાનો બેકઅપ લેવા માટે NAS ડિવાઈસનો ઉપયોગ કરે છે.

ASUSTOR નેટવર્ક-એટેચ્ડ સ્ટોરેજ (NAS) ડિવાઈસ ડેડબોલ્ટ રેન્સમવેરના શિકાર બન્યા છે. આજ રીતે QNAP NAS ડિવાઈસ પર પણ સમાન એટેક થયા છે. એટેકથી બચવા માટે કંપનીએ ફર્મવેર અપડેટ્સ (ADM 4.0.4.RQO2) બહાર પાડ્યા છે. વધુમાં કંપની યુઝર્સને ડેટા સુરક્ષિત રાખવા માટે સૂચવે છે કે યુઝર્સે પાસવર્ડ બદલવો, પાસવર્ડમાં આલ્ફાન્યુમેરીક અને સ્પેશિયલ કેરેક્ટરનો ઉપયોગ કરવો, ડિફોલ્ટ HTTP અને HTTPS પોર્ટ્સ બદલવા જે 8000 અને 8001 છે, વેબ સર્વર પોર્ટ્સ બદલો જે ડિફોલ્ટ પોર્ટ 80 અને 443 છે, ટર્મિનલ/ SSH અને SFTP સેવાઓનો તમે ઉપયોગ ન કરતા હોવ તો તેવી અન્ય સેવાઓને બંધ કરો અને નિયમિત બેકઅપ લો અને ખાતરી કરો કે બેકઅપ અપ ટુ ડેટ છે.




રેન્સમવેર એટેક મુખ્યત્વે ADM OS થી ચાલતા NAS ડિવાઈસ જેમાં AS5104T, AS5304T, AS6404T, AS7004T, AS5202T, AS6302T, અને AS1104T મોડલ્સનો સમાવેશ થાય છે. QNAP NAS ડિવાઈસને ટાર્ગેટ બનાવતા ઘૂસણખોરોની જેમ જ જોખમી હેકર્સ દાવો કરે છે કે તેઓ ASUSTOR NAS ડિવાઈસને એન્ક્રિપ્ટ કરવા માટે શૂન્ય-દિવસની નબળાઈનો ઉપયોગ કરી રહ્યાં છે. NAS ડિવાઈસનો ઍક્સેસ પુનઃપ્રાપ્ત કરવા માટે 0.03 બિટકોઈન્સ ($1,150) ચૂકવવાની માંગણી કરે છે.

રેન્સમવેર ઓપરેટરોએ ASUSTOR માટેના એક અલગ સંદેશમાં જણાવ્યું હતું કે જો કંપનીએ 50BTCની કુલ ચુકવણી માટે યુનિવર્સલ ડિક્રિપ્શન કી વેચવા ઉપરાંત 7.5BTCની બિટકોઈન ચુકવણી કરવી હોય તો તેઓ ખામીની વિગતો શેર કરવા તૈયાર છે.

ઉપયોગમાં લેવાતી સુરક્ષા નબળાઈની ચોક્કસ વિગતો સ્પષ્ટ નથી. પરંતુ એવી શંકા છે કે એટેક વેક્ટર EZ કનેક્ટ સુવિધામાં ખામી સાથે સંબંધિત છે. જે NAS ડિવાઈસના ઍક્સેસની મંજૂરી આપે છે.

કંપની જણાવે છે કે જે યુઝર્સના NAS ડિવાઈસ પર રેન્સમવેર એટેક થઈ ચુક્યો છે તેને પોતાના NAS ડિવાઈસમાં ઈથરનેટ નેટવર્ક કેબલને અનપ્લગ કરવો, પાવર બટનને ત્રણ સેકન્ડ માટે દબાવીને અને પકડી રાખીને તમારા NASને સુરક્ષિત રીતે બંધ કરવું, તમારા NAS ને પ્રારંભ કરશો નહીં કારણ કે આ તમારો ડેટાને એનક્રિપ્ટ કરી દેશે. વધુમાં કંપની ફોર્મ ભરવા કહે છે જેથી તે તમારા ડેટાને રીકવર કરી શકે.

beinghumanmj

## અપનાવો આ ઘરેલું ટીપ્સ

■ એક ચમચી તુલસીનો રસ પીવાથી ઊલટી બંધ થાય છે.

■ હેડકીને રોકવા થોડી વાર શ્વાસ રોકાય તો તો રોકી રાખવાથી હેડકી બંધ થશે.

■ તુલસી મોંમા રાખી ચાવવાથી મુખદુર્ગંધ દૂર થાય છે.

■ સામાન્ય ઊલટીને શાંત કરવા એક કપ ટામેટાનો રસ, સાકર, એલચી,લવિંગ તથા મરીનો ભૂક્કો ભેળવી પીવું. ઊલટી બંધ થશે તેમજ પેટમાં થતી ગરબડ તથા ગભરામણથી પણ છૂટકારો મળશે.

■ સ્તનપાન કરાવતી માતાને ગાજરનો રસ માફક આવતો હોય તો નિયમિત પીવાથી દૂધ વધુ આવે છે.

■ ચમેલીના પાનનો રસ પગની એડીની ફાટેલી ત્વચા પર લગાડવાથી રાહત થાય છે.

■ ઉનાળામાં નસકોરીની તકલીફથી રાહત પામવા કોથમીરના પાનનો રસ સૂંઘવો તેમજ કોથમીરને વાટી કપાળ પર લગાડવી.

■ એસિડિટીથી રાહત પામવા દૂધ પીવું.તેમજ ફળોના રસ તરીકે ગાજર,પાલક તથા કોબીનો રસ પીવો.

■ દૂધ સાથે પાકેલી કેરીનું સેવન કરવાથી વીર્યવૃદ્ધિ થાય છે.

■ ભોજનમાં પાકેલી કેરીનો સમાવેશ કરવાથી હેમોગ્લોબિન વધે છે.

■ ખીલ પર ચણાનો લોટ તથા દહીંનું મિશ્રણ ૧૦ મિનિટ લગાડી રાખી ચહેરો ધોવાથી ખીલમાં લાભ થાય છે. અને ચહેરાની કાંતિ વધે છે.

■ ગળું ખરાબ થઇ ગયું હોય કે બોલવામાં તકલીફ થતી હોય તો ૧૦-૧૨ તુલસીના પાન ચાવવાથી ફાયદો થાય છે.

■ સંતરાની છાલની પેસ્ટ બનાવી શરીરે લગાડવાથી સામાન્ય ત્વચા રોગમાં રાહત થાય છે.

■ પ્રસૂતાને મખાણાનો હલવો ખવડાવવાથી શક્તિ મળે છે.

■ દૂધ અને દહીંને સમાન માત્રામાં લઇ શરીરે માલિશ કરવાથી ત્વચા નિખરે છે.

■ ચારોળીને દૂધ સાથે વાટી લગાડવાથી ત્વચા ચમકીલી થાય છે.

# ટોરોન્ટોથી દિલ્હી જતા વિમાનમાં અચાનક ખામી સર્જાતાં યાત્રીઓના જીવ તાળવે ચોંટ્યા

## વિમાન ૧૦ ફૂટ નીચે આવી જતાં અમદાવાદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ

**અમદાવાદ**

સોમવારે ફરીથી દિલ્હીમાં અચાનક ખરાબ વાતાવરણથી ફ્લાઈટોને લેન્ડિંગ ક્લિયરન્સ ન મળતા ટોરન્ટોથી દિલ્હી આવતી ફ્લાઈટને અમદાવાદ ડાઈવર્ટ કરવી પડી હતી. આ ફ્લાઈટને હવામાં ખરાબ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. ફ્લાઈટ ૩૦ હજાર ફુટ પરથી સીધી ૧૨ હજાર ફુટ નીચે આવી જતા સવાર મુસાફરો ગભરાઈ ગયા હતા. કેપ્ટને ક્રુને તમામ મુસાફરોને સીટ બેલ્ટ બાંધવા માટે એનાઉન્સમેન્ટ કરાયું હતું. બીજીતરફ આજ સમયે દિલ્હીમાં ખરાબ વાતાવરણથી ફ્લાઈટ લેન્ડ ન થતા રાતે ૧૨ વાગે ફ્લાઈટને અમદાવાદ ડાઈવર્ટ કરવામાં આવી હતી. ફ્લાઈટ લેન્ડ થાય તે પહેલાં કેપ્ટને અમદાવાદ એર ટ્રાફિક કંટ્રોલર(એટીસી) ને એક સાથે નવ જેટલા મુસાફરોની મેડિકલ ઈમરજન્સીનો મેસેજ આપ્યો હતો. ફ્લાઈટ લેન્ડ થાય તે પહેલા રેમ્પ પર એમ્બ્યુલન્સ તૈનાત કરી દેવામાં આવી હતી. તમામ મુસાફરોને ફ્લાઈટમાંથી નીચે ઉતારી સાત જેટલા શ્વાસ લેવામાં પડી રહેલી તકલીફથી પ્રાથમિક ઈલાજ કરવામાં આવતા તમને હોસ્પિટલ લઈ જવાની જરૂર પડી ન હતી પણ બાકીના બે મુસાફરોને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેમાં ૫૨ વર્ષના ફિરોઝ ખાન અને ૨૪ વર્ષીય મહિલા ફોરેનર કુ સુલનને મોડી રાતે હોસ્પિટલમાં ખસેડાયા હતા. અમદાવાદ એરપોર્ટ પરથી એર કેનેડાની આ ફ્લાઈટ સાંજે રવાના થઈ હતી.

# નવનીત પ્રકાશનના માલિકની હત્યા કેસમાં 6ને આજીવન કેદ

**અમદાવાદ**

નવનીત પ્રકાશનના માલિક નવીનભાઈ શાહનું અપહરણ કરી હત્યા કરવાના ચકચારી કેસમાં ગાંધીનગર કોર્ટના એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજે 6 આરોપીને આજીવન કેદની સજા આપી છે. 5 વર્ષ પહેલાં હત્યા, ખંડણી અને લૂંટના આ બનાવમાં પોલીસે 6 આરોપીને ઝડપી ચાર્જશીટ ફાઈલ કરી હતી.

ગાંધીનગર એલસીબીની ટીમે 2017માં જીગ્નેશ ઉર્ફ જીગો કિશનભાઈ ભાવસાર, રમેશ મથુરભાઈ પટેલ, શૈલેષ ઉર્ફ એસપી પ્રભુદાસ પટેલ, બંકીમચંદ્ર નરોત્તમ પટેલ, ઉત્પલ જગદીશભાઈ પટેલ અને પરીન જગદીશભાઈ ઠક્કર વિરુધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ કેસમાં મૌનિક રમણ પટેલ અને શંકર રાજેન્દ્ર ગોસ્વામી ફરાર હતા.

પોલીસ તપાસમાં આરોપીઓએ નવીનભાઈ શાહનું હરણ કરી 5 કરોડની ખંડણી ઉઘરાવવા માટે પૂર્વયોજિત કાવતરું ઘડ્યું હતું. જે કાવતરાના ભાગરૂપે આરોપીઓએ યુનિયનના પ્રશ્ને વાત કરવાના બહાને નવીનભાઈને બોલાવી તેઓનું અપહરણ કર્યું હતું. આરોપીઓએ નવીનભાઈની હત્યા કરી તેઓની સોનાની ચેઈન અને હીરાની વીંટીની લૂંટ ચલાવી તેમજ તેઓની ઓળખ કરે તે તમામ ફોટો આઈડી પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો.

# અમદાવાદમાં ઓગસ્ટ સુધીમાં મેટ્રો ટ્રેન દોડશે

**અમદાવાદ**

અમદાવાદમાં મહત્વકાંક્ષી મેટ્રો રેલ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો ઓગસ્ટ સુધીમાં સંપૂર્ણ કાર્યરત્ થઈ જાય તેવી સંભાવના છે. અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૧માં નોર્થ-સાઉથ અને ઈસ્ટ-વેસ્ટ એમ બે કોરિડોર છે. જેમાં નોર્થ-સાઉથ કોરિડોર ગ્યાસપુર ડેપોથી મોટેરા અને ઈસ્ટ-વેસ્ટ કોરિડોર થલતેજમ ગામથી વસ્ત્રાલ ગામનો છે. તાજેતરમાં ગ્યાસપુર ડેપોથી મોટેરા મેટ્રો સ્ટેશન સુધી મેટ્રો ટ્રેનની ટ્રાયલ હાથ ધરાઈ હતી. આ ટ્રાયલ દરમિયાન મેટ્રો ટ્રેન એપીએમસી, જીવરાજ, રાજીવનગર, શ્રેયસ, પાલડી, ગાંધીગ્રામ, જૂની હાઈકોર્ટ, ઉસ્માનપુરા, વિજયનગર, વાડજ, રાણીપ, એઈસી, સાબરમતી મેટ્રો સ્ટેશનથી પસાર થઈને મોટેરા મેટ્રો સ્ટેશને પહોંચી હતી.

# સાડા ચાર દાયકા બાદ જૂના સચિવાલયનું રૂ. 4 અબજના ખર્ચે રિ-ડેવલપમેન્ટ કરાશે

**ગાંધીનગર**

જુના સચિવાલયના હાલના દેખાતા ગેરૂઆ રંગના જનવાણી સ્ટાઈલના બ્લોક આવતા દિવસોમાં ઈતિહાસના પાને રહી જવાના છે. ૪૬ વર્ષ બાદ જુના બ્લોક્સને હટાવીને નવા બાંધવાની રૂપિયા ૪ અબજના ખર્ચની યોજના હાથ ધરવાની છે. જુના સચિવાલયના રી-ડેવલપમેન્ટનો માસ્ટર પ્લાન તૈયાર કરી દેવાયો છે. તેમાં હાલના ૧૯ બ્લોકને માત્ર આઠ બ્લોકમાં સમાવી દેવાશે, જે નવ મજલાના હશે. જેમ નવા બ્લોક બનતા જશે, તેમ તેમ જુનાને હટાવી પણ દેવાશે.

જુના સચિવાલયના બ્લોક્સનાં બાંધકામ તેની આયુસ્ય મર્યાદા પુરી થવાના આરે પહોંચી ગયાં છે. ત્યારે આ વિશાળ કેમ્પસમાં સેક્ટર ૧૦માં બાંધવામાં આવેલા કર્મયોગી ભવનની જેમ કાટખૂણ આકારના નવા આઠ બ્લોક એક પછી એક બાંધવાનો નિર્ણય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. આ પૈકીના બે બ્લોકનું બાંધકામ રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે નજીકના સમયમાં જ શરૂ કરવા માટે ઈજનેરી પાંખ દ્વારા તૈયારી કરવામાં આવી રહી છે. આખા કેમ્પસનો નવો લે આઉટ પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. દરેક બ્લોકના બાંધકામ પાછળ રૂપિયા ૫૦ લાખ ઉપરાંતનો ખર્ચ થવાનો હોવાથી ૪૦૦ કરોડના ખર્ચનો અંદાજ મુકવામાં આવ્યો છે.

# 8 જિલ્લામાં બનશે નવા ચેરિટી કચેરી ભવન

**ગાંધીનગર**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી રૂ. 22 કરોડના કુલ ખર્ચે નવા નિર્માણ પામનારા 8 ચેરિટી ભવનોના ઈ-ખાતમૂર્હત સંપન્ન કર્યા હતા. આ નવા ચેરિટી કચેરી ભવનો ગીર સોમનાથના- વેરાવળ, બોટાદ, અરવલ્લીના મોડાસા, સુરેન્દ્રનગર, ભૂજ, લુણાવાડા, હિંમતનગર અને મોરબીમાં નિર્માણ પામવાના છે. મુખ્યમંત્રીએ રાજ્યના ચેરિટી તંત્રને 4 કરોડ જેટલા ડોક્યુમેન્ટસના ડિજિટલાઈઝેશનની ભગીરથ કામગીરી પૂર્ણ કરવા માટે આ અવસરે અભિનંદન પણ પાઠવ્યા હતા. આ રેકોર્ડનું ડિજિટલાઈઝેશન થવાથી હવે લોકોને ઘરે બેઠા પોતાના ટ્રસ્ટની માહિતી મળી રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા ડિજિટલ ઈન્ડીયાના સંકલ્પને પાર પાડવામાં ચેરિટી તંત્રના યોગદાનની તેમણે સરાહના કરી હતી.

# પતિએ પત્નીનો કાન કાપ્યો અને દિયરે ધારિયું મારતા મહિલાની આંગળી કપાઇ

**અમદાવાદ**

નવા નરોડા વિસ્તારમાં મનોહર વિલા ચાર રસ્તા પાસે ચિત્રકૂટ આવાસ યોજનામાં રહેતા લક્ષ્મીબહેન સુરેશભાઈ પટણી (ઉ.વ.૨૮)એ પતિ સુરેશભાઈ વિઠ્ઠલભાઈ પટણી સહિત સાત લોકો સામે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તા.૧૨ના રોજ ફરિયાદી મહિલા પતિ સાથે અનિલ સ્ટાર્ચ રોડ ઉપર કાકાના છોકરાના લગ્ન ગયા હતા અને પતિ દારુ પીને જેમ ફાવે તેમ ગાળો બોલતા હોવાથી ઘરે લઈને આવ્યા હતા. ઘરે આવીને મહિલાને માર મારીને કાનની બુટ્ટી ખેચતા કાન કપાઈ ગયો હતો. દવાખાના લઈ જતાં દસ ટાંકા આવ્યા હતા, રજા લઈને પિયરમાં પાશ્વનાથ સેન્ટર ખાતે ગયા હતા પતિ ત્યાં આવીને પિતાને ગળો બોલતા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. જેથી મહિલા પોતાના ઘરે આવી ગઈ હતી અને તા.૨૦ના રોજ બપોરે ઘરે આવીને જોયું તો તાળું તોડીને ઘરના તમામ સામાન લઈ ગયા હતા. સાસુના ઘરે ગયા તો ત્યાં ગડદાપાટુનો માર માર્યો હતો. સાસરીના લાકો મહિલાને માર માર્યો હતો. સાસરીવાળાએ પિયરના સભ્યો ઉપર પણ હુમલો કર્યો હતો. દિયરે મહિલાની કાકીને ધારિયું મારતાં બે આંગળી કપાઈ ગઈ હતી.

# ભ્રષ્ટાચારના કેસમાં કે. રાજેશ સામે CBIની ફરિયાદ

## નેગેટીવ રિપોર્ટ હોવા છતાં અધિકારીએ ૩૯ આર્મ્સ લાઈસન્સ ઈશ્યૂ કર્યા

**અમદાવાદ**

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનને ગુજરાતના જ આઈએએસ અધિકારી એ.કે. રાકેશ દ્વારા આપવામાં આવેલી લેખિત ફરિયાદને આધારે આઈએએસ અધિકારી કનકિપતિ રાજેશ સામે પગલાં લેવામાં આવ્યા છે. આઈએએસ એ.કે. રાકેશની ફરિયાદમાં કનકિપતિ રાજેશે શસ્ત્રના લાઈસન્સ ઈશ્યૂ કરી આપવા માટે, સરકારી જમીન ગેરકાયદેસર લાભાર્થીઓને નામે ટ્રાન્સફર કરી આપવા માટે તથા સરકારી જમીન પર દબાણ કરનારાઓને નામે જમીન કરી આપવા માટે તથા વન વિસ્તારની અનામત જમીન વન વિભાગની મંજૂરી વિના જ ભાડે આપી દેવા માટે લાંચ લીધી હતી. ગુજરાતના એડિશનલ ચીફ સેક્રેટરી આઈએએસ એ.કે. રાકેશે ૨૭મી ડિસેમ્બર ૨૦૨૧ના દિનેસ ભારત સરકારને એક ફરિયાદ આપવામાં આવી હતી. કે. રાજેશે ૨૭૧થી વધુ આર્મ્સ લાઈસન્સ ઈશ્યૂ કર્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. તેમાંથી ૩૯ લાઈસન્સ ધારકો અંગે નેગેટીવ રિપોર્ટ હોવા છતાંય તેમને લાઈસન્સ આપી દીધા હતા.

આમ ગુનાઈત પ્રવૃત્તિ કરનારાઓ સાથેની સાઠગાંઠમાં તેમણે ગેરકાયદે કૃત્યો કરીને લાંચ લીધી હતી. આ કૌભાંડમા કરવામાં આવેલા આક્ષેપ મુજબ કે. રાજેશે આર્મ લાઈસન્સ માટે મથુરભાઈ સાકરિયા પાસે રૂા. ૩ લાખ રોકડેથી અને ૪૯,૦૦૦ના બે હપ્તા સુરતના મેસર્સ જિન્સ કોર્નરના સાયેદપુરાની બેન્ક ઓફ બરોડાના એકાઉન્ટમાં લીધા હતા. આ મુદ્દે સીબીઆઈની તપાસના અહેવાલમાં બહાર આવેલી વિગતો જુદી છે. સીબીઆઈની તપાસમાં બહાર આવ્યું છે કે મેસર્સ જિન્સ કોર્નરના રફીક મેમણે મથુરભાઈને ડ્રેસ મટિરિયલના કરેલા વેચાણના બિલ પેટે આ રકમ તેના ખાતામાં જમા કરાવાઈ હતી.

# રાજ્યમાં મધમાખી ઉછેરના 3800 બગીચા, 150 ટન મધનું ઉત્પાદન

**રાજકોટ**

સૌરાષ્ટ્રનાં ગ્રામીણ વિસ્તારોમાં સ્વરોજગારી અર્થે મધમાખી ઉછેરની પ્રવૃતિ આગળ વધી રહી છે. જામનગર ઉપરાંત સુરેન્દ્રનગર, ભાવનગર અને મોરબી હળવદમાં પ્રગતિશીલ ખેડૂતો મધમાખી ઉછેરી મધ ઉત્પાદન ક્ષેત્રે આગળ વધી રહ્યાં છે. સૌરાષ્ટ્ર ગુજરાતમાં મધમાખી ઉછેરની પ્રવૃતિ ૩૮૦૦ થી વધુ બગીચા વાડીમાં ચાલે છે. જ્યાં વર્ષે ૧૫૦ ટન મધનું ઉત્પાદન થતુ હોવાનો અંદાજ છે. ભણી ગણીને નોકરીની રાહ જોવાને બદલે મધમાખી ઉછેર માટે મળતી સરકારી સહાયનો લાભ લઈને સ્વનિર્ભર બનવા ઈચ્છુક અનેક યુવાનો પણ હવે મધઉછેરની નફાકારક પ્રવૃતિનાં વ્યવસાય તરફ વળ્યા છે. મધમાખી ઉછેરની પ્રવૃતિ બાગાયતી પાકોમાં રસ લેતા યુવાનો માટે ઘણી રોમાંચક છે. રાજ્યમાં જંગલ વિસ્તાર અને કૃષિ વિસ્તાર બન્ને મળીને આશરે ૧૫૦ ટન મધનું ઉત્પાદન થતાં હોવાનો અંદાજ છે.


# ચોમાસું વહેલું નહીં આવે તો રાજ્યમાં જળસંકટ નિશ્ચિત

## ઉત્તર ગુજરાત, કચ્છમાં 16 ટકાથી પણ ઓછો જળસંગ્રહ : સરદાર સરોવરનું જળસ્તર ઘટીને હવે 51%

**અમદાવાદ**

ચોમાસા અગાઉ ગુજરાતને માથે જળસંકટ ઘેરાયું છે. ગુજરાતના જળાશયોમાં હાલમાં માત્ર ૪૪.૯૧% જળસ્તર છે. જેમાં ઉત્તર ગુજરાતમાં માત્ર ૧૩.૧૯% જ્યારે કચ્છમાં માત્ર ૧૫.૩૬% જ જળસ્તર રહ્યું છે. આમ, ઘટતા જળસ્તરથી ચિંતાના વાદળો ઘેરાયા છે.

ગુજરાતના જળાશયોમાં પાંચમી એપ્રિલ સુધીમાં ૫૨.૯૩% જળસંગ્રહ હતો. જેમાં દોઢ મહિનામાં ૭ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. પાંચ એપ્રિલની જ સ્થિતિએ ઉત્તર ગુજરાતના ૧૬ જળાશયોમાં ૧૬.૧૬%, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૪૯.૬૮%, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૬૮.૦૩%,



સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૬.૩૯% જ્યારે કચ્છના ૨૦ જળાશયોમાં ૨૩.૨૨% જળસંગ્રહ હતો. જેની સરખામણીએ હાલ ઉત્તર ગુજરાતમાં ૧૩.૧૯ ટકા, મધ્ય ગુજરાતમાં ૩૮.૯૫ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૫૨.૦૬ ટકા, કચ્છમાં ૧૫.૩૬ ટકા અને સૌરાષ્ટ્રમાં ૩૦.૦૩ ટકા જળ સંગ્રહ છે. આમ, ચોમાસું મોડું બેસે તેવી સ્થિતિમાં ગુજરાતમાં જળસંકટ વધુ ઘેરું બની શકે છે.

ગુજરાતના પાંચ જળાશયો હાલમાં એવા છે જ્યાં જળસંગ્રહ ૨૦ ટકાથી પણ ઓછો છે. જેમાં સિપુ, હાથમતિ, બ્રહ્માણી, દાંતિવાડા, ઉંડ-૧ અને વાત્રકનો સમાવેશ થાય છે. બનાસકાંઠાના સિપુમાં માત્ર ૦.૪૪%નો જળસંગ્રહ રહ્યો છે. ગુજરાતના અન્ય મોટા ડેમમાંથી શેત્રુંજીમાં ૩૨.૬૨%, ધરોઈમાં ૧૭.૮૫ ટકા, મચ્છુ-૧માં ૨૩.૩૯ ટકા, મચ્છુ-૨માં ૫૫.૯૫ ટકા, કરજણમાં ૬૦.૯૬ ટકા, ભાદરમાં ૪૧.૯૩ ટકા, દમણગંગામાં ૪૨.૩૧ ટકા અને ઉકાઈમાં ૫૨.૬૯ ટકા જળસંગ્રહ છે.

# સોલંકીને મેન્ટલ ચેક-અપ કરાવવાની જરૂર, અન્ય ધર્મ વિશે ટિપ્પણી કરી બતાવો : પાટીલ

## કોંગ્રેસ નેતા ભરતસિંહ સોલંકી જાહેરસભામાં નિવેદન બાદ ભેરવાઈ પડ્યા

**અમદાવાદ**



સોમવારે પક્ષના એક કાર્યક્રમમાં જાહેરમાં ભરતસિંહ સોલંકીએ કહ્યુ હતું કે,: ભાજપે રામના નામે છેતરી કાઢ્યા, રામ મંદિરની ઈંટો પર કૂતરાઓ પેશાબ કરતા હતા." આ નિવેદનને લઈને છેલ્લા 24 કલાકમાં વિધાનસભાની ચૂંટણીના દ્વારે પહોંચેલ ગુજરાતના રાજકરણમાં ગરમાવો વધ્યો છે. ભાજપને પણ આ મુદ્દે રાજકીય ફાયદો ઉઠાવવાનો મોકો નથી છોડ્યો. ભાજપ પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે ભરતસિંહને આ મુદ્દે આજે જવાબ આપ્યો છે. વડોદરામાં આયોજિત એક કાર્યક્રમમાં જાહેરમાં સીઆર પાટીલે કહ્યુ કે, ભરતસિંહ સોલંકી હિન્દુઓની લાગણી વારંવાર કેમ દુભાવે છે ? તેમનું મેન્ટલ હોસ્પિટલમાં લઈ જઈ ચેક અપ કરવું જોઈએ. ભરતસિંહ સોલંકીની તાકાત હોય તો અન્ય ધર્મ લોકોની સામે બોલી બતાવેને....." કહી ચાબખા માર્યા હતા.

આ સિવાય સીઆર પાટીલે ખુલ્લી ચેલેન્જ આપતા ભરતસિંહ સોંલકીને કહ્યું કે, અન્ય ધર્મના લોકો જે એમના આજુબાજુ ફરતા રહે છે એમના વિશે બોલો કે, કૂતરા એમના ધર્મ સ્થાન પર પેશાબ કરે છે તો હું તેમને મર્દ સમજુ... હું ભરતસિંહ સોલંકીને વોર્નિંગ આપુ છું, શાનમાં સમજી જાય, હિન્દુ લોકોની લાગણી દુભાવવાનો બંધ કરો, નહિ તો હિન્દુ લોકો નહિ છોડે.

# બોર્ડ પરીક્ષામાં ૧૫૦૦ વિદ્યાર્થી CCTVમાં કોપી કરતાં ઝડપાયા

**અમદાવાદ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-એપ્રિલમાં લેવામાં આવેલી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં ૧૫૦૦ જેટલા પરીક્ષાર્થીઓ કોપી કરતાં સીસીટીવી ફૂટેજમાં ઝડપાયા છે. શિક્ષણ બોર્ડ દ્વારા હાથ ધરાયેલા સીસીટીવી ફૂટેજની ચકાસણીમાં આ વિગતો સામે આવી છે. જેમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૪૦૦, ધોરણ-૧૨ સાયન્સમાં પણ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ ફુટેજમાં પકડાયા હતા.

પરીક્ષા પુર્ણ થયા બાદ સીસીટીવી ફુટેજની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ધોરણ-૧૨ સાયન્સના ફુટેજની ચકાસણીમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ કોપી કરતા પકડાયા હતા. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૫૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓઓ કોપી કરતા પકડાયા હોવાની વિગતો સામે આવી છે. ઉપરાંત ધોરણ-૧૦માં પણ ૮૧૩ જેટલા વિદ્યાર્થીઓ અત્યાર સુધી ફુટેજની ચકાસણીમાં પકડાઈ ચુક્યા છે. જોકે, હજુ ધોરણ-૧૦માં ૩ જિલ્લાના ફુટેજના રિઝલ્ટ આવવાના બાકી હોવાથી આંકડો ૯૦૦ ઉપર પહોંચશે.

ધોરણ-૧૦માં ૯૦૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૫૦૦ અને ધોરણ-૧૨ સાયન્સના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ મળી આ વખતે દોઢ હજાર જેટલા વિદ્યાર્થીઓ કોપી કરતા પકડાયા છે.

# ગુજરાતમાં એક દિવસમાં ૬.૧૦ લાખ નાગરિકોને કોરોનાની વેક્સિન અપાઈ

**અમદાવાદ**

ગુજરાતમાં સોમવારે એક દિવસમાં ૬.૧૦ લાખને કોરોના વેક્સિન આપવામાં આવી હતી. આ સાથે જ કુલ વેક્સિનેશન ડોઝ હવે ૧૦.૯૪ કરોડ થયું છે.

છેલ્લા ૨૪ કલાકમાં વડોદરામાંથી સૌથી વધુ ૯, અમદાવાદમાંથી પાંચ અને વલસાડમાંથી ૧ નવો કેસ સામે આવ્યો હતો. રાજ્યમાં હાલ ૧૮૮ એક્ટિવ કેસ છે જ્યારે ૩ દર્દીઓ વેન્ટિલેટર પર છે. અત્યારસુધી કુલ ૧૨, ૧૩,૭૭૬ લોકો કોરોનાને હરાવી ચૂક્યા છે અને સાજા થવાનો દર ૯૯.૦૯% છે. રવિવારે કુલ ૬,૧૦,૦૫૬ને કોરોના વેક્સિન આપવામાં આવી હતી.

# ગરમી ઘટતાં વીજળીની ડિમાન્ડમાં ૩૫૦૦ મેગાવોટનો ઘટાડો નોંધાયો

**અમદાવાદ**

ગરમી વધી જતાં ૮મી મેએ વીજળીની ડિમાન્ડ વધીને ૨૧૫૩૫ મેગાવોટની થઈ હતી તે ૩૫૦૦ મેગાવોટ ઘટીને ૧૮૦૦૦ મેગાવોટ થઈ ગઈ હોવા છતાંય ગુજરાત ઉર્જા વિકાસ નિગમે પાવર કટ ચાલુ રાખ્યો છે. વીજળીની ડિમાન્ડ ઘટી હોવા છતાંય રેસિડેન્શિયલ વીજવપરાશકારોને પણ પાવર કટનો સામનો કરવો પડી રહ્યો છે. ગુજરાતમાં હજીય ૬.૫ ટકા પાવર કટનો અમલ ચાલુ જ છે. તેમજ ઔદ્યોગિક વીજવપરાશકરોને માથે ૫ ટકાનો વીજ કાપ પણ ચાલુ જ રાખવામાં આવ્યો છે. આ પાવર કટ ચાલુ રાખીને ખેડૂતોને આઠ કલાક સુધી થ્રી ફેઝ પર વીજ પુરવઠો આપવામાં આવી રહ્યો છે.

કેન્દ્ર સરકારના ઉર્જા ખાતા તરફથી સિક્કાનો ૫૦૦ મેગાવોટનો પાવર પ્લાન્ટ ચાલુકરી દેવાની સૂચના આપવામાં આવી હોવા છતાંય ગુજરાત સરકારની વીજ કંપનીમાં વીજ ઉત્પાદન હજી સુધી ચાલુ કરવામાં આવ્યું નથી.

બીજીતરફ બે દિવસથી ગરમી ઓછી થતાં અને પવનની ઝડપ વધતા વિન્ડ પાવરનું ઉત્પાદન ૪૫૦૦ મેગાવોટથી વધી ગયું છે.

# સાસુએ કરેલી ઝપાઝપીમાં વહુને વાગ્યું ચપ્પુ: પતિએ કરાવી પોલીસ ફરિયાદ

**અમદાવાદ**

વેજલપુર ફતેવાડીમાં પતિ,સસરા અને બે સાસુ સાથે રહેતી 29 વર્ષીય પરિણીતાએ પોતાની 38 વર્ષીય સાવકી સાસુ વિરુધ્ધ કરેલી ફરિયાદ મુજબ શનિવારે તેણી પોતાના રૂમમાં સૂતી હતી. તે સમયે ત્યાં આવેલા સાવકી સાસુએ મે તને વાસણ ધોવાનું કહ્યું પણ તે સાફ ના કર્યા તેમ કહી અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું. ફરિયાદીએ અપશબ્દો બોલવાની ના પાડતા સાસુએ ઝપાઝપી કરી હતી. જેમાં સાસુના હાથમાં રહેલું ચપ્પુ મહિલાને વાગતા ઈજાઓ થઈ હતી. પરિણીતાએ પોતે બીમાર હોવાથી પછી વાસણ સાફ કરશે તેમ જણાવ્યું છતાં સાસુએ તકરાર કરી ઝપાઝપી કરી હતી.

# અમદાવાદ શહેરમાં પાણીજન્ય રોગચાળો ઝાડા-ઉલટીનાં ૫૫૦ કેસ,હિટ સ્ટ્રોકના ૪૪

**અમદાવાદ**

અમદાવાદ શહેરના તાપમાનમાં વધારો થતાં મે મહિનાના ૨૧ દિવસમાં પાણીજન્ય એવા ઝાડા ઉલટીના ૫૫૦ કેસ નોંધાવા પામ્યાછે. વિરાટનગર,મણિનગર,ઓઢવ સહિતના પાણીજન્ય રોગના કેસમાં વધારો થયો છે.મે મહિનામાં લેવામાં આવેલા પાણીના સેમ્પલ પૈકી ૨૫૯ સેમ્પલ અનફીટ જાહેર કરાયા છે. હીટ સ્ટ્રોકના કુલ ૪૪ કેસ નોંધાયા હતો. ૪૦ અમદાવાદના જયારે ચાર શહેર બહારના હતા.હિટ સ્ટ્રોકના દર્દીઓને એલ.જી.તથા શારદાબહેન હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. છેલ્લા થોડા સમયમાં મહત્તમ તાપમાનમાં વધારો થવા ઉપરાંત શહેરના અનેક વિસ્તારોમાં પ્રદૂષિત પાણીની ફરિયાદો વધતા હેલ્થ વિભાગ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમ્યાન શહેરના પૂર્વમાં આવેલા વટવા,ઈસનપુર અને લાંભા સહિતના વિસ્તારો ઉપરાંત કોટ વિસ્તારના વિસ્તારોમાં પણ પ્રદૂષિત પાણીની ફરિયાદોના પગલે પાણીના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ૨૧ મે સુધીમાં શહેરમાં પાણીજન્ય એવા ઝાડા ઉલટીનાં ૫૫૦ કેસ નોંધાયા હતા. કમળાના ૧૧૦ કેસ જયારે ટાઈફોઈડના ૧૭૭ કેસ નોંધાયા હતા.

# અમદાવાદમાં પ્રથમવાર જમ્બો કાર્ગો એરક્રાફ્ટ

**અમદાવાદ**

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ ખાતે દિવસ દરમિયાન ૧૫૦થી વધુ એરક્રાફ્ટની અવર-જવર નોંધાતી હોય છે. પરંતુ શનિવારે જે એરક્રાફ્ટનું આગમન થયું તેણે ભારે આકર્ષણ થયું હતું. આ કોઈ સામાન્ય એરક્રાફ્ટ નહીં પણ જમ્બો કાર્ગો વિમાન હતું. અમદાવાદ એરપોર્ટમાં જમ્બો કાગો વિમાન આવ્યું હોય તેવું સૌપ્રથમવાર બન્યું હતું. આ એરક્રાફ્ટ બપોરે ૨:૦૫ કલાકે અબુધાબીના આવ્યું હતું અને ઈંધણ પૂરાવ્યા બાદ કોલકાતા જવા માટે રવાના થયું હતું. આ એરબસ બેલુગાની ક્ષમતા ૫૦૫૦૦ કિગ્રા હોય છે.

# હાર્દિક ઉપર 32 કેસોનું દબાણ હોવાથી રાજીનામું આપ્યું છે : જિજ્ઞેશ મેવાણી

**અમદાવાદ**



કોંગ્રેસે હાર્દિક પટેલને ઘણું આપ્યું છે. હાર્દિક સીધા જ રાષ્ટ્રીય નેતૃત્વના સંપર્કમાં રહેતા હતાં. હજારો કાર્યકરોએ પ્રેમ આપ્યો ત્યારે હવે હાર્દિક પટેલ કોંગ્રેસને ગાળો બોલે છે તેમ કહી ધારાસભ્ય જીગ્નેશ મેવાણી હાર્દિક પટેલ પર આકરા પ્રહારો કર્યા હતા. મેવાણીએ હાર્દિક પટેલે કોંગ્રેસ છોડવા ના કારણને લઈને કહ્યું કે, હાર્દિક પટેલ પર 32 કેસ છે એટલે રાજકીય દબાણ હોઈ શકે જેના લીધે તેમને રાજીનામું આપ્યું છે. મેવાણી એ સ્પષ્ટ જણાવ્યું કે વિચારધારા એ વ નથી કે બદલી નંખાય એ તો રગોમાં હોવી જોઈએ.

કોંગ્રેસના નેતા જિજ્ઞેશ મેવાણીએ પત્રકાર પરિષદમાં એવા સવાલ ઉઠાવ્યા કે, હાર્દિક ગરિમામાં રહીને કોંગ્રેસને છોડવી જોઈતી હતી. તે જે શબ્દો બોલ્યા છે એ યોગ્ય નથી. હું કોંગ્રેસમાં છું. પક્ષમાં વૈચારિક મતભેદ હોઈ શકે છે, પણ એ પક્ષની અંગત વાત છે.

# ખેડામાં ભાઈઓ વચ્ચે ગેમ રમવા બાબતે મનદુઃખ, એકે બીજાને પથ્થર મારી કૂવામાં ફેંકી દીધો

**નડિયાદ**

મૂળ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના દામસાથ ગામના અને હાલ ખેડા પાસેના ગોબલજ ગામની સીમમાં રહેતા જીતમલ ઝીથરા વાલહી દામસાથના 12 વર્ષિય પુત્ર વિઝેશની હત્યા થઈ છે. જીતમલ પોતાના ભાઈ સાથે અહીંયા રહી ગુજરાન ચલાવે છે. વિઝેશ અને તેના કાકાનો 16 વર્ષિય દીકરો બંન્ને ગઈકાલે બુધવારે 22મી મેના રોજ સાંજે પાણીપુરી ખાવાનું કહી ઘરેથી નીકળ્યા હતા. ઘરેથી નીકળેલા આ બંન્ને પિતરાઈ કિશોરો મોડી સાંજ સુધી ઘરે પરત આવ્યા નહોતા. દરમિયાન 16 વર્ષિય કિશોરની ભાળ મળતાં તેણે પોતાના માવતર સામે ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો હતો. જેમાં આ કિશોરે પોતાના પિતરાઈ ભાઈ વિઝેશની હત્યા કરી દીધી હોવાનું જણાવ્યું હતું. આ બંન્ને કિશોરો પાણીપુરી ખાવાનું કહી ઘરેથી નીકળ્યા હતા. દરમિયાન આ બંન્ને કિશોર પૈકી એક જોડે એન્ડ્રોઈડ ફોન હતો. જેમાં આ બંન્ને પિતરાઈ ભાઈ વારાફરતી ફ્રી ફાયર ગેમ રમતા હતા.ગોબલેજ ગામની સીમમાં NGM 116 વેલ નજીક હવળ કૂવા પાસે તેઓ ગેમ રમતા હતા. આ દરમિયાન બે પિતરાઈ ભાઈઓ ગેમ રમવાના વારા અંગે મનદુઃખ થતા કિશોરે પોતાના પિતરાઈ ભાઈ વિઝેશને માથામાં વજનદાર પથ્થર માર્યો હતો. જેના કારણે વિઝેશ ત્યાં સ્થળ પર જ બેભાન થઈ ગયો હતો. પથ્થર મારનારા કિશોરે માની લીધું હતું કે વિઝેશ મૃત્યુ પામ્યો છે. જેથી આસપાસ કોઈ ન હોવાથી તે પણ ગભરાઈ ગયો હતો અને બેભાન પિતરાઈ ભાઈના હાથ તારથી બાંધી પથ્થર સાથે તેને નજીકના કૂવામાં ફેંકી દીધો હતો.

**CHANGE OF NAME**

I, Jogiyat Jainab MohmedFarooq Yusuf daughter of MohmedFarooq Yusuf Jogiyat holder of Indian passport No K6505998, issued at Surat, Gujarat, India on 06/11/2012, Permanent resident of 239, Jogiyat street at post Kharod, Taluka Ankleshwar, Bharuch , India and presently residing at 20 Pretoria road Cambridge ON N1R 5C4 Canada, do hereby change the name from Jogiyat Jainab MohmedFarooq Yusuf to Jogiyat Zainab MohmedFarooq, with immediate effect.

- Jogiyat Zainab MohmedFarooq



**નામ બદલ્યું છે.**

હું, જોગીયાત જૈનબ મોહમદફારૂક યુસુફ તે મોહમદફારૂક યુસુફ જોગીયાતની પુત્રી ભારતીય પાસપોર્ટ નંબર K6505998 ધરાવું છું. આ પાસપોર્ટ મને સુરત, (ગુજરાત, ભારત) પાસપોર્ટ કચેરીથી 06/11/2012ના રોજ જારી કરવામાં આવ્યો હતો. મારુ કાયમી સરનામુ 239, જોગીયાત શેરી, મુ.પો. ખરોદ, તા. અંકલેશ્વર, જિ, ભરુચ. ગુજરાત, ભારત છે. હાલ હું હાલ 20 પ્રિટોરિયા રોડ, કેમ્બ્રિજ, ON N1R 5C4 કેનેડા, ખાતે રહું છુ. મે મારુ જુનુ નામ જોગીયાત જૈનબ મોહમદફારૂક યુસુફને બદલીને નવુ નામ જોગીયાત ઝૈનબ મોહમદફારૂક કર્યુ છે. જેની સંબંધિતોએ નોંધ લેવી.

- જોગીયાત ઝૈનબ મોહમદફારૂક.

# ટેરર ફંડિંગ કેસઃ યાસીન મલિકને આજીવન કેદની સજા

## 10 લાખ રૂપિયાનો દંડ પણ ફટકારાયો, યાસીન મલિકને સજા ફટકાર્યા બાદ ઘાટીમાં તણાવ, ઈન્ટરનેટ સેવા બંધ કરાઈ

**શ્રીનગર**

યાસીન મલિકને ટેરર ફંડિંગ કેસમાં સજાની જાહેરાત કરવામાં આવી છે. દિલ્હીની NIA કોર્ટે યાસીન મલિકને આજીવન કેદની સજા સંભળાવી છે. આ સાથે કોર્ટે 10 લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. NIAએ યાસીન મલિક માટે ફાંસીની સજાની માંગ કરી હતી. જે બાદ ગુરુવારે કોર્ટે યાસીનને ટેરર ફંડિંગ કેસમાં દોષિત ઠેરવ્યો હતો. યાસીન મલિકે સુનાવણી દરમિયાન કબૂલાત કરી હતી કે તે કાશ્મીરમાં આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ હતો.



આ અગાઉ યાસીન મલિકને દિલ્હીની પટિયાલા કોર્ટમાં લાવવામાં આવ્યો હતો. આ કેસમાં કોર્ટમાં ચર્ચા થઈ હતી ત્યારબાદ કોર્ટે ચૂકાદો અનામત રાખ્યો હતો. સજા સંભળાવતા પહેલા પટિયાલા કોર્ટ સંકુલની સુરક્ષા વધારી દેવામાં આવી હતી. CAPF, સ્પેશિયલ સેલના જવાનોને કોર્ટ રૂમની બહાર તૈનાત કરવામાં આવ્યા છે.

જ્યારે બીજી તરફ, સજાની જાહેરાત થતાં જ જમ્મુ-કાશ્મીરમાં બગડતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શ્રીનગરના મૈસુમા અને ડાઉનટાઉન વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. આ અગાઉ શ્રીનગરના મૈસુમા વિસ્તારમાં કાશ્મીરી અલગતાવાદી નેતા યાસીન મલિકના સમર્થકો અને જમ્મુ-કાશ્મીર પોલીસ વચ્ચે મારામારી થઈ હતી. જે બાદ પોલીસે પ્રદર્શનકારીઓને વિખેરવા માટે ટીયર ગેસના સેલ છોડ્યા હતા.

## યાસીન મલિકને સજા બાદ આતંકવાદી હુમલાનો ભય, નવી દિલ્હીમાં હાઈએલર્ટ



યાસીન મલિકને આજીવન કેદની સજા સંભળાવાતા ગુપ્તચર એજન્સીઓએ દિલ્હી-એનસીઆરમાં હાઈએલર્ટ જાહેર કર્યું છે. સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે, મલિકની સજાના વિરોધમાં રાજધાની દિલ્હીમાં મોટો આતંકવાદી હુમલો થઈ શકે છે. દિલ્હી પોલીસને સુરક્ષા એજન્સીઓ તરફથી એલર્ટ કરાયું છે.

# દેહવિક્રય એક વ્યવસાય, અન્યોની જેમ મૂળભૂત અધિકાર મળવા જોઈએ

## વયસ્ક મહિલા જયારે સેક્સ વર્કમાં જોડાયેલી હોય તો તેમની પોલીસ દ્વારા હેરાનગતિ થવી ન જોઈએ : સુપ્રીમ

**નવી દિલ્હી**


દેહ વિક્રય કરતી મહિલાઓ કે સેક્સ વર્કર પણ એક વ્યવસાય કરે છે અને તેમને બંધારણની કલમ ૨૧ અનુસાર અન્ય વ્યક્તિઓની જેમ જ મૂળભૂત અધિકારો મળવા જોઈએ એવું સુપ્રીમ કોર્ટની ત્રણ જજની બનેલી એક ખંડપીઠે ઠેરવ્યું હતું. આ ઉપરાંત, સેક્સ વર્કર અંગે કોર્ટે નીમેલી એક સમિતિની ભલામણ અનુસાર કોર્ટે રાજ્ય અને કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે કે વયસ્ક મહિલા જયારે સેક્સ વર્કમાં જોડાયેલી હોય તો તેમની પોલીસ દ્વારા હેરાનગતી થવી જોઈએ નહી. આવા કેસમાં જો પોલીસ દરોડા પાડે તો મહિલાઓની તસવીર પ્રકાશિત નહી કરવા પણ કોર્ટે મીડિયાને નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું છે કે દરેક સેક્સ વર્કર સાથે પોલીસનું માનભેર વર્તન હોવું જરૂરી છે તેમની સાથે અભદ્ર ભાષા કે શારીરિક ત્રાસ આપવાની પોલીસ ઉપર મનાઈ ફરમાવવામાં આવી છે.

# જ્ઞાનવાપી કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ટ્રાન્સફર કરાયો, આગામી 30 મેથી સુનાવણી શરૂ

**નવી દિલ્હી**

જ્ઞાનવાપી કેસમાં કોર્ટે સમય ગુમાવ્યા વિના આ મામલાની સુનાવણી કરતા આ સમગ્ર કેસને ફાસ્ટ ટ્રેક પર ટ્રાન્સફર કરી દીધો હતો. હવે જ્ઞાનવાપી મસ્જિદનો મામલો ફાસ્ટ ટ્રેક પર જશે, કહેવામાં આવી રહ્યું છે કે આ મામલાની દરરોજ સુનાવણી થશે અને વહેલી તકે ચુકાદો સંભળાવવામાં આવશે. આ મામલે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં 30 મેથી સુનાવણી થશે.

જજ રવિ દિવાકરે મામલો ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ટ્રાન્સફર કર્યો હતો. હવે ન્યાયાધીશ મહેન્દ્ર પાંડે આ મામલે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં સુનાવણી કરશે. જો કે, એવું કહેવામાં આવ્યું છે કે જ્ઞાનવાપી પર દાખલ કરવામાં આવેલી નવી અરજીને જ ટ્રાન્સફર કરવામાં આવી છે. આ મામલે હિંદુ પક્ષના વકીલ શિવમ ગૌરે જણાવ્યું કે, ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ફાઈલ ટ્રાન્સફર કરવામાં આવી



છે. અમે કોર્ટમાં જઈ રહ્યા છીએ અને આ મામલે તાત્કાલિક પૂજાની માંગ કરીશું. આ કેસમાં વાંધો ઉઠાવવાનો કોઈ મુદ્દો નથી. અમે ઈચ્છીએ છીએ કે સુનાવણી આજે થાય અને આવતીકાલથી પૂજાનો આદેશ જારી કરવામાં આવે.

# બારામુલ્લામાં 3 આતંકી ઠાર, શ્રીનગરમાં પોલીસકર્મીને ગોળી ધરબી, પુત્રી ઘાયલ

## બડગામમાં આતંકવાદીઓએ ટીવી મહિલા એક્ટ્રેસની ગોળી મારી હત્યા કરી

**કાશ્મીર**

જમ્મુ-કાશ્મીરના બારામુલ્લામાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. અહીં એક ઓપરેશનમાં સુરક્ષા દળોએ 3 પાકિસ્તાની આતંકવાદીઓને ઠાર કર્યા છે. તે જ સમયે, આ ઓપરેશન દરમિયાન એક સૈનિક શહીદ થયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે આતંકીઓ પાસેથી મોટી સંખ્યામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે. જમ્મુ-કાશ્મીર પોલીસે આ માહિતી આપી છે.

આ ઉપરાંત ગુરુવારે બડગામમાં આતંકવાદીઓએ ટીવી મહિલા એક્ટ્રેસને ગોળી મારી હતી. આ હુમલામાં મહિલાનું મોત થઈ ગયું હતું. આ હુમલામાં તેમનો ભત્રીજો પણ ઘાયલ થયો હતો. માર્યા ગયેલા પાકિસ્તાની આતંકવાદીઓ પણ આવા જ પ્રયાસમાં હતા. સરહદ પારથી મોટી માત્રામાં હથિયારો મોકલવામાં આવી રહ્યા છે, ભૂતકાળમાં આતંકવાદીઓએ અમરનાથ યાત્રાને લઈને પણ ધમકી આપી હતી. એટલા માટે સુરક્ષા દળો સતત સક્રિય છે અને આવી દરેક હિલચાલ પર નજર રાખી રહ્યા છે. બીજી તરફ શ્રીનગરના સૌરા વિસ્તારના અચાર વિસ્તારમાં આતંકવાદીઓના હુમલામાં એક પોલીસકર્મી શહીદ થયો હતો અને તેની 7 વર્ષની એક પુત્રી ઘાયલ થઈ હતી. પહેલા આતંકી હુમલામાં પોલીસકર્મી ખરાબ રીતે ઘાયલ થયો હતો અને તેની 7 વર્ષની પુત્રી પણ ઘાયલ થઈ હતી.

# કાશ્મીરમાં ખીણમાં ગાડી ખાબકી સુરતના 1 સહિત 9 યાત્રીના મોત

**નવી દિલ્હી**

જમ્મુ અને કાશ્મીરના શ્રીનગર ઝોજિલા પાસિંગ પાસે એક ટેક્સી ઊંડી ખીણમાં પડી જતાં સુરતના ટૂર ઓપરેટર સહિત 9 યાત્રીઓના મોત થયા હતા. આ દુર્ઘટના બુધવારે મોડી રાત્રે થઈ હતી જ્યારે એક ટેક્સી શ્રીનગર-લેહ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરથી લપસીને ઊંડી ખીણમાં પડી હતી. દુનિયાના સૌથી ઊંચા રોડ પૈકી એક ઝોજિલા પાસ લગભગ 3,400 મીટરની ઉંચાઈ પર છે. આ ટેક્સી કારગિલથી શ્રીનગર જઈ રહી હતી. અકસ્માતની જાણ થતાં જ પોલીસ, સેનાના જવાનો અને સ્થાનિક નાગરિકોએ અકસ્માતનો ભોગ બનેલા લોકોની શોધ આદરી હતી. થોડા દિવસ પહેલા પણ શ્રીનગર-લેહ નેશનલ હાઈવે પર ઝોજિલા પાસ પાસે આવી જ એક ઘટના બની હતી. જ્યારે બુધવારની ઘટનામાં ઝોજિલા પાસ પાસે અચાનક ડ્રાઈવરે વાહન પરનો કાબુ ગુમાવી દીધો હતો અને આ રીતે વાહન રોડ પરથી લપસીને ઉંડી ખીણમાં ખાબક્યું હતું.

આ અકસ્માતમાં સુરતના પાલ વિસ્તારના સીમંધ હાઈટ્સમાં રહેતાં અંકિતભાઈ દિલીપભાઈ સંઘવીનું ગંભીર ઈજાને કારણે મૃત્યુ થયું હતું.

# લાંચના આરોપ બદલ ઈડીએ કાર્તિ ચિદમ્બરમ સામે મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો

**નવી દિલ્હી**

ઈડીએ ૨૦૧૧માં ચીનના ૨૬૩ નાગરિકોને વિઝા જારી કરવા સાથે સંબધિત કથિત કૌભાંડમાં કોંગ્રેસ સાંસદ કાર્તિ ચિદમ્બરમ અને અન્ય વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. આ કૌભાંડ એ સમયે થયું હતું જ્યારે કાર્તિના પિતા પી. ચિદમ્બરમ દેશના ગૃહ પ્રધાન હતાં. સૂત્રોના જણાવ્યા અનુસાર ઈડીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) ની ક્રિમિનલ જોગવાઈ હેઠળ આ કેસ દાખલ કર્યો છે. સીબીઆઈએ દાખલ કરેલી એફઆઈઆરને આધારે ઈડીએ આ કેસ દાખલ કર્યો છે.

## કિંમતમાં સ્થિરતા જાળવવા માટે સરકારનો મોટો નિર્ણય

# ઘઉં બાદ હવે ખાંડની નિકાસ પર પણ પ્રતિબંધ, લેવી પડશે મંજૂરી

**નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે ખાંડની નિકાસની મર્યાદા નક્કી કરવાની સાથે જ તેની સામે પ્રતિબંધ લાદી દીધો છે. વિદેશ વેપાર મહાનિર્દેશાલય (DGFT)એ આ અંગે 24 મેની રાત્રે જાહેરનામું બહાર પાડયું હતું. આદેશ અનુસાર, એક જૂન, 2022થી 31 ઓક્ટોબર, 2022 સુધી, અથવા આગામી આદેશ સુધી, જે પણ પહેલાં હોય, ખાંડની નિકાસની મંજૂરી ખાદ્ય મંત્રાલય હસ્તકના ખાંડ નિર્દેશાલયની વિશેષ મંજૂરી સાથે જ અપાશે. સરકારે બુધવારે જણાવ્યું હતું કે ઘરેલુ સ્તરે ખાંડની ઉપલબ્ધતા અને કિંમતમાં સ્થિરતા જાળવી રાખવા માટે તેણે વર્તમાન માર્કેટિંગ વર્ષમાં ખાંડની નિકાસને એક કરોડ ટન સુધી મર્યાદિત કરવા માટે જાહેરનામું બહાર પાડયું છે. સતત વધતી મોંઘવારી વચ્ચે સરકારની કિંમતો નિયંત્રિત કરવા માટે તકેદારીના પગલાંરૂપે આ પગલું ભર્યંરુ છે. ખાદ્ય મંત્રાલયના અનુસાર આ નિર્ણય ખાંડની રેકોર્ડ નિકાસની પૃષ્ઠભૂમિમાં લેવાયો છે.

# ઓડિશામાં 26થી વધુ બાળકોમાં ટોમેટો ફ્લુની અસર જોવા મળી

**હૈદરાબાદ**

ઓડિશામાં વધું એક વાઈરલ બિમારીએ પગ પેસરો કર્યો છે. ઓડિશાના આરોગ્ય વિભાગ દ્વારા મંગળવારે જણાવવામાં આવ્યું હતું કે રાજ્યાના 26 બાળકોમાં ટોમેટો ફ્લુના લક્ષણો જોવા મળી રહ્યાં છે. અ બિમારીને હાથ-પગ, મોઢું HFMD બિમારી કહેવામાં આવે છે અને તેને ટોમેટો ફ્લુ પણ કહેવાય છે. ટોમેટો ફ્લુ એક ચેપી બિમારી છે, જે આંતરડાના વાયરસના કારણે થાય છે અને સામાન્ય રીતે આ બિમારી બાળકોમાં જ જોવા મળે છે. પુખ્ત વયના વ્યકિતોમાં રોગપ્રતિકારક શક્તિ વધું હોવાથી આ બિમારી ભાગ્યે જ જોવા મળે છે અને મોટાભાગના કિસ્સામાં બાળકોમાં જ જોવા મળે છે.

# કર્ણાટક, હરિયાણા, યુપી, રાજસ્થાનમાં સર્જાયેલા અકસ્માતમાં કુલ 23નાં મોત

## કાંદેલા ગામમાં એક વાહન ટ્રક સાથે અથડાતાં 6 લોકોના મોત, 17 લોકો ઘાયલ

**ચંડીગઢ**

કર્ણાટકના હુબલીમાં હુબલી ધારવાડ બાયપાસ રોડ પાસે પ્રાઈવેટ બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા આઠ લોકોનાં મોત થયા છે અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા છે તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે. આ બસ મહારાષ્ટ્રના કોલ્હાપુરથી બેંગાલુરુ જઈ રહી હતી ત્યારે સામેથી ટ્રક આવતા બંને વચ્ચે વાહનો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર ટ્રેકટરને ઓવરટેક કરવામાં બસના ડ્રાઈવરે અંકુશ ગુમાવતા બસ સામેથી આવી રહેલ ટ્રક સાથે અથડાઈ હતી. ઘટના સ્થળે જ છ લોકોનાં મોત થયા હતાં જ્યારે સારવાર દરમિયાન બે લોકોનાં મોત થયા હતાં. મૃતકોમાં બસ અને ટ્રક બંનેના ડ્રાઈવર મૃત્યુ પામ્યા છે. હરિયાણાના જિંદ જીલ્લાના કાંદેલા ગામમાં એક વાહન ટ્રક સાથે અથડાતા છ લોકોનાં



મોત થય છે અને અન્ય ૧૭ લોકો ઘાયલ થયા છે તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે. તમામ પીડિતો હિસાર જિલ્લાના રહેવાસી છે. અકસ્માત પછી ટ્રકનો ડ્રાઈવર ભાગી ગયો હતો.

# કુતુબ મિનાર રાષ્ટ્રીય સ્મારક છે, કોઈ ધર્મને પૂજા માટે મંજૂરી નહીં

**નવી દિલ્હી**

રાજધાની દિલ્હીમાં આવેલા કુતુબ મિનાર પરિસરમાં 27 હિન્દુ અને જૈન મંદિરોના જિર્ણોધ્ધાર કરવાના મામલામાં થયેલી પિટિશન પર કોર્ટમાં સુનાવણી પૂરી થઈ ગઈ છે. કોર્ટ ૯ જૂને ચુકાદો આપશે. આ પહેલા આર્કિઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાએ સોગંદનામુ કરીને કહ્યુ છે કે, કુતુબ મિનાર એક નિર્જિવ ઈમારત છે અને ત્યાં પૂજા પાઠ કરવા માટે કોઈને કાયદાકીય હક નથી. મામલાની સુનાવણી દરમિયાન પિટિશન કરનારા વ્યક્તિએ કહ્યુ હતુ કે, જો એક વખત કોઈ જગ્યાએ ભગવાનની સ્થાપના થઈ છે તો ત્યાં કાયમ માટે ભગવાન રહેવાના છે. મંદિરને તોડી



પાડવામાં આવ્યા બાદ પણ તેનુ ચરિત્ર બદલાશે નહીં. આજે પણ ત્યાં દેવી દેવતાઓના ચિત્રો જોઈ શકાય છે. અહીંયા પૂજા કરવાનો અધિકાર પણ મળવો જોઈએ. કોર્ટમાં આજે સુનાવણી દરમિયાન આર્કિઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાના વકીલની દલીલો પણ કોર્ટે સાંભળી હતી.

# આંધ્રમાં કોનસીમા જિલ્લાનું નામ આંબેડકર રખાતા ભારે હિંસા, મંત્રીનું ઘર સળગાવાયું

## દસ વાહનોને આગ લગાડાઈ, હિંસામાં 20થી વધુ પોલીસ કર્મીઓ ઘાયલ, ડીએસપી બેભાન, જિલ્લામાં 144 લાગુ



**અમલાપુર**

આંધ્ર પ્રદેશના અમલાપુરમાં કોનસીમા જિલ્લાનું નામ બદલવાથી રાજ્યમાં રાજકારણ ગરમાયું છે. મંગળવારે અમલાપુર ક્લોક ટાવર સેંટરમાં હિંસાની ઘટના સામે આવી હતી. જિલ્લાનું નામ નહીં બદલવાની માગ સાથે લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. અને ૧૦ વાહનોને આગ લગાવી દીધી હતી. પોલીસ પર પથ્થરમારામાં ૨૦ પોલીસકર્મી ઘવાયા હતા.

આંધ્ર પ્રદેશના કોનસીમા જિલ્લાનું નામ બદલીને બીઆર આંબેડકર કરવાનું સરકારે નક્કી કર્યું હતું. જેને પગલે કેટલાક લોકો ભડકી ગયા હતા અને નામ બદલવાના નિર્ણયને પરત લેવાની માગણી સાથે વિરોધ પ્રદર્શન શરૂ કરી દીધા હતા. જેને પગલે સમગ્ર જિલ્લામાં હિંસાની ઘટનાઓ સામે આવી હતી. હિંસાને અટકાવવા માટે જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે.

પોલીસ જ્યારે હિંસાખોરોને રોકી રહી હતી ત્યારે તેમના પર પણ પથ્થરમારો કરી દેવામાં આવ્યો હતો, જેમાં જિલ્લાના ડીએસપી ઘાયલ થઈ ગયા હતા જેથી તેઓ બેભાન થઈ ગયા હતા જ્યારે એક એસપી પણ ઘવાયા હતા. હાલ બન્નેની સારવાર ચાલી રહી છે.

# કર્ણાટકના મેંગલુરુમાં મસ્જિદમાં મંદિરનો ઢાંચો મળ્યો, કલમ 144 લાગૂ કરી દેવાઈ

## વિશેષ પૂજા માટે કેરળથી પુજારીઓને બોલાવાયા, પૂજારીઓ કહેશે તો હિંદુ સંગઠનો દાવો કરશે

**મેંગલુરુ**

કર્ણાટકના મેંગલુરુમાં એક નવો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં મલાલી વિસ્તારમાં જૂની મસ્જિદની નીચે કથિત રીતે હિન્દુ મંદિર જેવી રચના મળી આવી હતી. મસ્જિદ અને મંદિરનો મુદ્દો હવે ગંભીર બની રહ્યો છે અને હિંદુ સંગઠનો મસ્જિદની નજીકના મંદિરમાં વિશેષ પૂજા કરી રહ્યા છે. તેને જોતા વહીવટીતંત્ર દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. પૂજામાં સ્થાનિક લોકોની સાથે મેંગલુરુ દક્ષિણના ધારાસભ્ય ભરત શેટ્ટી પણ પહોંચ્યા હતા.

વિવાદિત મસ્જિદની સાચી સ્થિતિ જાણવા માટે, તંબૂલ પ્રાશન પૂજા શરૂ થઈ ગઈ છે, જે લગભગ 3 વાગ્યા સુધી ચાલશે. આ પૂજા માટે ખાસ પૂજારી ગોપાલ કૃષ્ણ પણકરને બોલાવવામાં આવ્યા છે. વિશ્વ હિંદુ પરિષદ (VHP)નું માનવું છે કે જો એ સ્પષ્ટ થઈ જશે કે આ જગ્યાએ મંદિર હતું અને કયા દેવતાનું મંદિર હતું, તો પછી અમે અમારી કાનૂની લડાઈ આગળ વધારીશું.

આ વિશેષ પૂજા માટે કેરળથી પુજારીઓને પણ ખાસ બોલાવવામાં આવ્યા છે. જો પૂજારીઓ કહે છે કે અહીં મંદિર હતું તો હિન્દુ સંગઠનો કાયદાકીય લડાઈ લડશે અને જમીન પર દાવો કરશે. તાંબુલ પૂજા દ્વારા પરિસ્થિતિ સ્પષ્ટ થયા બાદ અષ્ટ મંગલા પ્રાશન પૂજાનું આયોજન કરી શકાય છે, જે જણાવશે કે આ મસ્જિદનો ઈતિહાસ શું છે? આ મસ્જિદ ક્યારે અસ્તિત્વમાં આવી?

# નેતા નવાબ મલિકનો દાઉદની ડી-કંપની સાથે સંબંધ છે : ઈડી

## ફેબ્રુઆરીમાં ED દ્વારા મલિકની ધરપકડ કરવામાં આવી હતી

**નવી દિલ્હી**

NCPના નેતા નવાબ મલિકની મુશ્કેલીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. EDએ મંગળવારે જણાવ્યું કે, મલિકના અંડરવલર્ડ ડોન દાઉદ ઈબ્રાહીમની ગેંગ સાથે સંબંધ હોવાના મજબૂત પુરાવા મળ્યા છે. તપાસ એજન્સીએ જણાવ્યું કે, NCPના નેતાની વિરૂદ્ધ અનેક પુરાવા એકઠા કરવામાં આવ્યા છે. જેમાં 1993માં મુંબઈમાં શ્રેણીબંધ બલાસ્ટના આરોપી દાઉદના ભાણિયા અલી શાહ પારકરના નિવેદનનો પણ સમાવેશ થાય છે. પારકરે તપાસ એજન્સી સામે ખુલાસો કર્યો હતો કે, તેની માતા હસીના પારકરે 1996માં કુર્લા ખાતે ગોવાવાળા કમ્પાઉન્ડનો કેટલોક ભાગ મલિકને વેચ્યો હતો. પારકરે તેના નિવેદમાં જમીન લે-વેચની અનેક વિગતો આપી છે જે ખૂબ જ મહત્વની છે અને મલિક વિરૂદ્ધ કેસમાં મદદ કરી શકે છે. અગાઉ ED દ્વારા ફેબ્રુઆરીમાં મની લોન્ડરિંગ અને ટેરર ફાઈનાન્સિંગના આરોપમાં મલિકની ધરપકડ કરવામાં આવી હતી. ED એ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની કલમ 50 હેઠળ અલીનું નિવેદન નોંધ્યુ છે.

# ચિત્રા રામકૃષ્ણાને રૂપિયા ૩.૧૨ કરોડ ચુકવવા નોટીસ

**નવી દિલ્હી**

કેપિટલ માર્કેટ રેગ્યુલેટર સેબીએ આજે એનએસઈના પૂર્વ વડા ચિત્રા રામકૃષ્ણાને નોટીસ મોકલીને ૩.૧૨ કરોડ રૂપિયા ચુકવવાનો આદેશ આપ્યો છે. એનએસઈના સીઈઓ તરીકેના કાર્યકાળમાં બેદરકારી અને ગેરરીતિ આચરવા બદલ આ દંડ ફટકારવામાં આવ્યો છે. સેબીએ ચેતવણી આપી છે કે જો ૧૫ દિવસમાં આ રકમ ચૂકવવામાં નહીં આવે તો ધરપકડ અને મિલકતો અને બેંક ખાતા ટાંચમાં લેવામા આવશે. આ અગાઉ સેબી એ ચિત્રા રામકૃષ્ણાને દંડ ફટકાર્યો હતો.

# પંજાબમાં ભ્રષ્ટાચારના આરોપી મંત્રી સિંગલાની હકાલપટ્ટી, ધરપકડ કરાઈ

**અમૃતસર**

પંજાબની ભગવંત માન સરકારે ભ્રષ્ટાચાર સામે મહત્વપૂર્ણ પગલું ભર્યું હતું. આપ સરકારે પોતાના જ કેબિનેટ મંત્રી વિજય સિંગળાને સ્વાસ્થ્ય મંત્રી પદેથી હટાવી દીધા હતા, તેમને પદ પરથી હટાવ્યાના થોડા જ સમય બાદ તેમની પોલીસ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી હતી. ઝિરો ટોલરંસની નીતિના ભાગરુપે આપ સરકારે મોટુ પગલુ ભર્યું હતું. ભ્રષ્ટાચારના આરોપી સિંગળાને મંત્રી પદેથી હટાવવાની જાહેરાત ખુદ મુખ્યમંત્રી ભગવંત માન દ્વારા કરવામાં આવી હતી. હજુ બે મહિના પહેલા જ પંજાબમાં આપની સરકાર બની હતી, સ્વાસ્થ્ય મંત્રી પદે રહીને સિંગળાએ ભ્રષ્ટાચાર કરવાનું શરૂ કરી દીધુ હતું.

**PKના સહયોગી અને G-23 નેતાઓને મળ્યું સ્થાન**

# કોંગ્રેસની મિશન-24 ટાસ્ક ફોર્સમાં પ્રિયંકા ગાંધીની સભ્ય તરીકે એન્ટ્રી

**નવી દિલ્હી**

નેતૃત્વ પરિવર્તનની વધતી માંગ વચ્ચે કોંગ્રેસે પોલિટિકલ અફેર્સ ગ્રુપ અને ટાસ્ક ફોર્સ 2024ની રચના કરી છે. રાહુલ ગાંધીને પોલિટિકલ અફેર્સ ગ્રુપમાં સભ્ય બનાવવામાં આવ્યા છે. ટાસ્ક ફોર્સ 2024માં પ્રિયંકા ગાંધીને સભ્ય તરીકે સામેલ કરાયા છે. આ સાથે જ પ્રશાંત કિશોરના સહયોગી અને G-23 નેતાઓને સ્થાન આપવામાં આવ્યું છે. ભારત જોડો યાત્રામાં દિગ્વિજય સિંહ અને સચિન પાયલટને સ્થાન આપવામાં આવ્યું છે. હકીકતમાં કોંગ્રેસે હાલમાં જ ઉદયપુરમાં 3 દિવસીય ચિંતન શિબિર બોલાવી હતી. આ દરમિયાન સોનિયા ગાંધીએ કોંગ્રેસમાં સંગઠનાત્મક પરિવર્તનની વાત કરી હતી. પોલિટિકલ અફેર્સ ગ્રુપ અને ટાસ્ક ફોર્સની રચના કરવાની પણ જાહેરાત કરી હતી. સોનિયા ગાંધીએ તાત્કાલિક અસરથી ભારત જોડો યાત્રા માટે પોલિટિકલ અફેર્સ ગ્રુપ, ટાસ્ક ફોર્સ અને સેન્ટ્રલ પ્લાનિંગ ગ્રુપની રચના કરવાની જાહેરાત કરી છે.

# કોકાકોલાના બોટલિંગ યુનિટને 15 કરોડ દંડના આદેશ પર સુપ્રીમનો સ્ટે

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે એનજીટીએ કોકાકોલાના બોટલિંગ યુનિટ પર ૧૫ કરોડનો દંડ ફટકારવાના એનજીટીના આદેશ પર સ્ટે મૂકી દીધો છે. ઉત્તર ભારતમાં કોકા-કોલાના બોટલિંગ યુનિટ મૂન બેવરેજિસ પર નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી)એ પર્યાવરણને નુકસાન પહોંચાડવા બદલ ૧૫ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ન્યાયમૂર્તિ એલ નાગેશ્વર રાવ, ન્યાયમૂર્તિ બી આર ગવઈ અને ન્યાયમૂર્તિ એ એસ બોપન્નાની બનેલી ખંડપીઠે મૂન બેવરેજિસની અરજીને પગલે ગાઝિયાબાદના રહેવાસીને નોટિસ ફટકારી છે. ગાઝિયાબાદના આ રહેવાસીની અરજીને પગલે જ એનજીટીએ મૂન બેવરેજિસ પર ૧૫ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

# કનૈયાલાલ મુનશી ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ વાઈસ ચાન્સેલર કેમ બની શક્યા નહીં

ગુજરાત યુનિવર્સિટી ગુજરાત રાજ્યની પ્રતિષ્ઠાપાત્ર યુનિવર્સિટી છે. આ યુનિવર્સિટીના કુલપતિ પદે ઉમાશંકર જોશી, મગનભાઈ દેસાઈ, ઈશ્વરભાઈ પટેલ તથા કે. એસ. શાસ્ત્રી જેવા કેટલાક પ્રતિષ્ઠાપાત્ર મહાનુભાવો કુલપતિપદે રહી ચૂક્યા છે. શિક્ષણ ક્ષેત્ર રાજનીતિથી દૂર હોવું જોઈએ તેમ કહેવાય છે, પરંતુ વાસ્તવમાં તેમ નથી. દરેક રાજકીય પક્ષો પોતાની વિચારધારાને અનુકૂળ પોતાના વફાદાર માણસોની આ પદ પર નિમણૂક કરવાની ઈચ્છા ધરાવે છે. ભૂતકાળમાં જે તે પક્ષે આ કામ કર્યું છે. હવે ભગવાકરણ થઈ રહ્યું છે. ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાની ભલામણ છેક ૧૯૪૦માં મહાત્મા ગાંધી, સરદાર પટેલ, શેઠ અમૃતલાલ હરગોવિંદદાસ તથા આનંદશંકર ધ્રુવ જેવાઓએ કરી હતી, પરંતુ તેની સ્થાપના આઝાદી પછી થઈ હતી.

### ગુજરાત યુનિ.ની સ્થાપના

ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાનો ઈતિહાસ રસપ્રદ છે. આજે ગુજરાત યુનિવર્સિટી વટવૃક્ષ બની છે અને રાજ્યમાં બીજી પણ યુનિવર્સિટીઓ ઊભી થઈ છે. પરંતુ તેની સ્થાપના અને સ્થાપનાની પાછળની રાજનીતિનો ઉલ્લેખ મોરારજી દેસાઈએ તેમની આત્મકથામાં કર્યો છે જે આ પ્રમાણે છે :

પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવા માટે મુંબઈમાં મંત્રીમંડળે ૧૯૪૭માં નક્કી કર્યું હતું અને એક હજારની વસતીવાળા ગામડાથી એની શરૂઆત કરી હતી. ૧થી ૪ ધોરણ માટે આ ફરજિયાત શિક્ષણ બનાવવામાં આવ્યું હતું, કારણ કે એથી વધારાને પહોંચી વળવા માટે રાજ્યની એ વખતે શક્તિ ન હતી. ત્યાં સુધી મુંબઈ રાજ્યમાં એક જ યુનિવર્સિટી હતી. જે મુંબઈ યુનિવર્સિટી તરીકે ઓળખાતી હતી. સ્ત્રીઓને માટે એક શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી (કર્વે) યુનિવર્સિટી હતી, પણ સરકારે એને માન્યતા આપી ન હતી.

અમારું મંત્રીમંડળ બન્યા પછી અમે એને માન્યતા આપી અને એને માટે કાયદો બનાવ્યો. ઉપરાંત મહારાષ્ટ્ર, ગુજરાત અને કર્ણાટક યુનિવર્સિટીઓ સ્થાપવા માટે એક એક સમિતિ પણ નીમવામાં આવી હતી. ગુજરાત યુનિવર્સિટીની સમિતિ એપ્રિલ, ૧૯૪૭માં નિમાઈ હતી. એ સમિતિના પ્રમુખ તરીકે પહેલાં શ્રી એમ. સી. ચાગલાને નક્કી કર્યા હતા, પરંતુ એમણે એમાંથી રાજીનામું આપ્યું એટલે શ્રી ગણેશ વાસુદેવ માવળંકરને એના પ્રમુખ બનાવ્યા હતા. તેઓ તે વખતે વડી ધારાસભાના સ્પીકર-અધ્યક્ષ હતા. એમણે સમિતિને રિપોર્ટ આપ્યો તે પછી ગુજરાતમાં યુનિવર્સિટી સ્થાપવામાં આવી હતી. એ સમયે પૂનામાં પણ યુનિવર્સિટીની સ્થાપના થઈ હતી.

### વાઇસ ચાન્સેલર

ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના કરવાનું નક્કી કર્યું ત્યારે એના પહેલા વાઈસ ચાન્સેલર કોને નીમવા એ સવાલ ઉપસ્થિત થયો હતો. આ પ્રશ્ને કડવાશ પણ પેદા કરી હતી. શ્રી માવળંકરની ઈચ્છા પહેલા વાઈસ ચાન્સેલર થવાની હતી, પરંતુ ગુજરાતમાં ઘણાં ભાઈઓ અને બહેનોનો આ સામે વિરોધ હતો અને તેઓ આ વિશે સરદાર સાહેબને જણાવવાનો મને આગ્રહ કરતા હતા. મેં એ સૌને જણાવ્યું હતું કે, ''હું આ વિશે સરદાર સાહેબને કોઈ આગ્રહ કરવાનો નથી. તમારે તમારી લાગણી એમને જણાવવી હોય તો એમને સીધી જ જણાવો.'' મારા ઉપર સરદાર સાહેબનો એક એવો સંદેશો આવ્યો કે, ''તમારી સંમતિ હોય તો શ્રી કનૈયાલાલ મુનશીનું નામ એ સ્થાન માટે વિચારી શકીએ.'' આ અરસામાં સરદાર સાહેબ મુંબઈ આવ્યા ત્યારે મેં એમની પાસે આ વાત છેડી અને કહ્યું કે, ''તમારી મરજી શ્રી મુનશીને વાઈસ ચાન્સેલર તરીકે નીમવાની હોય તો મારો પોતાનો એમાં કોઈ વાંધો હોઈ શકે નહીં, પરંતુ શ્રી મુનશી વાઈસ ચાન્સેલર થશે તો ઘણાંને કદાચ એ પસંદ નહીં પડે, કારણ કે એમણે ગુજરાતમાં ખાસ કોઈ કામ કર્યું નથી. આ વિરોધ જો થાય તો એને શરમાવવાનું કામ મારા માટે મુશ્કેલીભર્યું બનશે એટલું મારે કહેવું જોઈએ.''

### કોને બનાવવા ?

એટલે સરદાર સાહેબે એ વિશે પોતાનો મત બદલ્યો અને મને પૂછ્યું કે, ''તમે કોનું નામ સૂચવો છો ?'' મેં એમને કહ્યું કે, ''મારી પાસે કોઈની ભલામણ કરવા માટે કોઈ જરૂરી વિગત નથી અને મારે કોઈને માટે ખાસ આગ્રહ કરવાનો પણ નથી એટલે કોઈ એક નામની ભલામણ હું કરી શકતો નથી. પરંતુ કેટલાંક માણસોનાં નામો હું તમારી પાસે મૂકી શકું. તેમાંથી તમને પસંદ પડે તેમને તમે નીમી શકો છો.'' મેં એમને છ નામો આપ્યાં હતાં : શ્રી ગણેશ વાસુદેવ માવળંકર, શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી કે. જી. નાયક, શ્રી એન. એમ. શાહ, શ્રી નાનાભાઈ ભટ્ટ અને શ્રી હરસિદ્ધભાઈ દિવેટિયા.

સરદાર સાહેબે કહ્યું કે, ''શ્રી માવળંકર અને શ્રી કાકાસાહેબ આમાં ન ચાલી શકે. એટલે કે એમના માટે અત્યારે વિચાર ન કરી શકાય.'' મેં એમને ત્યારે કહ્યું કે, ''તમે એમને નીમશો નહીં તો એનો અર્થ એમ થશે કે મેં એમાં વિરોધ કર્યો છે. એમને નીમવા માટે મારો કોઈ વાંધો નથી. બીજાઓનો વિરોધ બીજાઓએ તમને જણાવ્યો છે.'' ત્યારે એમણે એમ કહ્યું કે, ''હું જ એમને કહી દઈશ અને એમને સલાહ આપીશ કે એમણે આ વિશે વિચાર કરવો નહીં.''




**સ્ત્રીઓને માટે એક શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી (કર્વે) યુનિવર્સિટી હતી, પણ સરકારે એને માન્યતા આપી ન હતી. અમારું મંત્રીમંડળ બન્યા પછી અમે એને માન્યતા આપી અને એને માટે કાયદો બનાવ્યો. ઉપરાંત મહારાષ્ટ્ર, ગુજરાત અને કર્ણાટક યુનિવર્સિટીઓ સ્થાપવા માટે એક એક સમિતિ પણ નીમવામાં આવી હતી. ગુજરાત યુનિવર્સિટીની સમિતિ એપ્રિલ, 1947માં નિમાઈ હતી.**

### દિવેટિયાની પસંદગી

ત્યાર પછી બધાં નામોના ગુણદોષનો વિચાર કરતાં એમણે શ્રી દિવેટીયાનું નામ પસંદ કર્યું. આ વિશે શ્રી દિવેટિયાને પૂછવાનું મને સોંપવામાં આવ્યું હતું. શ્રી દિવેટિયા શ્રી મુનશીના ખાસ મિત્ર હતા. એમને પૂછવા માટે મને કહેવામાં આવ્યું. ત્યારે પહેલાં આ માટે મેં શ્રી બાળાસાહેબ ખેરની સંમતિ માગી, કારણ કે બાળાસાહેબ મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી પણ હતા. એટલે આ નિમણૂક એમણે જ કરવાની હતી. એમણે પણ શ્રી દિવેટિયાને પસંદ કર્યા એટલે મેં શ્રી દિવેટિયાને એ અંગે પૂછ્યું અને એમણે એ માટે પોતાની સંમતિ આપી. મેં સરદાર સાહેબને આ સંમતિની જાણ કરી અને એમની સાથે સીધી વાત કરીને નક્કી કરવા પણ કહ્યું, જેથી પાછળથી કોઈ ગેરસમજ થાય નહીં. એ પ્રમાણે સરદારશ્રીએ એમને પૂછી લીધું અને એમણે હા પાડી એટલે એમની નિમણૂક કરવાનું નક્કી થયું.

### માળવંકરનો પત્ર

ત્યાર પછી શ્રી માવળંકરને આ વસ્તુની જાણ થઈ એટલે એમણે આ વિશે પોતાનો વિરોધ દર્શાવતો પત્ર સરદાર સાહેબને લખ્યો. અમદાવાદમાંથી કેટલાક એમના મિત્રોએ પણ સરદાર સાહેબને એ વિશે લખ્યું. મને પહેલાં જે શંકા લાગતી હતી કે શ્રી માવળંકર જો પસંદ નહીં થાય તો એનો દોષ તેઓ મારા પર નાખશે એ શંકા સાચી પડી, કારણ કે એમના નામના વિરોધનો દોષ એમણે મારા પર નાખ્યો હતો. આવા વિરોધથી સરદાર સાહેબ ઉપર કાંઈક અસર થઈ અને શ્રી કનૈયાલાલ (કાનજીભાઈ) દેસાઈ, જેઓ પ્રદેશ સમિતિના પ્રમુખ હતા અને કૉન્સ્ટિટયૂઅન્ટ ઍસેમ્બ્લી-બંધારણ સભાના અને પાર્લમેન્ટના સભ્ય પણ હતા. એમને એમણે ચર્ચા કરતાં કહ્યું કે, ''તમે મોરારજીભાઈને આ વિશે પૂછો અને એ જો હા કહેતા હોય તો એમને શ્રી દિવેટિયાને બદલે શ્રી માવળંકરને નીમવા માટે કહો.'' શ્રી કાનજીભાઈએ આ સંદેશો મને કહ્યો ત્યારે મેં શ્રી કાનજીભાઈને ટેલિફોન પર કહ્યું કે, ''તમે આ ભાર મારા પર શું કરવા નાખો છો ? શ્રી માવળંકરનો વિરોધ તો તમે અને બીજા ભાઈઓએ કર્યો હતો. મેં નહોતો કર્યો અને તમારે સરદાર સાહેબ સાથે એ વિશે ચર્ચા કરી લેવી જોઈએ. તમે એમ ન કર્યું એટલે ખોટી રીતે હું એમાં વગોવાઉ છું.''

### છેવટે જાહેરાત

શ્રી કાનજીભાઈએ એમની આ ગફલત સ્વીકારી અને સરદાર સાહેબ સાથે એમણે પણ ચર્ચા કરીને એમનો પોતાનો અને બીજાઓનો વિરોધ એમને સંભળાવ્યો. એટલે સરદાર સાહેબે એ વાત પડતી મૂકી અને શ્રી દિવેટિયાને વાઈસ ચાન્સેલર તરીકે લેવાનું છેવટે નક્કી કર્યું. સરદાર સાહેબની વાત મને મળી એટલે તુરત જ મેં શ્રી બાળાસાહેબ ખેરને આ વાત જણાવી. શ્રી ખેર એથી કાંઈક મૂંઝાયા પણ ખરા, પરંતુ એમનો મત શ્રી માવળંકરને નીમવાનો ન હતો. એટલે જ શ્રી દિવેટિયાનું નામ પહેલેથી જ નક્કી થયું હતું. મેં એમને કહ્યું કે, ''સરદાર સાહેબની સૂચના હવે આવી ગઈ છે. આમ છતાં તમારે જો શ્રી માવળંકરને નીમવા હોય તો નીમી શકો છો. પરંતુ હું એમાં સંમતિ આપી નહીં શકું, કારણ કે શ્રી દિવેટિયાને સૌના કહેવાથી મેં પૂછ્યું છે અને એમણે જ મને હા પાડી છે. સરદાર સાહેબે પણ એ માટે સંમતિ આપી છે. એવા સંજોગોમાં હું શ્રી દિવેટિયાને એવું ન કહીં શકું કે, તમારે બદલે શ્રી માવળંકરને નીમવાના છે.''

શ્રી બાળાસાહેબ એ વાત સમજ્યા એટલે આખરે એમણે શ્રી દિવેટિયાની નિમણૂક જાહેર કરી. શ્રી માવળંકરના મનમાં આથી મારા વિશે લાંબા વખત સુધી ભારે ગેરસમજૂતી રહી હતી, પરંતુ મેં એમના ખાસ મિત્રને જે હકીકત બની હતી તે જણાવી. છેવટે એમને પણ ખાતરી થઈ હતી કે એમની નિમણૂક ન થઈ એમાં મારો હાથ ન હતો, પરંતુ મેં એમનો વિરોધ કર્યો એવી મારી વગોવણી કેટલાય વખત સુધી ચાલુ રહી હતી. મોરારજી દેસાઈએ આ વાતનો ઉલ્લેખ તેમના જ શબ્દોમાં 'મારું જીવન વૃત્તાંત'માં કર્યો છે.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### આફ્રિકન દેશ કેન્યાનું ફ્લેમિંગોનું સ્વર્ગ : લેક નાકુસ



આ ફ્રિકા એટલે વિશ્વભર માટે જંગલી પ્રાણીઓ જોવા માટેનું સફારીનું સ્થળ. આફ્રિકાના દેશો તેના જંગલો, ઘાસિયા મેદાનો અને પ્રાણી પક્ષીઓની વિવિધતા માટે જાણીતા છે. કેન્યાનું લેક નાકુસ પણ તેની વિશેષતાને કારણે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન પામ્યું છે. આ તળાવ તેમાં આવતા લાખો ફ્લેમિંગો માટે જાણીતું છે. આખા શિયાળા દરમિયાન આ વિસ્તારમાં ફ્લેમિંગો સિવાય કંઈ જ નજરે પડતું નથી. તળાવની આસપાસ મેદાનો કાળા ગેંડા, જીરાફ અને જંગલી ભેંસો પુષ્કળ જોવા મળે છે. હિંસક પ્રાણીઓ ઓછા હોવાથી આ વનસ્પતિ આહારી પ્રાણીઓ મુક્ત રીતે ફરતાં જોવા મળે છે. દર વર્ષે લાખો પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે.

# IPLની ફાઈનલ મેચ નિહાળવા ચાહકોમાં અભૂતપૂર્વ રોમાંચ

## 27મીએ ક્વોલિફાયર-2 29મીએ ફાઇનલના કારણે અમદાવાદ પોલીસે લોખંડી બંદોબસ્ત ગોઠવ્યો

**અમદાવાદ**

અમદાવાદના મોટેરા સ્થિત નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં આઈપીએલની ક્વોલિફાયર અને ફાઈનલ મેચ યોજાનાર હોય આ વિકએન્ડ ક્રિકેટના રસીયાઓ માટે રોમાંચકારી પુરવાર થવાનું છે. જ્યારે પોલીસ માટે એકદમ વ્યસ્ત સપ્તાહ સાબિત થવાનું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ મેચ નિહાળવા હાજર રહેવાના હોય પોલીસ તંત્રમાં દોડધામ વધી ગઈ છે. બીજી તરફ ક્રિકેટના શોખીનોએ ટિકિટ માટે ધસારો કરતા ટિકિટના કાળાબજાર શરૂ થઈ ગયા છે. ક્રિકેટ રસિયાઓ અત્યારે માત્ર ઓનલાઈન ટિકિટો જ ખરીદી શકે છે છતાં રૂ.800થી લઈ રૂ.14,000 સુધીની ટિકિટો વેચાઈ ગઈ છે. ક્વોલિફયર-1માં ગુજરાત ટાઈટન્સે આક્રમક પ્રદર્શન કરી રાજસ્થાનને 7 વિકેટથી હરાવી દીધું છે. આ સાથે જ હવે હાર્દિક પંડયાની ટીમને IPL-2022ની ફઈનલ મેચમાં એન્ટ્રી મળી ગઈ છે. અમદાવાદના મોટેરા સ્થિત નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં 27મીએ ક્વોલિફાયર-2 અને 29 મેના રોજ ફઈનલ મેચ યોજાવવાની છે. આઈપીએલની ફાઈનલ મેચ જોવા માટે ક્રિકેટ શોખીનોમાં જબ્બરજસ્ત રોમાંચ પ્રસરી ગયો છે. કોઈપણ સંજોગોમાં ફાઈનલ મેચ જોવા માટે ક્રિકેટ રસીયાઓએ ટિકિટ ખરીદવા ધસારો કર્યો છે. મેચની ટિકિટનું વેચાણ ઓનલાઈન છે તેમ છતાં પણ ઓનલાઈન ખરીદ કર્યા પછી ઘણા બ્લેકમાં વેચવાનું શરૂ કરતા પોલીસ માટે આ બાબત માથાનો દુઃખાવો બની છે. ક્રિકેટમેચનો સટ્ટો રમતા સટોળિયા સક્રિય થયા છે. પાંચ હજાર જેટલા બુકીઓએ મેચની 50 હજાર જેટલી ટિકિટો લઈને કાળાબજાર કરવાનું ચાલુ કરી દીધુ છે. જેના કારણે રૂ.500ની ટિકિટના રૂ.1,000, રૂ.1,000ની ટિકિટના રૂ.2,000 તેમજ અન્ય મોંઘી ટિકિટોના પણ ડબલ ભાવ વસુલી રહ્યા છે. પોલીસે બુકીઓની ગતિવિધિ, ફાર્મહાઉસ, ચોક્કસ વિસ્તાર, વાહનો, ભાડાના મકાનો પર વોચ રાખવાનું શરૂ કર્યું છે. 5 ડીસીપી, 7 એસીપી, 10 પીઆઈ, 15 પીએસઆઈ સહિત 5,000થી વધુ પોલીસનો સ્ટાફ બંદોબસ્તમાં રહેશે. પાર્કિંગમાં અંધાધૂંધી ના સર્જાય તે માટે ડીસીપી ટ્રાફિકને વિશેષ જવાબદારી સોંપાઈ છે.




### રાજસ્થાનને 7 વિકેટે હરાવી ગુજરાત ટાઈટન્સનો ફાઈનલમાં પ્રવેશ

કોલકાતાઃ મીલરની ૩૮ બોલમાં ત્રણ ચોગ્ગા અને પાંચ છગ્ગા સાથેની અણનમ ૬૮ રનની ઈનિંગ તેમજ તેની અને હાર્દિક પંડયા વચ્ચેની ૬૧ બોલમાં ૧૦૬ રનની અણનમ ભાગીદારીને સહારે ગુજરાતે ટાઈટન્સે રાજસ્થાનને સાત વિકેટથી હરાવીને આઈપીએલની ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. ગુજરાતને જીતવા માટે આખરી ઓવરમાં ૧૬ રનની જરુર હતી, ત્યારે પ્રસિધ ક્રિશ્નાની બોલિંગમાં મીલરે શરૂઆતના ત્રણ બોલ પર ત્રણ સિક્સર ફટકારતાં ટીમને ફાઈનલમાં પ્રવેશ અપાવ્યો હતો. ગુજરાતે ૧૮૯ રનના ટાર્ગેટને ૧૯.૩ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને પાર પાડયો હતો. હાર્દિક પંડયા ૨૭ બોલમાં ૪૦ રને અણનમ રહ્યો હતો. સહાની વિકેટ ૦ પર ગુમાવ્યા બાદ ગિલ અને વેડની જોડીએ ૭૨ રનની ભાગીદારી કરી હતી. જે પછી હાર્દિક અને મીલરે બાજી સંભાળી હતી. અગાઉ બટલરની ૫૬ બોલમાં ૮૯ રનની ઈનિંગને સહારે રાજસ્થાન રોયલ્સે ગુજરાત ટાઈટન્સને ક્વોલિફાયર વનમાં જીતવા માટે ૧૮૯ રનનો પડકાર આપ્યો હતો.

### લખનઉને હરાવી બેંગ્લોરનો ક્વોલિફાયર-ટુમાં પ્રવેશ થયો

રજત પાટિદારની ૧૨ ચોગ્ગા અને સાત છગ્ગા સાથે ૫૪ બોલમાં અણનમ ૧૧૨ રન બાદ હેઝલવૂડની ત્રણ વિકેટની મદદથી બેંગ્લોરે લખનઉને હરાવીને ક્વોલિફાયર-ટુમાં પ્રવેશ મેળવ્યો હતો. હવે તારીખ ૨૭મીને શુક્રવારે બેંગ્લોર અને રાજસ્થાન વચ્ચે ક્વોલિફાયર-ટુ રમાશે. જેમાં વિજેતા બનનારી ટીમ ૨૯મી ને રવિવારે ફાઈનલમાં ગુજરાત ટાઈટન્સ સામે ટકરાશે. બેંગ્લોરે જીતવા માટે આપેલા ૨૦૮ના ટાર્ગેટનો પીછો કરતાં લખનઉને આખરી ઓવરમાં ૨૪ રનની જરુર હતી. આ તબક્કે ડુ પ્લેસીસે હર્ષલ પટેલને બોલ સોંપ્યો હતો. તેના પહેલા બોલ પર લુઈસે ૧ રન લીધો હતો. ચામીરા સ્ટ્રાઈક પર આવ્યો હતો. હર્ષલે વાઈડ બોલ બાદ ડોટ બોલ નાંખ્યો હતો. ત્રીજા બોલે ચામીરાએ સિક્સર ફટકારી હતી. હવે આખરી ૩ બોલમાં લખનઉને ૧૬ રનની જરુર હતી. જોકે ચામીરા ચોથા બોલે ૧ રન લઈ શક્યો હતો. જ્યારે લુઈસ ક્રિઝ પર હતો, ત્યારે હર્ષલ પટેલે સતત બે ડોટ બોલ નાંખતાં બેંગ્લોરને ૧૪ રનથી જીતાડયું હતુ.

## ભારતીય ટીમ ચાર મહિનામાં 20થી વધુ T-20 રમશે

**અમદાવાદઃ ઈન્ડિયન પ્રીમિયર લીગની વર્તમાન સિઝન પૂરી થવાનું કાઉન્ટ ડાઉન શરૂ થઇ ગયું છે. જોકે, આઇપીએલ બાદ પણ ક્રિકેટપ્રેમીઓને લાંબો સમય ખાલીપો નહીં નડે. ભારતીય ક્રિકેટ ટીમ આગામી જૂનથી સપ્ટેમ્બર સુધી ૨૦થી વધુ T - 20, ૬થી વધુ વન-ડે અને ૧ ટેસ્ટ મેચમાં રમશે. આ ઉપરાંત ૧૬ ઓક્ટોબરથી ઓસ્ટ્રેલિયા ખાતે T-20 વર્લ્ડકપનો પ્રારંભ થશે. આઇપીએલ ૨૯ મેના પૂરી થશે અને તેના ૧૦ દિવસ બાદ ભારત અને પ્રવાસી દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચ મેચની ટ્વેન્ટી૨૦ શ્રેણીનો પ્રારંભ થઇ જશે. પ્રથમ ટ્વેન્ટી૨૦ ૯ જૂને દિલ્હીમાં, બીજી T-20 ૧૨ જૂને કટકમાં, ત્રીજી ટ્વેન્ટી૨૦ ૧૪ જૂને વિશાખાપટનમમાં, ચોથી ટ્વેન્ટી૨૦ ૧૭ જૂને રાજકોટમાં અને પાંચમી ટ્વેન્ટી૨૦ ૧૯ જૂને બેંગાલુરુમાં રમાશે. આ શ્રેણી પૂરી થવાના પાંચમાં દિવસથી ભારતના ઈંગ્લેન્ડપ્રવાસનો પ્રારંભ થઇ જશે. ૨૪ થી ૨૭ જૂન ભારતીય ટીમ લિસેસ્ટરશાયર સામે ચાર દિવસીય મેચમાં રમશે.**


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/
Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...
Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels: LIST & SELL with confidence

Major Achievements: Among TOP 75 PRODUCERS IN CANADA AWARD & CENTURION PRODUCER AWARDS 2017-2021

NEW: 31 ROOM MOTEL IN SAULT STE. MARIE
With 3 BR house, main street of downtown, minutes away from all amenities such as shopping malls, schools, college, hospital, airport etc. & Close to USA border.
Asking Price: $1.7M
(about 40% to 45% down payment required)

URGENT LISTINS REQUIRED MOTELS & HOTELS
Small Motels to Franchise Hotels anywhere in Ontario
Qualified Buyers are ready to close in 1 to 2 months

12 TO 45 ROOM MOTEL IN NORTHERN ONTARIO
Asking Price: $900,000 To $5,000,000
(40% to 50% down payment require)


MOTEL OPERATOR / WORKING PARTNER REQUIRED
Good Salary + Partnership (20% to 50%)
Minimum $200,000 investment required

RECENTLY SOLD MOTELS NEAR.....
Blind River, Welland, London, Sarnia, North Nay, Cochrane, Pembroke, Ottawa, Thunder Bay


JOB AVAILABLE: For the Motel located in Northern Ontario
• Housekeeper for room cleaning and general work in the motel, accommodation available for the couple / small family
• Working Partner Willing to invest min $200K, stay & operate/manage the motel offering Partnership + Salary to operate

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100









# ટેક્સાસના ઉવાલ્ડેમાં પ્રાઈમરી શાળામાં અંધાધૂંધ ગોળીબાર

# 18 વર્ષીય બંદુકધારીએ 18 બાળકો સહિત 21ની હત્યા કરી

## પોલીસ કાર્યવાહીમાં બંદુકધારીનું મોત, આરોપીએ ઈન્સ્ટાગ્રામ પર શેર કરી રાઈફલની તસવીર

**હ્યુસ્ટન**

ટેક્સાસના ઉવાલ્ડે ખાતે પ્રાઈમરી શાળામાં બનેલી ગોળીબારની ઘટનામાં મૃતકઆંક વધીને 21 થઈ ગયો છે. મૃતકોમાં 18 બાળકો સહિત અન્ય 3 લોકોનો સમાવેશ થાય છે. 18 વર્ષીય બંદૂકધારીએ મંગળવારે ટેક્સાસ ખાતેની એક પ્રાઈમરી શાળામાં આડેધડ ગોળીબાર કર્યો હતો.

શૂટરની ઓળખ 18 વર્ષીય સલ્વાડોર રામોસ તરીકેની સામે આવી છે. તે સ્થાનિક અમેરિકી નાગરિક છે. એવી આશંકા છે કે, પહેલા તેણે પોતાના દાદીને ગોળી મારી હતી અને ત્યાર બાદ તે રોબ એલિમેન્ટ્રી શાળાએ પહોંચ્યો હતો. તેના પહેલા તેણે પોતાની ગાડી છોડી હતી. તે પોતાના સાથે એક હેન્ડગન અને સંભવતઃ રાઈફલ લઈને આવ્યો હોવાની આશંકા છે. ઘટના સ્થળેથી તેનો મૃતદેહ પણ મળી આવ્યો છે અને રિસ્પોન્ડિંગ ઓફિસરે તેને ગોળી મારી હોવાનું જણાઈ રહ્યું છે.

રાષ્ટ્રપતિ જો બાઈડને આ ઘટના અંગે ક્ષોભ વ્યક્ત કરતા કહ્યું કે, 'આજે કેટલાક અભિભાવકો એવા હશે જેઓ પોતાના બાળકોને ફરી કદી નહીં જોઈ શકે. માતા-પિતાઓ જે કદી પહેલા જેવા નહીં રહે. પોતાના બાળકને ગુમાવવું, પોતાના આત્માના એક હિસ્સાને ગુમાવવા સમાન છે. હું સમગ્ર રાષ્ટ્રને અપીલ કરૂં છું કે, તેઓ એમના માટે પ્રાર્થના કરે, તેમના માટે આ અંધકારભર્યા સમયમાં હિંમત આપવાની પ્રાર્થના કરે.' બાઈડને વ્હાઈટ હાઉસ ખાતે એક સંબોધન દરમિયાન ફરી એક વખત ગન લોબિઈંગ મુદ્દે વિરોધ વ્યક્ત કર્યો છે અને હવે તેના સામે એક્શન લેવાનો સમય આવી ગયો છે તેમ કહ્યું હતું.

### ઘટનાને પગલે કાયદામાં ફેરફાર કરીશું : જો બાઇડેન

ટેક્સાસમાં બપોરે એક સ્કૂલમાં અંધાધૂંધ ગોળીબાર થયો હતો. યુવાલ્ડેમાં રોબ એલિમેન્ટરી સ્કૂલમાં 18 વર્ષના યુવકે ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં 18 વિદ્યાર્થીઓ અને 3 શિક્ષકોના મોત થયા છે. ફાયરિંગમાં 13 બાળકો, શાળાના કર્મચારીઓ અને કેટલાક પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા હતા. રાષ્ટ્રપતિ જો બાઇડેને હુમલા બાદ ત્રણ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે. પોલીસ અધિકારીઓએ હુમલાખોરને માર્યો હોવાનો દાવો કર્યો હતો. તેની ઓળખ વિશે હજુ કંઈ સ્પષ્ટ થયુ નથી.

### એટેક પહેલા હુમલાખોરે પોતાની દાદીની પણ હત્યા કરી

યુએસના ટેક્સાસ રાજ્યમાં એક 18 વર્ષીય બંદૂકધારીએ એક પ્રાથમિક શાળામાં ગોળીબાર કર્યો હતો, જેમાં 18 બાળકો સહિત 21 લોકોના મોત થયા હતા. આ પછી પોલીસ કાર્યવાહીમાં હુમલાખોર માર્યો ગયો. મંગળવારે સવારે લગભગ 11:30 વાગ્યે સેન એન્ટોનિયોથી 134 કિલોમીટર દૂર, ટેક્સાસના ઉવાલ્ડેમાં રોબ એલિમેન્ટરી સ્કૂલમાં ગોળીબારનો અવાજ સંભળાયો હતો. ટેક્સાસના ગવર્નર ગ્રેગ એબોટે જણાવ્યું હતું કે, હુમલાખોરની ઓળખ સાલ્વાડોર રામોસ તરીકે થઈ છે, જે શાળાની નજીકના વિસ્તારનો રહેવાસી છે.

# ગ્લોબલ ટ્રાવેલ ડેવલપમેન્ટ ઈન્ડેક્સમાં ભારત 8 ક્રમ ગગડીને 54મા સ્થાન પર

## ડબલ્યુઈએફ દર બે વર્ષે જાહેર કરે છે ગ્લોબલ ટ્રાવેલ ડેવલપમેન્ટ ઈન્ડેક્સ

**વોશિંગ્ટન**

વૈશ્વિક પ્રવાસ અને ટૂરિઝમ માટે વધારે સારું વાતાવરણ ઊભું કરવા અને સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના મોરચે ભારતની સ્થિતિમાં ઘટાડો થયો છે. આજ કારણ છે કે વર્લ્ડ ઈકોનોમિક ફોરમ તરફથી મંગળવારે બહાર પાડવામાં આવેલા ગ્લોબલ ટ્રાવેલ ડેવલપમેન્ટ ઈન્ડેક્સ, 2021માં ભારત 46મા ક્રમથી આઠ સ્થાન નીચે જઈને 54મા સ્થાન પર પહોંચી ગયું છે. જો કે વૈશ્વિક સ્તર પર ભલે ભારતનો દેખાવ સારો રહ્યો ના હોય પરંતુ દક્ષિણ એશિયાના મોરચે ભારત ટોચના ક્રમ પર છે. અત્રે નોંધનીય છે કે WEF તરફથી દર બે વર્ષે ગ્લોબલ ટ્રાવેલ ડેવલપમેન્ટ ઈન્ડેક્સ જાહેર કરવામાં આવે છે. આ ઈન્ડેક્સમાં વૈશ્વિક પ્રવાસ અને પર્યટનના મામલે ટોચના 117 દેશોમાં ટૂરિઝમને પ્રવાસને વેગ ઉત્તેજન આપવા માટે કરવામાં આવી રહેલાં પ્રયાસો અને જે તે દેશોમાં ઉપલબ્ધ સુવિધાઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે. WEF દ્વારા જાહેર કરવામાં આવેલા લેટેસ્ટ ઈન્ડેક્સમાં જાપાને ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. બીજા ક્રમે અમેરિકા છે તો ત્રીજા સ્થાને સ્પેન અને ચોથા સ્થાને ફ્રાન્સ છે જ્યારે પાંચમો ક્રમ જર્મનીનો છે. તે પછીના છઠ્ઠાથી 10મા ક્રમે સ્વિટ્ઝર્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, બ્રિટન, સિંગાપોર અને ઈટાલી છે. નોંધનીય છે કે 2019માં ભારતનો ક્રમ 46મો હતો પણ આ વર્ષે તે આઠ ક્રમ ગગડીને 54મા સ્થાન પર પહોંચી ગયું છે, જે દેશના અર્થતંત્ર માટે ચિંતાનો વિષય છે. આ ઈન્ડેક્સમાં મધ્ય આફ્રિકન દેશ ચાડનો છે. તેને 117મું સ્થાન મળ્યું છે. બોટમમાં આવતા 10 દેશોની વાત કરીએ તો ચાડની આગળ યમન, સિએરા લિયોન, અંગોલા, કેમરુન, લેસોથો, નાઈજીરિયા, માલાવી અને વેનેઝુએલાનો ક્રમ છે.

# પશ્ચિમી આફ્રિકન દેશ સેનેગલની હોસ્પિટલમાં આગ, 11 શિશુનાં મોત

**તિવાઉને**

પશ્ચિમ આફ્રિકી દેશ સેનેગલ ખાતે એક ભારે મોટી દુર્ઘટના બની છે. તિવાઉને ખાતે એક હોસ્પિટલમાં આગ લાગવાના કારણે ૧૧ નવજાત બાળકોના મોત થયા છે. સેનેગલના રાષ્ટ્રપતિ મૈકી સૈલના હવાલાથી આ જાણકારી સામે આવી છે. રાષ્ટ્રપતિ મૈકી સૈલના હવાલાથી કહેવામાં આવ્યું છે કે, 'મેં તાજેતરમાં એક ખૂબ જ દુખદ અને નિરાશાજનક સમાચાર સાંભળ્યા. તિવાઉને ખાતેની એક સાર્વજનિક હોસ્પિટલના નવજાત બાળકોના વિભાગમાં આગ લાગવાના કારણે ૧૧ નવજાત શિશુઓના મોત થઈ ગયા છે.'

રાષ્ટ્રપતિ સૈલે જણાવ્યું કે, 'આ દુર્ઘટના મોડી રાતે બની હતી. હું માસૂમોની માતાઓ અને તેમના પરિવાર પ્રત્યે મારી પ્રગાઢ સંવેદના વ્યક્ત કરૂં છું.' સેનેગલના રાજનેતા ડીઓપ સીના કહેવા પ્રમાણે આ હોનારત તિવાઉનેના પરિવહન કેન્દ્ર ખાતે મામે અબ્દૌ અજીજ સી દબાખ હોસ્પિટલ ખાતે બની હતી. શોર્ટ સર્કિટના કારણે આ પ્રકારે આગ લાગી હોવાનું જણાઈ રહ્યું છે. પ્રશાસનના કહેવા પ્રમાણે તેઓ આગ લાગવાના કારણો અંગેની તપાસ કરી રહ્યા છે અને આગ કયાંથી લાગી તે જાણવા પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. સેનેગલના ઈતિહાસમાં આ અત્યાર સુધીની સૌથી મોટી આગ હોનારતો પૈકીની એક છે.

# લાંચના આરોપ બદલ ઈડીએ કાર્તિ ચિદમ્બરમ સામે મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો

**નવી દિલ્હી**

ચીનના ૨૬૩ નાગરિકોને વિઝા જારી કરવા સાથે સંબધિત કથિત કૌભાંડમાં કોંગ્રેસ સાંસદ કાર્તિ ચિદમ્બરમ અને અન્ય વિરુદ્ધ ઈડીએ મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. આ કૌભાંડ એ સમયે થયું હતું જ્યારે કાર્તિના પિતા પી. ચિદમ્બરમ દેશના ગૃહ પ્રધાન હતાં. ઈડીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની ક્રિમિનલ જોગવાઈ હેઠળ આ કેસ દાખલ કર્યો છે. સીબીઆઈએ દાખલ કરેલી એફઆઈઆરને આધારે ઈડીએ આ કેસ દાખલ કર્યો છે. વેદાન્તા ગ્રૂપ કંપની તલવાંડી સબો પાવર લિમિટેડના એક અધિકારીએ કાર્તિ ચિદમ્બરમ અને તેમના નજીકના સાથી એસ ભાસ્કર રમનને ૫૦ લાખ રૂપિયાની લાંચ આપી હતી.

# કેનેડાથી યુએસમાં ઘુસનારા છ પાટીદારોને કોર્ટે નિર્દોષ છોડ્યા

**વોશિંગ્ટન**

એપ્રિલ મહિનામાં કેનેડાથી બોટમાં બેસીને અમેરિકાની બોર્ડર ક્રોસ કરનારા છ ગુજરાતીઓને અમેરિકાની કોર્ટે છોડી મૂકયા છે. આ તમામ હાલ જેલમાં બંધ છે, કાયદાકીય કાર્યવાહી પૂરી કર્યા બાદ તેમને ડિપોર્ટ કરવામાં આવશે. ૨૮ એપ્રિલે તેમની બોટ અમેરિકાની હદમાં કાતિલ ઠંડી વચ્ચે નદીમાં ડૂબી રહી હતી તે જ વખતે સ્થાનિક પોલીસની એક ટુકડીએ પહોંચીને તમામ લોકોને ડૂબતા બચાવી લીધા હતા. ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજ ગેરી એલ. ફાવરોએ તમામ છ યુવકોને ટકોર કરી હતી કે તેઓ અમેરિકામાં આવવા માટે ગેરકાયદે રસ્તો કયારેય ના અપનાવે. જજે તેમને એવી સલાહ પણ આપી હતી કે માનવ તસ્કરોને માત્ર પૈસાથી જ લેવાદેવા હોય છે અને તેમના જેવા લોકોના જીવની કોઈ પરવાહ નથી હોતી. છ ગુજરાતીઓને છોડી મૂકતા કોર્ટે એવી ટકોર પણ કરી હતી કે તમારા દેશમાં પાછા જાઓ, અને ત્યાંના લોકોને પણ સમજાવો કે તેઓ ગેરકાયદે રીતે અમેરિકામાં આવવાનો પ્રયાસ ના કરે. જો અમેરિકાનો પ્રવાસ કરવો જ હોય તો હંમેશા કાયદાકીય રસ્તો જ અપનાવવો જોઈએ. છ ગુજરાતીઓ અમેરિકાની પોલીસના હાથે ગેરકાયદે રીતે બોર્ડર ક્રોસ કરી ઘૂસણખોરી કરતા ઝડપાયા હતા.

# ટ્વીટર ખરીદવા એલન મસ્કે જૂની ઓફર સુધારીને રિવાઈઝડ પ્લાન મૂકયો

**વોશિંગ્ટન**

વિશ્વના સૌથી ધનાઢ્ય વ્યક્તિ એલોન મસ્કે વિશ્વના સૌથી મોટા ટેક્નોલોજી સોદામાં ટ્વિટરને ખરીદવાની જાહેરાત કર્યા બાદ ફેક યુઝર્સ અને શરતોના બહાને રકજક શરૂ કરી છે. મસ્કે ગત સપ્તાહે શરત મુકી હતી કે જ્યાં સુધી બોટના સાચા આંકડા નહિ આપવામાં આવે અને ૫% સુધી તેને સીમિત કરવામાં નહિ આવે ત્યાં સુધી સોદો 'હોલ્ડ' પર રહેશે. જોકે આજે મસ્કે કરેલ ૪૪ અબજ ડોલરની જુની ઓફર સુધારી છે. એલોન મસ્કે ટ્વિટર ખરીદવા માટે સિકયોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશનને એક સુધારેલી યોજના સબમિટ કરી છે. આ બિડના જોરે ટ્વિટરનો શેર ગઈકાલના સેશનમાં ૪% ઉચકાયો હતો.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટોક્યોમાં આયોજિત ક્વાડ સમિટમાં સામેલ થયા

# ટોક્યોમાં મિત્રો વચ્ચે હોવું સૌભાગ્યની વાત : મોદી

**ટોક્યો**

પીએમ નરેન્દ્ર મોદી ટોક્યોમાં આયોજિત ક્વાડ સમિટમાં સામેલ થયા હતા. સંબોધનમાં તેમણે જાપાનના પીએમ ફુમિયો કિશિદાને શ્રેષ્ઠ મેજબાની માટે શુભકામનાઓ આપી હતી. સાથે જ કોરોના મહામારી દરમિયાન ભારતમાં સ્વાસ્થ્ય વ્યવસ્થાપન અને દુનિયાના સહયોગને લઈને પણ ચર્ચા કરી હતી. વડાપ્રધાને આ દરમિયાન કહ્યુ કે ટોક્યોમાં મિત્રો વચ્ચે હોવુ સૌભાગ્યની વાત છે. ક્વાડની સંભાવના ખૂબ વ્યાપક થઈ ગઈ છે. થોડા સમયમાં જ ક્વાડે પોતાનુ અલાયદુ સ્થાન મેળવ્યુ છે. ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં ક્વાડ સારુ કામ કરી રહ્યુ છે. ક્વાડ દેશોની વચ્ચે આંતરિક વિશ્વાસ અને દ્રઢ સંકલ્પના લોકતાંત્રિક તાકાતોને નવી ઉર્જા આપી રહ્યો છે સાથે જ એક સ્વતંત્ર, ખુલ્લા અને



સમાવેશી હિંદ-પ્રશાંત ક્ષેત્રની સ્થાપનાને પ્રોત્સાહિત પણ કરી રહ્યો છે. વડાપ્રધાને કહ્યુ કે ક્વાડ હિંદ-પ્રશાંત ક્ષેત્ર માટે એક રચનાત્મક એજન્ડાની સાથે આગળ વધી રહ્યો છે, જે વૈશ્વિક ભલાઈની દિશામાં કામ કરનારી એક તાકાત તરીકે તેની છબીને મજબૂત બનાવશે. શિખર સંમેલનના ઉદ્ઘાટન સત્રમાં આપવામાં આવેલા પોતાના સંબોધનમાં મોદીએ કહ્યુ કે ક્વાડે ઘણા ઓછા સમયમાં વૈશ્વિક સ્તરે એક મહત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

## ભારત US સાથે સંરક્ષણ સાયબર ક્ષેત્રે ગાઢ સંબંધો બનાવશે

ટોક્યોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ જો બાયડન વચ્ચે યોજાયેલી મંત્રણા દરમિયાન ભારતે બહેરિન સ્થિત કમ્બાઇન્ડ મિલિટરી ફોર્સીસ સાથે જોડાવા નિર્ણય લીધો છે. જો બાયડેન ભારત-અમેરિકા સંબંધોને પૃથ્વી ઉપરના સૌથી નિકટવર્તી સંબંધો કહ્યા હતા. આ સાથે આ નેતાઓએ મહત્ત્વની સંરક્ષણ ભાગીદારીને વધુ ઘનિષ્ટ કરવા તથા, આ વર્ષ દરમિયાન જ અંતરિક્ષ સાયબર અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રે સંબંધો ગાઢ કરવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

## ચીન તાઈવાન પર હુમલો કરશે તો અમે જવાબ આપીશું : બાઈડન

અમેરિકાના પ્રમુખ જો બાઈડન જાપાનમાં ક્વાડ દેશોની બેઠકમાં ભાગ લેવા પહોંચ્યા હતા. જાપાનમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં અમેરિકાના પ્રમુખને સવાલ કરાયો હતો કે જો ચીન તાઈવાન ઉપર હુમલો કરશે તો અમેરિકા તાઈવાનનું રક્ષણ કરશે? આ સવાલના જવાબમાં બાઈડને કહ્યું હતું: હા. અમેરિકાની તાઈવાન તરફની નીતિ વર્ષોથી સ્પષ્ટ છે. જો ચીન તાઈવાન ઉપર હુમલો કરશે તો અમેરિકા-જાપાન મળીને ચીનને જવાબ આપશે. અમેરિકા તાઈવાનને એક સ્વાયત રાષ્ટ્ર માને છે અને એમાં કોઈ જ ફરક પડશે નહીં.

# બ્રામ્પ્ટન ખાતે 18 જૂનના રોજ કોન્સ્યુલર કેમ્પ યોજીવા તૈયારી

બ્રામ્પ્ટન : કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયા, ટોરોન્ટો દ્વારા શનિવારે 18 જૂન, 2022ના રોજ બ્રામ્પટનમાં કોન્સ્યુલર કેમ્પનું આયોજન કરાયું છે. જેમાં પાસપોર્ટ, વિઝા, ઓસીઆઈ, પીસીસી, સરેન્ડર સર્ટિફિકેટ, એટેસ્ટેશન, લાઈફ સર્ટિફિકેટ વગેરે સંબંધિત વિવિધ ચર્ચા કરવામાં આવશે.

ગુરુદ્વારા નાનાસ્કર, 64, ટીમ્બરલેન્ડ ડ્રાઈવ, બ્રામ્પ્ટન, ઓન્ટેરિયો ખાતે તા. 18 જૂને 10થી 1.30 દરમિયાન યોજાનારા કેમ્પનો હેતુ લાંબા સમયથી પડતર પ્રશ્નોને ઉકેલવાનો છે. તે સ્થળ પર કોન્સ્યુલર સેવા પૂરી પાડવામાં આવશે નહીં. જો કે, સરેન્ડર સર્ટિફિકેટ અને પ્રમાણપત્ર સેવાઓ માટેની અરજીઓ જો બધી રીતે પૂર્ણ જણાય તો સ્વીકારવામાં આવશે. શરણાગતિ પ્રમાણપત્ર માટેની ફી "BLS ઈન્ટરનેશનલ સર્વિસીસ કેનેડા"ની તરફેણમાં ડેબિટ કાર્ડ/ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવામાં આવશે. પ્રમાણીકરણ સેવાઓ માટેની ફી ફક્ત "કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયા, ટોરોન્ટો" ની તરફેણમાં ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવામાં આવશે. પ્રમાણીકરણ સેવા માટે અરજદારે સેવા કરેલા દસ્તાવેજો પરત કરવા માટે સ્વ-સરનામું પ્રિપેઈડ પરબિડીયું જોડવું આવશ્યક છે.

# મારીયુપોલની એક બિલ્ડિંગના બેસમેંટમાં ખોદકામ વખતે 200 મૃતદેહો મળી આવ્યા

**ખારકીવ**

યુક્રેનના મારીયુપોલ ખાતે 200 મૃતદેહો બિલ્ડિંગના ભોંયરામાં કાટમાળ હટાવતી વખતે મળી આવ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે, મૃતદેહો સડી રહ્યા હતા. તેમની દુર્ગંધ આજુબાજુમાં ફેલાઈ રહી હતી. રશિયાના હુમલામાં યુક્રેનમાં અત્યાર સુધીમાં 21,000 લોકોના મોત થયા છે. યુક્રેન પર રશિયાના હુમલા ત્રણ મહિનાથી ચાલુ છે. રશિયન હુમલાઓએ યુક્રેનના કિવ, મારીયુપોલ, ખાર્કીવ અને સુમી સહિત તમામ શહેરોનો નાશ કર્યો છે. રશિયન હુમલામાં હજારો લોકો માર્યા ગયા છે. હાલત એ છે કે, ઈમારતોના કાટમાળમાંથી સતત મૃતદેહો મળી રહ્યા છે. મારીયુપોલમાં એક એપાર્ટમેન્ટના ભોંયરામાં ખોદકામ કરતા કામદારોને 200 મૃતદેહો મળ્યા.

મારીયુપોલના મેયરના સલાહકાર પેટ્રો એન્ડ્રીશેન્કોએ જણાવ્યું કે, આ મૃતદેહો સડી રહ્યા છે. તેમની દુર્ગંધ પડોશમાં રહેતા લોકોને પણ આવતી હતી. જોકે, તેઓ ક્યારે મળી આવ્યા તે અંગે તેમણે જણાવ્યું ન હતું. પરંતુ મોટી સંખ્યામાં મળેલા મૃતદેહો પરથી અંદાજ લગાવી શકાય છે કે, હુમલો કેટલો ભયાનક હશે. યુક્રેનના ડોનબાસમાં પણ જોરદાર લડાઈ ચાલી રહી છે. રશિયન સેના સતત શહેરને કબજે કરવાનો પ્રયાસ કરી રહી છે. પહેલા રશિયન સેનાએ થર્મલ પાવરથી ઔદ્યોગિક શહેર કબજે કર્યું હતું. હવે રશિયાએ સેવિયર ડોનેત્સ્ક સહિત અન્ય શહેરો પર કબજો મેળવવાનો પ્રયાસ તેજ કર્યો છે. સ્થાનિક ગવર્નરના જણાવ્યા અનુસાર, ડોનેત્સ્ક ક્ષેત્રમાં ડોનબાસમાં રશિયન હુમલામાં 12 લોકો માર્યા ગયા છે.

**।। સ્વામીશ્રીજી ।।**

પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી લેખમાળા - લેખ - 2 (હલચલ + દક્ષિણ દર્શન - પ્રમુખસ્વામીના પગલે...)

# જન સામાન્યનું હિત જ પ્રમુખ સ્વામીનો મુખ્ય ઉદ્દેશ્ય

માંડૂક્ય ઉપનિષદ કહે છે, **सत्यमेव जयते ।** અર્થાત્ - સત્યનો જ જય થાય છે.

મહાભારત કહે છે, **सत्यं हि परमं बलम् ।** અર્થાત્ - સત્ય જ સૌથી મોટું બળ છે.

ગરુડમહાપુરાણ કહે છે, **व्रतानां सत्यमुत्तमम्** । અર્થાત્ - દરેક પ્રકારના વ્રતોમાં સત્ય બોલવું એ શ્રેષ્ઠ વ્રત છે.

સત્ય વિષેની આવી કંઈક કેટલીય વિભાવનાઓ આપણા શાસ્ત્રોએ કરી છે.


આ ધરાતલ ઉપર સમયે સમયે અવતરેલા મહાપુરુષોનાં જીવનમાં મન-કર્મ-વચને પૂર્ણ અર્થમાં સત્યનું અખંડિત સાતત્ય જોવા મળે છે. સચ્ચાઈનું નૂર જેવું તેઓના હૈયામાં હોય છે તેવો જ સચ્ચાઈનો સૂર તેઓની વાણીથી વહે છે.

મનુષ્યના જીવનમાંથી જ્યારે સચ્ચાઈ વિષેના સ્પષ્ટ અને સત્વશીલ વિચારોનું ધોવાણ થાય છે, ત્યારે અસત્યની સાહજીક વર્તણૂંક તેના જીવનનો જાણે પર્યાય બની જાય છે.

એકવાર એક ભાઈ નોકરી શોધવા નીકળ્યા. એક શેઠને ત્યાં અરજ કરી. શેઠે પૂછપરછ આદરી. દારૂ પીવો છો? - ના - ચોરીની ટેવ છે? - ના. ધૂમ્રપાન કરો છો? - ના, કપટ કે બ્હાનાબાજી કરો છો? - ના, બિલકુલ નહીં ! શેઠ અચંબામાં પડી ગયા, એકપણ બૂરી આદત નહીં ! શેઠે વિચારીને પૂછ્યું, તમારામાં એકપણ બૂરી આદત નથી? - પેલા ભાઈ શાંતિથી કહે. એક જ બૂરી આદત છે. મને વાક્યે-વાક્યે જૂઠું બોલવાની ટેવ છે. એ વિના કાંઈ નહીં.

સત્ય વિષે વાંચવું, વિચારવું અને તે વિષે વ્યાખ્યાનો આપવા એ સારી બાબત છે, જ્યારે સત્યને વર્તનમાં-વ્યવહારમાં સહજ બનાવવું તે વધુ ઊંચી અને શ્રેષ્ઠ બાબત છે. એટલે જ કહેવાયું છે કે, કહેણી મીસરી ખાંડ હે, રહેણી તાતા લોહ, કહેણી કહે અને રહેણી રહે એસા વિરલા કોક.

શ્રીમદ્ ભાગવતમાં શ્રીવેદવ્યાસજીએ એકાદશ સ્કંધમાં ભાગવત સંતના ત્રીસ લક્ષણો લખ્યા છે. જેમાનું એક એટલે સચ્ચાઈ. પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં સત્યનિષ્ઠા એ કક્ષાની હતી કે, જેમાં કોઈ બેવડાં ધોરણો ન હતા. તેઓની સચ્ચાઈ સો ટચની હતી.



સત્ય' વિષે ક્યારેય સમાધાન ન કરવું, તે પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજની સહજ લાક્ષણિકતા હતી. ન હોય તેવું ઉપજાવીને છાપ પાડી દેવી, એવો દંભીલો દેખાવ તેઓમાં જોવા ન મળે. કોઈ અંધ પણ તેઓના વ્યક્તિત્વની પારદર્શિતાને જોઈ-જાણી શકે તેવું નિર્દંભપણું એ તેઓની સ્વાભાવિક ઓળખાણ હતી. તેઓ ઘણીવાર કહેતા, મને દંભ પહેલેથી જ ગમે નહીં.

એકવાર તેઓ સમક્ષ એક પુસ્તકનું વાંચન થઈ રહેલું. જેમાં તેઓની જ સમત્વ ભાવનાનો એક પ્રસંગ વંચાયો કે, ઈ.સ.૧૯૯૪માં દિલ્હીમાં ગુજરાત વિહાર ખાતે સંસ્થાનું પ્રથમ મંદિર થયું. તે વખતે ઉત્સવમાં પ્રમુખસ્વામી મહારાજે સુરેન્દ્રનગરના ધનજીભાઈને યાદ કરતા પૂછ્યું, હજી સુધી ધનજી કેમ દેખાયો નથી? તે સમયે કોઈને તેની ભાળ ન્હોતી. ધનજીનું સરનામું શોધાવી તેને બોલાવવા એક કાર્યકર્તાને મોકલ્યા.

આ પ્રસંગ વર્ણવીને અંતે લેખનકર્તાએ પ્રસંગની ગુણગરિમા જણાવતા લખેલું કે, એક તરફ દિલ્હીના મંધાતાઓ પ્રમુખસ્વામી મહારાજના દર્શને આવી રહ્યા હતા તો બીજી તરફ તેઓ એક સમાન્ય વ્યક્તિને પણ સામેથી યાદ કરીને બોલાવી રહ્યા હતા.

આ સાંભળતા જ પ્રમુખસ્વામી મહારાજે સહજ રીતે સ્પષ્ટતા કરી કે, આપણે તો સુરેન્દ્રનગરનું એનું મકાન લેવાનું હતું તેથી બોલાવ્યો હતો.

એક ચિંતકે લખ્યું છે કે, **It's not easy to do the right thing when no one but you alon will know.** - તમારા સિવાય કોઈને જાણ ન થવાની હોય ત્યારે પણ જે સાચું હોય તે જ કરવું તે સહેલું નથી.'

અંતર અત્યંત નિર્મળ અને નિર્દંભ હોય ત્યારે જ આવો ઘટસ્ફોટ થઈ શકે. અન્યથા સામે ચાલીને આવેલી ક્રેડિટની કમાણી કોઈ તરછોડે નહીં. સત્ય કહેવામાં અને સ્વીકારવામાં તેઓએ ક્યારેય નાનપ અનુભવી નથી.

મહાભારતના શાંતિપર્વમાં વ્યાસજી સત્યની એક સર્વોત્તમ અને સર્વશ્રેષ્ઠ વ્યાખ્યા કરતા લખે છે. **'यद्भूतहितम्-अत्यन्तमेतत्सत्यंपरंमतम्।**અર્થાત્ - 'જે પ્રાણીમાત્રનું અત્યંત હિત કરે તે પરમ સત્ય છે.'

પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના આચાર, વિચાર કે ઉચ્ચારમાં ક્યારેય કોઈનુંય અહિત થાય એવા અંશમાત્રનું અસ્તિત્વ કોઈએ નોંધ્યું નથી. તેઓની પ્રાર્થનાનો પ્રધાન સૂર પણ હંમેશા અન્યના હિતનો જ રહેતો.

ઈ.સ.૧૯૯૯માં તેઓ પોતાની વિદેશ ધર્મયાત્રા દરમ્યાન ઈઝરાયેલના જેરુસલેમ પધારેલા. અહીંના પ્રસિદ્ધ અને પવિત્ર મનાતા સ્થાન એવા 'વેઈલિંગ વૉલ' પાસે તેઓ પધાર્યા. આ સ્થાને તેઓએ ભગવાનના પ્રાસાદિક પુષ્પો ચઢાવી પ્રાર્થના કરી કે, 'અહીં જે કોઈ આવે તે સૌનું ભલું થાય.'

પ્રમુખસ્વામી મહારાજની પરહીત ભાવનાને ક્યારેય-ક્યાંય પણ લૂણો લાગ્યો નથી, પછી તે ગેરસમજણથી દોરવાયેલો વિરોધી હોય કે અજ્ઞાનના આવેશમાં ઉતરી આવેલો આતંકવાદી કેમ ન હોય! તેઓના મનમાં કોઈના વિષે લેશ પણ દ્વેષ બંધાયો નથી.

તેઓની હંમેશા એક જીવનભાવના રહેલી કે, 'બીજાના ભલામાં આપણું ભલું. બીજાના હિતમાં આપણું હિત અને બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ.'

આવો, પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજના પગલે આપણે પણ તેઓના જેવી શુદ્ધ સુવર્ણમયી'સચ્ચાઈ'ને આપણા જીવનમાં ચરિતાર્થ કરીએ.

**- સાધુ શ્રીજીકીર્તનદાસ**

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21. Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




**3+1 Bedrooms, 4 bathrooms**
Welcome To 23 Ventris Dr. Beautiful Home In A Desirable Central West Community. Freshly Painted, Newer Kitchen With Quartz Countertop, Island With Breakfast Bar.W/O To Fully Fenced-In Oasis Backyard With 2 Tiered Deck & Beautiful Garden, Perfect To Entertain Guests,. Hardwood Flooring, Potlights(Inside And Outside Of The Home), New Kitchen In The Bsmt, Spacious Bedrooms. Sep.Ent To The Bsmt Thru The Garage To A 1 Bedroom In-Law Suite. Close To Hwy401, Plaza, Walking Distance To P.School.




**4 Bedrooms, 3 Bathrooms**
Beautiful Spacious & Bright 2-Storey Detached Home Located In Quiet Family Friendly Residential Neighbourhood! Crown Moulding, Custom-Cabinet.$$$in Upgrades-Bathrooms, Potlights, New Roof, New Furnace Etc. Balcony Off Bedroom. Upper Level Family Room(Potential For 5th Bedroom).Open Concept Finished Basement. Spacious Kitchen With Walkout To Deck. Min To Golf Courses, Lakes, Trails, Tennis Crt. Elem/High Schools/Bus Route.401 And Go Train, Shops And Hospital




Look No Further, A Beautiful Raised Bungalow, Ready To Move In. Finished Basement With 2 Bedrooms. Centrally Located To All Of Belleville's Local Amenities. Close To Wellness Centre, Mall, Transit, Parks & 401-Home Is Perfect For Those On The Go! Access To The Fenced Backyard And Potential For In-Law Suite With A Separate Walk-Up Basement Entrance.



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions...
- Its that Simple!

Call or DM for further details on this both amazing projects.

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.



# VOTE

**મારખમ મારું ઘર છે.**
મેં ૨૦ વર્ષથી વધુ સમયથી આર્થિક વિકાસના નિયામક તરીકે કામ કર્યું છે અને હજારો નોકરીઓ અને વ્યવસાયોને મારખમમાં લાવવામાં મદદ કરી છે.

Liberal

## ઓન્ટારિયો લિબરલ સરકાર શું કરશે :

- ૪૦૦,૦૦૦ વરિષ્ઠો માટે હોમ કેર પ્રદાન કરશે, જેથી વરિષ્ઠોને તેમના પરિવારો સાથે ઘરે રહેવાની મંજૂરી મળે.
- વૃદ્ધાવસ્થાની સુરક્ષા ડબલ કરાશે.
- ૨ વર્ષ માટે સાર્વજનિક પરિવહન માટે રાઇડ દીઠ $1 ડોલર પ્રદાન કરશે.
- રેસ્ટોરન્ટમાંથી ટેક્સ દૂર કરાશે.
- નાના વ્યવસાયો માટે કોર્પોરેટ ટેક્સ દૂર કરાશે.



“ હું સાન્દ્રાને ૨૦ વર્ષથી ઓળખું છું. સાન્દ્રાએ હજારો વ્યવસાયોને વિકસાવવામાં અને સફળ થવામાં મદદ કરી છે. મારખમના લોકો ભાગ્યશાળી હશે કે તેઓને સાન્દ્રા ટેમ MPP તરીકે મળી
**Frank Scarpitti**
Mayor of Markham.

“ હું મારખમ-થોર્નહિલમાં આગામી MPP તરીકે સાન્દ્રા ટેમ સાથે કામ કરવા આતુર છું.
**Mary Ng**
Member of Parliament.

“ સાન્દ્રા માને છે કે લોકો તેમની જાતિ અથવા ધાર્મિક માન્યતાઓને ધ્યાનમાં લીધા વિના સલામત પડોશમાં રહેવા અને કામ કરવા માટે સક્ષમ હોવા જોઇએ.
**Khalid Usman**
Markham City Councillor

“ “સાન્દ્રાએ મારખમ શહેરમાં રોકાણ અને નોકરીઓ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે”
**Nirmala Armstrong**
Former Markham Regional Councillor.

## Vote

- **Advance Poll :** May 19-22 10 am – 8 pm Aaniin Community Centre 5665 14th Ave
  May 19-28 10 am – 8 pm Milliken Community Centre 7600 Kennedy
- **Election Day :** June 2 9 am – 9 pm

## Sandra TAM
**Liberal Candidate**
Markham-Thornhill

મતદાર યાદી માટે ? : www.elections.on.ca
સાન્દ્રાને જીતાડવા મદદ કરો: 289-806-1788
Sandratam.ca

Authorized by the CFO for the Sandra Tam Campaign